# Sarv-Vedant-Sidhdhant-Saar-Sangrah
# Gujarati
# By
# (Aadi) Shakaracharya

## Simple Gujarati Language

Anil Pravinbhai Shukla
(Inspiration by Mom-Indu)

April-2014

www.sivohm.com

anilshukla1@gmail.com

# સર્વ-વેદાંત-સિદ્ધાંત-સાર-સંગ્રહ

(આદિ) શંકરાચાર્ય રચિત

## સરળ ગુજરાતી ભાષામાં

રજૂઆત--અનિલ પ્રવિણભાઈ શુક્લ
(મા-ઇન્દુ ની પ્રેરણા થી)

એપ્રિલ-૨૦૧૪

www.sivohm.com

anilshukla1@gmail.com

## અનુક્રમણિકા-શ્લોકો


- મંગલાચરણ....................................૧-૪
- · ચાર અનુબંધો-અધિકારી વગેરે.........,,.૫-૧૨
- · ચાર સાધનો –વિવેક,વૈરાગ્ય વગેરે...,,,૧૩-૯૩
- · શમાદિ ષટ-સંપત્તિ...........................૯૪-૨૫૦
- · ગુરૂનું શરણ-ગુરૂનું લક્ષણ ..................૨૫૧-૨૯૮
- · અજ્ઞાન ............................. ............૨૯૯-૩૦૭
- · સમષ્ટિ-અજ્ઞાન-માયા .....................૩૦૮-૩૦૯
- · માયા-યુક્ત ઈશ્વર...........................૩૧૦-૩૧૨
- · કારણ શરીર...................................૩૧૩-૩૧૫
- · વ્યષ્ટિ-અજ્ઞાન-અવિદ્યા....................૩૧૬-૩૨૨
- · ઈશ્વર=પ્રાજ્ઞ....................................૩૨૩-૩૨
- · શુદ્ધ ચૈતન્ય.....................................૩૨૮-૩૩૦
- · ઈશ્વર-સૃષ્ટિ નું કારણ ......................૩૩૧-૩૩
- · લિંગ શરીર.....................................૩૩૯-૩૪૯
- · વિજ્ઞાનમય કોશ..............................૩૫૦-૩૫૪
- · મનોમય કોશ..................................૩૫૫-૩૭૪
- · પાંચ કર્મેન્દ્રિયો-વગેરે ની ઉત્પત્તિ....,,.૩૭૫-૩૮૦
- · પ્રાણમય કોશ..................................૩૮૧-૩૮૪
- · સમષ્ટિ લિંગ શરીર..........................૩૮૫-૩૮૯
- · વ્યષ્ટિ લિંગ શરીર............................૩૯૦-૩૯૫
- · સ્થૂળ પ્રપંચ.....................................૩૯૬-૩૯૭
- · પંચીકરણ અને સ્થૂળ ભૂતો.................૩૯૮-૪૧૦
- · જ્ઞાનેન્દ્રિયો-વગેરે નું કામ-તેના દેવો....૪૧૧-૪૨૧
- · આત્મા નું સ્વરૂપ................................૪૨૨-૪૨૯
- · જગત ની ઉત્પત્તિ નો પ્રકાર...............૪૩૦-૪૩૧
- · ચાર પ્રકાર નાં અન્ન અને પ્રાણીઓ.......૪૩૨-૪૪૨
- · સ્થૂળ શરીર=અન્નમય કોશ.................૪૪૩-૪૫૦
- · વિશ્વ અને વૈશ્વાનર ............................૪૫૧-૪૫૫
- · આત્મા-અનાત્મા નો વિવેક.................૪૫૬-૪૬૨
- · અધ્યાસ પ્રકરણ................................૪૬૩-૪૮૬
- અધ્યાસનું કારણ-અવિદ્યા ની બે શક્તિ....૪૮૭-૫૦૧
- પરમાત્મા ને બંધન કેમ નથી?.............૫૦૨-૫૦૯
- જ્ઞાન થી અજ્ઞાન દૂર થાય છે...................૫૧૦-૫૧૯
- · આત્મા અને અનાત્મા વિષે વિવાદ...........૫૨૦-૬૨૨
- · આત્મા નું લક્ષણ....................................૬૨૩-૬૪૮
- · નિત્યાનંદ –વિષય-સુખ ની અનિચ્છા.........૬૪૯-૬૫૪
- · બિંબ-રૂપ આનંદ =પરમાત્મા...................૬૫૫-૬૭૨
- · સત્-ચિત્-આનંદ=પરમાત્મા....................૬૭૩-૬૭૮
- · વિવર્ત અને અપવાદ..............................૬૭૯-૬૯૯
- · તત્-ત્વમ-પદાર્થ શું છે?.........................૭૦૦-૭૬૧
- · ઉપાધિ નો વિરોધ.................................૭૬૨-૭૬૭
- · બ્રહ્મમાં ત્રણે કાળે ભેદ નથી......................૭૬૮-૭૬૯
- · એક જ અદ્વિતીય બ્રહ્મ..............................૭૭૦-૭૯૪
- · મુખ્ય અને ગૌણ-બે અધિકારી..................૭૯૫-૮૦૬
- · વસ્તુ ના જ્ઞાન માટેની જરૂર.....................૮૦૭-૮૧૦
- · શ્રવણ-મનન-ધ્યાન નું સ્વરૂપ...................૮૧૧-૮૧૮
- · સમાધિ ના બે પ્રકાર...............................૮૧૯-૮૩૪
- · આત્મા માં દૃશ્ય નો લય..........................૮૩૫-૮૪૩
- · .મુક્તિ શું? અને ક્યારે?...........................૮૪૪-૮૪૮
- · ક્લેશો કયા ?..........................................૮૪૯-૮૫૦
- · જ્ઞાન-નિષ્ઠા ની જરૂર................................૮૫૧-૮૭૨
- · નિર્વિકલ્પ સમાધિ-ક્યારે?..........................૮૭૩-૯૨૫
- · શિષ્ય નો સ્વાનુભવ.................................૬૨૬-૯૩૭
- · જ્ઞાન ની સાત ભૂમિકાઓ...........................૯૩૮-૯૬૪
- · જીવન-મુક્ત કોણ?...................................૯૬૫-૯૭૮
- · વિદેહ-મુક્તિ ક્યારે?...............................૯૭૯-૧૦૦૬

**શંકરાચાર્ય રચિત.**
**સર્વ-વેદાંત-સિદ્ધાંત-સાર-સંગ્રહ**

જેમને વંદન કરવાથી,અખંડ એવા આનંદ નું ઉત્તમ જ્ઞાન થાય છે,
તે સચ્ચિદાનંદરૂપ શરીરવાળા શ્રીગોવિંદ ગુરૂ ને હું વંદન કરું છું. (૧)

અખંડ,સત્-ચિત્-આનંદમય,વાણી અને મન ના અવિષય અને સર્વ ના આધાર,
આત્મ-સ્વ-રૂપ નું હું શરણ લઉં છું. (૨)

જેમનું શરણ સજ્જનોને,વિઘ્નો થી થનાર ભય નો નાશ કરે છે,
તે દયાના આધાર,શ્રીગણપતિના ચરણ-કમળ નું હું શરણ લઉં છું. (૩)

વિચારશીલ,મુમુક્ષુઓને, અનાયાસે જ્ઞાન-સિદ્ધિ થાય,
તે માટે **સર્વ-વેદાંત-શાસ્ત્ર ના સિદ્ધાંતનો –સારરૂપ –સંગ્રહ** હું કહું છું. (૪)

આ સાર-સંગ્રહ, એ વેદાંત શાસ્ત્ર ને અનુસરે છે, તેથી,
વેદાંત-શાસ્ત્ર ના મૂળ-રૂપ જે **"ચાર અનુબંધો"** બતાવ્યા છે તે અહીં સહુ પ્રથમ કહેવામાં આવે છે. (૫)

**(૧) અધિકારી-(૨) વિષય-(૩) સંબંધ-(૪) પ્રયોજન** – આ "ચાર અનુબંધો"
હરકોઈ શાસ્ત્ર ના આરંભ નું ફળ છે. (૬)

**(૧) અધિકારી** –જે પુરુષ નીચે દર્શાવેલાં (શ્લોક-૧૪), "ચાર સાધનો"થી (વિવેક-વૈરાગ્ય-શમ-મુમુક્ષતા)
સારી રીતે યુક્ત હોય,વળી યુક્તિઓ કરવા સમર્થ,તથા બુદ્ધિશાળી અને વિદ્વાન હોય,
તેને આ વેદાંત-શાસ્ત્ર નો "અધિકારી" માન્યો છે. (૭)

**(૨) વિષય**-જીવ અને બ્રહ્મ ની એકતા જેને લીધે જણાય છે,
તે-"શુદ્ધ ચૈતન્ય" એ વેદાંત શાસ્ત્ર નો "વિષય" છે. અને
એમાં (શુદ્ધ ચૈતન્યમાં) જ સર્વ વેદાંતો નો સમન્વય જોવામાં આવે છે. (૮)

**(૩) સંબંધ**-"જીવ અને બ્રહ્મ ની એકતા" – એ- અનુભવ થી જાણવા યોગ્ય "પ્રમેય" છે.અને
"શ્રુતિ" (ઉપનિષદો) – એ – એ એકતા ને જણાવનાર "પ્રમાણ" છે.
આ બંનેના (પ્રમેય અને પ્રમાણ ના) "સંબંધ" ને "બોધ્ય-બોધક" એવો "સંબંધ" કહે છે. (૯)

**(૪) પ્રયોજન**- "બ્રહ્મ અને જીવાત્માની એકતાના અનુભવ-જ્ઞાન" ને વેદાંત-શાસ્ત્ર નું "પ્રયોજન" કહે છે.
કે જેના વડે,સંસારનાં સમગ્ર બંધનથી તરત જ છૂટી જવાય છે. (૧૦)

આ પ્રયોજન જ હરકોઈ ઉત્તમ પ્રવૃત્તિ નું કારણ છે,અને તેને જ ફળ પણ કહે છે.
પ્રયોજન વિના મૂર્ખ માણસ પણ કોઈ કામ કરવા તૈયાર થતો નથી. (૧૧)

જે મનુષ્ય બુદ્ધિમાન હોય અને જેનામાં ચાર સાધનોરૂપી (સાધન ચતુષ્ટ્ય) સંપત્તિ હોય,
તેને જ આ વેદાંત શાસ્ત્ર ના જ્ઞાન-રૂપ ફળની સિદ્ધિ થાય છે.પરંતુ,
એ સાધન-સંપત્તિ થોડીક પણ ઓછી હોય (કમી હોય) તો તે ફળ સિદ્ધિ થતી નથી. (૧૨)

આ વેદાંત ના જ્ઞાન માં મહર્ષિઓ ચાર સાધન (સાધન ચતુષ્ટ્ય) કહે છે,એ સાધન હોય તો જ મુક્તિ થાય છે, નહિ તો મુક્તિ થતી નથી તે ચોક્કસ છે. (૧૩)

**(૧) વિવેક**- નિત્ય તથા અનિત્ય વસ્તુનો "વિવેક" એ પહેલું સાધન છે.
**(૨) વૈરાગ્ય**- આ લોક ના તેમજ પરલોક ના વિષય-ભોગ ઉપર "વૈરાગ્ય" –એ બીજું સાધન છે.
**(૩) શમ-વગેરે**--(૧) શમ,(૨) દમ,(૩) તિતિક્ષા,(૪) ઉપરતિ,(૫) શ્રદ્ધા અને (૬) સમાધાન-
આ છ ની સંપત્તિ એ ત્રીજું સાધન છે.
**(૪) મુમુક્ષતા-**મોક્ષ પામવાની તીવ્ર ઈચ્છા-એ ચોથું સાધન છે.
આ ચાર સાધનો ને વેદાંત-શાસ્ત્ર માં અતિશય માન્ય કરેલાં છે. (૧૪-૧૫)

**(૧) વિવેક**-"બ્રહ્મ જ નિત્ય છે,બીજું અનિત્ય છે" એમ સમજવું,એ નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક કહેવાય (૧૬)

જેમ, માટી-વગેરે "કારણ" ત્રણે કાળ માં હોય છે, તેથી તે "નિત્ય" છે,
જયારે તે માટીના "કાર્ય" ઘડો-વગેરે,"અનિત્ય" છે, કારણકે તેનો નાશ જોવામાં આવે છે.
તેમ, આ સર્વ જગત "અનિત્ય" છે, કારણ કે તે "નિત્ય" એવા બ્રહ્મનું "કાર્ય" છે.
જયારે "બ્રહ્મ" એ જગતનું "કારણ" હોવા ને લીધે તે માટી-વગેરે ની પેઠે "નિત્ય" છે. (૧૭-૧૮)

શ્રુતિ પણ "આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું (સર્ગ)" વગેરે વાક્યો વડે,બ્રહ્મથી જગતની ઉત્પાતિ કહે છે,
એ ઉપરથી "જગત" એ "બ્રહ્મ" નું "કાર્ય" છે તેમ પ્રસ્થાપિત થાય છે,
તેથી તે "બ્રહ્મ" ના નિત્ય-પણામાં સંશય નથી (૧૯)

"જે વસ્તુ અવયવ વાળી હોય, તે અનિત્ય હોય" એમ સર્વ પ્રકારે,સર્વ "કાર્ય" અનિત્ય ઠરે છે, તેમ છતાં,
વૈકુંઠ-વગેરે લોક ને નિત્ય માનવા,એ મૂઢ (અજ્ઞાની) બુદ્ધિવાળાઓનો ભ્રમ જ છે. (૨૦)

એ રીતે શ્રુતિઓ તથા યુક્તિઓ ના આધારે અનિત્ય-પણું અને નિત્ય-પણું બરાબર અલગ રીતે સમજવું,
તેણે **"નિત્યાનિત્ય-વિવેક"** કહે છે. (૨૧)

**(૨) વૈરાગ્ય**-આ લોક ના તથા પરલોક ના વિષયો અનિત્ય છે,એવો નિશ્ચય થવાથી,
તેના પર તુચ્છ બુદ્ધિ થાય અને તેમના પરની "સ્પૃહા" (આસક્તિ) નીકળી જાય તેને વૈરાગ્ય કહે છે.(૨૨)

નિત્ય તથા અનિત્ય પદાર્થ ના વિવેકથી પુરુષને તરત જ સ્ત્રી,ચંદન,પુષ્પમાળા વગેરે જેવી
બધી જ અનિત્ય વસ્તુ ઉપર વૈરાગ્ય થાય છે. (૨૩)

ભોગવવાના સર્વ પદાર્થો કાગડાની વિષ્ટા જેવા અસહ્ય છે,એમ સમજાય,એ "તીવ્ર વૈરાગ્ય" કહેવાય.
વળી કોઈ પણ વસ્તુમાં જયારે દોષ દેખાય ત્યારે,તે માટે પુરુષની પ્રવૃત્તિ થતી નથી.(૨૪)

સજ્જનો કહે છે કે-ભોગ્ય પદાર્થો માં દોષો જોવા,એ જ તીવ્ર વૈરાગ્ય નું પ્રથમ કારણ છે.
વેશ્યા ભલે રૂપાળી હોય પણ તેને મોટા રોગ વાળી હોવાનું જાણનાર કયો પુરુષ તેની પાસે જશે? (૨૫)

આ લોકમાં ને પરલોકમાં જે જે પદાર્થો,વસ્તુઓ અને સ્થિતિઓ છે તેના પર વિચાર કરવો જ જોઈએ,
પદાર્થો ના ગુણો નો વિચાર જે પ્રકારે તેમના ગુણો ને સારી રીતે દર્શાવે છે તેજ રીતે,
તેમના દોષો નો વિચાર દોષો ને બતાવે છે. (૨૬)

ગર્ભવાસમાં પોતાની માતા ના પેટમાં મળ-મૂત્ર ની વચ્ચે રહેવું પડે,તે વખતે વિષ્ટા ના કીડા કરડે,તેમજ
ત્યાંના જઠરાગ્નિથી દાહ થાય,તેનો વિચાર કર્યા પછી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૨૭)

જન્મયા પછી બાળપણ માં પોતાનાં વિષ્ઠા-મૂત્રમાં પડી રહેવાનું હોય,ચત્તા સૂઈ રહેવાનું હોય.
અને બીજી પણ અનેક પીડાઓ સહન કરવી પડે છે,અને કશું બોલી કે કહી શકાતું નથી,
આવા બાળપણ નો વિચાર કરી ને કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૨૮)

પછી કુમારાવસ્થા માં પોતાનાં ને પારકાં લોકો માર મારે,
અજ્ઞાનીપણું હોય,અત્યંત ચપળતા હોય,તેમ જ અનાદર અને અપમાન નો અનુભવ થાય,
આવા અનિષ્ટ વર્તન નો વિચાર કરી ને કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૨૯)

પછી યુવાવસ્થા માં મદ ને લીધે ઉદ્ધતાઈ,માન્ય પુરુષો ના તિરસ્કાર,કામાતુર-પણું, વગેરે માં સમય વિતાવવો પડે
અને તે દરમિયાન યુવાન સ્ત્રીઓની દુષ્ટ ચેષ્ટા ઓ સહન કરવી પડે,
એનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૦)

ઘડપણમાં દેખાવ બેડોળ થાય,સર્વ લોકો અપમાન કરે,બધે દીનતા નો અનુભવ થાય,
પોતાની બુદ્ધિમાં ઉણપ થાય-વગેરે વૃદ્ધાવસ્થાની આવી દુર્દશાઓ ને વિચારીને,
કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૧)

આ ઉપરાંત પિત્ત,તાવ,હરસ,ક્ષય,શૂળ,સળેખમ –વગેરે રોગો થી થયેલાં તીવ્ર દુઃખોનો,દુર્ગંધ નો,
અસ્વસ્થ સ્થિતિઓનો અને ઘણી જાતની ચિંતાઓનો વિચાર કરી,કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૨)

પછી પ્રાણ જતી વેળા યમરાજ ના દર્શન,અને તેથી ઉત્પન્ન થતાં ભય,કંપારી,મર્મસ્થાનો માં પીડા અને
શ્વાસ થઇ જવો-વગેરે દેખાતી વેદના નો વિચાર કરી,કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૩)

મર્યા પછી, નરકમાં જતાં,અંગારા જેવી વૈતરણી નદીમાં થઈને જવાનું,અગ્નિ થી તપવાનું,
વિચિ નામના નરકમાં,તલવાર જેવાં પાંદડાંવાળાં-અસિપત્ર વનમાં,યમરાજ ના દૂતો દુઃખ દે છે,
તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૪)

મર્યા પછી જો સ્વર્ગમાં જાય તો પણ,પુણ્યશાળીનાં પુણ્ય ખૂટી જાય,ત્યારે સ્વર્ગ ના દેવો નીચે ધકેલી મૂકે છે,અંગો
ને ઢીલાં કરી નાખે છે,અને તે વેળા નક્ષત્ર-રૂપે સ્વર્ગમાંથી તે ખરી પડે છે,
તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૫)

વાયુ,સૂર્ય,અગ્નિ કે ઇન્દ્ર –વગેરે દેવો છે,અને તેમનાં હૃદય પણ શત્રુ-પક્ષ ના ઉગ્ર ભયથી ગૂંથાયેલાં જ રહે છે ને
દુઃખ ને પામ્યા કરે છે,તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે ? (૩૬)

વેદ કહે છે કે-બ્રહ્માથી માંડી પૃથ્વીના રાજાઓ સુધીનાં સુખો,ઓછાં-વતાં અને કેવળ ઉપાધિ-યુક્ત જ છે.
એટલે તે પણ વાસ્તવિક રીતે તો નથી જ,તો તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૭)

સાલોક્ય,સામીપ્ય,અને સારૂપ્ય –એ મુક્તિ ના ભેદો છે,અને તે બધી અમુક સત્કર્મો થી સિદ્ધ થાય છે,
અને જે કોઈ વસ્તુ સત્કર્મ થી સિદ્ધ થઇ હોય તે નિત્ય હોતી જ નથી.
એવો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૮)

આ લોકમાં જ્યાં ઉત્તમ-અધમ ગતિ છે,ત્યાં તેણે લીધે ઊંચ-નીચ પણું હોય છે,તેમ જ દુઃખ પણ હોય છે જ.
આવો વિચાર કરી,કયો મનુષ્ય વૈરાગ્ય ના પામે? (૩૯)

ઘર વગેરેનાં તુચ્છ સુખ અવશ્ય નાશવંત છે,એમ સમજનારો કયો વિવેકી પુરુષ તેના પર પ્રેમ કરે?
વળી વ્યર્થ મોહ થી મરણ પામતાં પ્રાણોને નિત્ય જે (પોતે) જોઈ રહ્યો છે,તેવા મનુષ્ય ને,
તેના પર (મોહ અને સુખ પર) પ્રેમ થાય જ કેમ? (૪૦)

જો વિચારવામાં આવે તો,ઘરમાં,સ્ત્રીમાં કે બીજા કોઈ પદાર્થમાં શું સુખ છે? પણ,
જેઓની દૃષ્ટિ માયા-રૂપ અંધકારથી અંધ બની હોય,અને જે વિવેક-શૂન્ય હોય તેઓ જ મોહ પામે છે.(૪૧)

સર્વ ભોગ્ય પદાર્થો ઉંબરાના ફળ જેવા છે,તેના સંબંધી વિચાર ના કર્યો હોય ત્યાં સુધી જ તે રમણીય લાગે છે,જે મનુષ્યો ઘર,સ્ત્રી કે બીજા પદાર્થ વિષેનું સાચું સ્વરૂપ સમજતા નથી હોતા.તેમને જ તે પદાર્થો ભોગવવા લાયક લાગે છે,પણ તેમના સ્વરૂપ ને સમજનારાઓને તે પદાર્થો ભોગવવા જેવા જણાતા નથી. (૪૨)

જેમ,કોઈ પાણી ભરેલું પોલાણ હોય અને તે પોલાણમાંથી પાણી જયારે સુકાઈ ગયું હોય, છતાં એ
પોલાણ ના અતિશય મોહ ને લીધે કરચલો (જળ નો જીવ) તે પોલાણ ને છોડી દેવા અસમર્થ બને છે,
અને છેવટે તે મરણ પામે છે,
તેમ,ભ્રમ અને મોહ ને લીધે ઘરના સુખ માં વળગી રહેલો મનુષ્ય છેવટે નાશ પામે છે. (૪૩)

જેમ,રેશમનો કીડો,પોતાની લાળ ના તાંતણાથી પોતાને વીંટી વીંટી ને પોતાનું રક્ષણ ઈચ્છે છે,પરંતુ
છેવટે તો તે તાંતણામાંથી બહાર નીકળી શકતો નથી,તેમાં જ વળગી રહી મરણ પામે છે,
તેમ, પુત્ર,સ્ત્રી,મિત્ર વગેરે ના સ્નેહપાશ થી બંધાયેલો ગૃહસ્થ કોઈ કાળે તેમાંથી છૂટી શકતો નથી,અને છેવટે,
ઘરમાંથી નીકળી જવા ને અસમર્થ બની ને તેમાં જ મરણ પામે છે. (૪૪-૪૫)

જો સારી રીતે વિચારવામાં આવે તો આ સંસાર અને કેદખાના વચ્ચે કયો ફરક દેખાય છે?( કોઈ જ નહિ)
-જેમ કેદખાના માંથી છુટવા માટે વિરોધી વસ્તુઓ (બેડીઓ-ચોકીદાર-દિવાલ વગેરે) હયાત હોય છે,
તેમ,આ સંસારમાંથી છુટવા માટે વિરોધી વસ્તુઓ (સ્ત્રી સુખમાંથી જન્મેલા મોહ પાશો) હાજર છે.
-જેમ કેદી ના પગમાં બેડીઓ હોય છે,તેમ સંસારી ને ઘરની મમતા ની બેડી પગમાં બાંધેલી છે.

-જેમ કેદીને દોરીથી બાંધેલો અને ગળામાં જેમ ફાંસો હોય છે,
તેમ,સંસારી ને પણ સ્ત્રી-પુત્ર વગેરેની આશા (આકાંક્ષા) અને માયાનો ગળે મજબૂત ફાંસો છે,
અને ધન માટેની પ્રબળ આશા તો માથા પર તૂટી પડતી વીજળી ની જેવી,પ્રાણ ના નાશ નું કારણ છે.
વળી બીજી સેંકડો આશાઓના પાશ (દોરી ના પાશ) થી બંધાયેલો મનુષ્ય ઉભો પણ થવા અશકત છે.

-જેમ કેદખાના ની ચારે બાજુ ચોકીદાર ચોકી કરે છે,
તેમ આ સંસારમાં કામ,ક્રોધ,મદ-વગેરે ચોકોયાતો નિરંતર ચોકી કર્યા જ કરે છે.
-જેમ કેદખાનાની ચારે બાજુ મજબૂત દિવાલો નું રક્ષણ હોય છે,
તેમ,સંસાર ની ચારે બાજુ મોટી મોહ-રૂપી દિવાલો વીંટળાયેલી છે,

અને તે મોહ સાથે રાગ વાળા (આસકત) તથા,ત્રણ જાતની એષણા (ઈચ્છા)ઓને પરવશ થયેલો.
એવો કયો મનુષ્ય આ સંસાર-રૂપ કેદખાનામાંથી નીકળવાને સમર્થ થાય ? (૪૬-૪૭-૪૭)
(ત્રણ જાતની એષણા=પુત્રેષણા,વિત્તેષણા,લોકેષણા)

કામરૂપી અંધકાર થી ઘેરાયેલી દૃષ્ટિવાળો મનુષ્ય સ્ત્રીના જુઠા સ્વરૂપમાં મોહ પામે છે,અને તે આંધળી
દૃષ્ટિવાળા દુર્જન ને (કે સજ્જન ને) સુખ કે દુઃખ નો તે વખતે વિચાર આવતો જ નથી (૪૯)

આ શરીર કે જેમાંથી ચોવીસે કલાક દુર્ગંધ વાળા પદાર્થો નીકળ્યા કરે છે –જેવાકે,મોઢું કફ ને કાઢ્યા કરે,
નાક લીંટ ને કાઢ્યા કરે,શરીર પરસેવો કાઢ્યા કરે-વગેરે.
એવું એ શરીર ચારે બાજુ (પરસેવા વગેરે ને લીધે) મેલ થી ભરપૂર છે,
વળી બીજું તો કહેવાને પણ અશક્ય અને મનથી વિચારવાને યોગ્ય નથી,એવું સ્ત્રી શરીર (શરીર નું રૂપ)
તો, એ ઉત્તમ મનવાળા પુરુષો ના આંખ નો વિષય કેમ થાય?(ના જ થઇ શકે) (૫૦)

જેમ,પતંગિયું અગ્નિની જવાળા દુરથી જોઈ ને "તે સુંદર છે" એવી સુંદરતાની બુદ્ધિથી,તેના તરફ દોડી જાય છે અને
અગ્નિમાં પડી ને નાશ પામે છે,
તેમ,સ્ત્રીના રૂપ ને જોઈ ને નાશ પામેલી દૃષ્ટિવાળો (બુદ્ધિ વાળો)પુરુષ પણ નાશ જ પામે છે,
એટલે તે સૂક્ષ્મ મોક્ષ-માર્ગ ને કેવી રીતે જોઈ શકે? (૫૧)

કામ ને લીધી સ્ત્રી નો સ્વીકાર કરીને પુરુષ પતંગિયાની પેઠે જ આંધળો થઇ ને નાશ પામે છે,કારણકે,
માંસ,હાડકાં,ચરબી,વિષ્ટા અને મૂત્રથી ભરેલા સ્ત્રી શરીરને તે પોતાની મેળેજ સુંદર સ્વરૂપે જુએ છે (૫૨)

વિવેકી મુમુક્ષુઓ માટે કામ એ જ સાક્ષાત યમરાજ છે, સ્ત્રી વૈતરણી નદી છે,
અને ઘર એ યમરાજ ને રહેવાનું જ સ્થાન છે. (૫૩)

આ યમરાજ ને ઘેર (મનુષ્ય ને ઘેર) ત્રણે તાપો અને ક્લેશો કદી અટકતા જ નથી.
તેમાં કોઈ કાળે તે તાપોમાં કંઈક અંશે વિરામ જોઈ,મૂઢ લોક તેને સુખ-રૂપ માની બેસે છે.(૫૪)

જો વિચારવામાં આવે તો યમરાજ અને કામદેવમાં મોટું અંતર છે.
યમરાજ તો અપ્રિય થઈને (મૃત્યુ આપી ને) પણ મનુષ્ય નું હિત જ કરે છે, જયારે,
કામદેવ તો પ્રિય થઈને ઉલટો અનર્થ કરે છે.(૫૫)

યમરાજ દુર્જનો ને જ અનર્થ કરે છે,સજ્જનો ને તો હિતકારી થઇ સુખ કરે છે, પણ
કામદેવ તો સજ્જનોની જ સદગતિ ને અટકાવી દઈ અનર્થ કરે છે,તો દુર્જનો ની તો વાત શી? (૫૬)

કામદેવે પોતે જ જગત ની વૃદ્ધિ ઇચ્છી ને પ્રવૃત્તિ-પરાયણ કામી લોકો ને સર્જ્યા છે, કારણકે,
જેમ ચંદ્ર થી સમુદ્ર વધે છે તેમ એ કામદેવ ને લીધે જ અત્યંત મોહ પામીને આ "લોક" વધે છે (૫૭)

ખરેખર,આ કામદેવ એ મોટો બ્રહ્મ-હત્યારો છે,એ પોતે જ પ્રાણીમાત્ર અંતઃકરણ માં રહી ભરમાવે છે,
એકબીજા નાં શરીરના ગુણો,હાસ્ય તથા ભાવો થી પરસ્પર અત્યંત મોહ પમાડી સ્ત્રીને તથા પુરુષને,
પોતાના "અજ્ઞાન-રૂપ પ્રેમપાશથી" ખુલ્લી રીતે એ બાંધે છે,અને પછી ભરમાવે છે,
આ રીતે તે પ્રપંચ ની રચનાને તે સારી રીતે વધારી રહ્યો છે. (૫૮)

અંતઃકરણમાં રહેલા આ કામદેવના વેગથી જ સર્વ પ્રાણી,ભોગ્ય પદાર્થોમાં પોતાની મેળે જ પ્રવૃત થાય છે,
જો એમ ના હોય તો અજાણ્યા વિષયોમાં, મનુષ્યની એમ ને એમ પ્રવૃત્તિ થાય જ કેમ? (૫૯)

એ કામદેવ ને લીધે જ સર્વ પ્રાણીઓ ને અતિશય બળવાન કામનાઓ રહ્યા કરે છે, અને
શરીર ઘરડું થાય છે તો પણ કામના ઘરડી થતી નથી. (૬૦)

જે પુરુષ બુદ્ધિમાન અને ચતુર હોય,તે જ વિષય-ભોગમાં "દોષ" જોઈ ને કામપાશ થી છૂટે છે,
અને મોક્ષમાર્ગે જઈ શકે છે. (૬૧)

કામદેવને જીતવાનો સૂક્ષ્મ ઉપાય સજ્જનો ને હું બતાવું છું તે સાંભળો.
"ચારે બાજુ થી સંકલ્પો નો ત્યાગ કરવો" એ જ કામદેવ ને જીતવાનો સહેલો ઉપાય છે. (૬૨)

સાંભળેલા કે જોયેલા હરકોઈ પદાર્થમાં "આ પદાર્થ સારો છે"
એવી બુદ્ધિ ત્યજી દેવાથી કામદેવ કદી ઉદય પામતો જ નથી.  (૬૩)

કામ નું "બીજ" એ "સંકલ્પ" છે. સંકલ્પ થી જ કામ જન્મે છે.પણ જેમ બી નાશ પામ્યું હોય તો,
અંકુરો ઉગતા નથી,તેમ,સંકલ્પો નાશ પામતાં,કામ પણ નાશ પામે છે. (૬૪)
"આ પદાર્થ (વિષય) સારો છે" એવી બુદ્ધિ થયા વિના,
કોઈ પણ મનુષ્ય ભોગવવાના પદાર્થ (વિષય) ની "કામના" કરવા સમર્થ થતો નથી,
માટે કામ ને જીતવા ઇચ્છનારે હર કોઈ વિષય ઉપરની
"આ વિષય સારો છે" તેવી બુદ્ધિનો જ નાશ કરવો.(૬૫)

વળી કામને જીતવા ઇચ્છનારે,હરકોઈ "વિષય" માં "સુખ છે" એવી બુદ્ધિ નો નાશ કરવો,કારણકે જ્યાં સુધી,
આવી ભ્રમ-બુદ્ધિ હોય છે ત્યાં સુધી કામ ને જીતવા સમર્થ થવાતું જ નથી. (૬૬)

(૧) જે પદાર્થ જેવા રૂપમાં હોય તેણે તેવા જ રૂપે જોવો,અને (૨) તે પદાર્થ થી અનર્થ નો વિચાર કરવો,
આ બે વસ્તુ ઓ કરવાથી "સંકલ્પ" થતો નથી,અને કામ નો અવકાશ રહેતો નથી. (૬૭)

રત્ન પર જો "તે રત્ન પથ્થર છે"- તેવી બુદ્ધિ થાય,અને તેનાથી (તે રત્ન થી) જો "ભય" થાય તો,
"આ રત્ન સારું છે" એવી બુદ્ધિ કે તે રત્ન લેવાની વૃત્તિ (બુદ્ધિ) કદી થાય જ નહિ (૬૮)

<u>આમ,દરેક વસ્તુમાં તેના ખરા સ્વરૂપ ને જોવું,અને પછી તેનાથી થતા અનર્થ નો વિચાર કરવો,</u>
<u>એ જ સંકલ્પ નો તથા કામ નો નાશ કરવાનો  ઉપાય છે. (૬૯)</u>

આ જ પ્રમાણે,ધન,એ ભય નું કારણ છે,નિરંતર દુઃખને વધારનારું છે,મહાપ્રચંડ વિનાશ કરનાર છે,
કુટુંબીઓને વધારનાર,ઉત્તમ ગુણો ને અટકાવનાર અને કૃપણ (ભ્રષ્ટ) બુદ્ધિ ને ઉપજાવનાર છે.
માટે તે મોક્ષ મેળવવાનું સાધન નથી,અને હૃદય ને શુદ્ધ કરનાર પણ નથી. (૭૦)

ધનવાન ને રાજાથી ભય,ચોરથી ભય,કોઈ ગફલત થઇ જાય તેનો ભય,અને સગાંસંબંધીઓથી પણ ભય રહે છે,આમ ખરું જોવા જાઓ તો ધન એ ભય થી જ ઘેરાયેલું હોવાથી,અનર્થો નું મૂળ છે.
અને તેથી જ તે સુખ આપવાને સમર્થ થતું નથી.  (૭૧)

ધન કમાવવામાં.પછી તે ધન ને સાચવવામાં,આપવામાં અને ખર્ચવામાં દુઃખ જ થાય છે.
એટલે ખરી રીતે ધન એ દુઃખ જ છે,સુખ નું સાધન છે જ નહિ. (૭૨)

સજ્જનો ને પણ કોઈ પદાર્થ નો લાભ થવાથી, લોભ વધે છે,અને લોભ વધવાથી વિવેક નાશ પામે છે,
અને વિવેક નાશ પામતા મનુષ્ય પોતે જ નાશ પામે છે. (૭૩)

ધન મળે નહિ તો મનુષ્ય ને નિર્ધનતા બાળે છે,અને ધન મળે તો લોભ બાળે છે,
માટે આમ ધન સંતાપ ઉપજાવનારું જ છે.તે કોને સુખ આપે છે? (કોઈને નહિ) (૭૪)

ધન ભોગવવાથી મનુષ્ય મદોન્મત બને છે,અને તે જો થોડા ધન નું દાન કરે તો પણ,
દાન (સત્કર્મ) કરવાથી, ફરી સંસારમાં સારા કુળમાં પણ જન્મ તો લેવો જ પડે છે,
એમ દાન અથવા ભોગ બંને પ્રકારે ધન નકામું જ છે.એને બીજી કોઈ ગતિ તો છે જ નહિ (૭૫)

ધનથી અભિમાન વધે,અને અભિમાન વધવાથી સ્મરણ (હું કોણ છું?.શા માટે જન્મ્યો છું?) નાશ પામે,
સ્મરણ નો નાશ થતાં બુદ્ધિ નાશ પામે,અને બુદ્ધિ નો નાશ થવાથી, મનુષ્ય પોતે જ નાશ પામે છે. (૭૬)

જડ સ્વભાવના મૂઢ લોકો ને “ધન જ સુખ આપે છે” એવી અંતરની આશારૂપી ડાકણ મજબૂત રીતે વળગી પડી છે,
તેથી તેવા લોકો નિરંતર ધન ને જોતા તેની પાસે જ રહે છે,
પરંતુ પાછળથી એ ધન પણ એના પ્રાણ હરી લઇ ને જતું રહે છે. (૭૭)

ધનવાન મનુષ્ય આંધળા જેવો છે,આંખથી ધન સિવાય બીજું કંઈ દેખતો જ નથી,
કોઈ કોઈ સજ્જનો તો એ માર્ગ ને ત્યજી દે છે,પણ ત્યાં,લોભી મુર્ખાઓ તે સજ્જનો ને દોરવા આવી જાય છે,
તેથી એ સજ્જનો ત્યજી દીધેલા,માર્ગે જાય છે,ને,
પગલે ને પગલે વારંવાર ઠોકરો ખાય છે.અને છેવટે આંધળા કુવામાં (નરકમાં) જઈ ને પડે છે.
આવા ધનવાન માણસો નો અંધાપો દૂર કરનાર “દારિદ્રય” એ ઔષધરૂપ અંજન છે. (૭૮)

ધન આવવાથી લોભ,ક્રોધ,દંભ,ગર્વ,અને અદેખાઈ વધે છે,તો પછી તે ચિત્ત ને શુદ્ધ કેવી રીતે કરે? (૭૯)

ધન મળે નહિ તો બે ગણું દુઃખ થાય છે અને મળ્યું હોય તો તેનો ખર્ચ થતાં ત્રણ ગણું દુઃખ થાય છે,
અને જો તે ધન ખોટી રીતે ખર્ચાય તો મનુષ્ય વિદ્વાન હોય તો પણ તેને ઘણું દુઃખ થાય છે. (૮૦)

જેમ,સાપ ઘરમાં રહેતો હોય તો માણસના ચિત્ત ને કદી શાંતિ નથી રહેતી,
તેમ,ધન ઘરમાં રાખી મુક્યું હોય અને ભલે તે ખર્ચાતું ના હોય તો પણ તે ધન ની ચિંતા રહ્યા કરે છે,
એટલે આમ ધન ને લીધે મનુષ્ય ના ચિત્ત ને શાંતિ ક્યાંથી હોય? (૮૧)

નિર્ધન મનુષ્ય જંગલમાં,વેરાનમાં,ઉપદ્રવ વાળા કે ઉપદ્રવ વગરના સ્થાનમાં,ચોરો સાથે,શાહુકાર સાથે,
રાજા સાથે,કે એકલો હોય તો પણ સ્વસ્થ અને આનંદ-પૂર્વક રીતે રહી શકે છે,
પરંતુ ધનવાન મનુષ્ય લોકો થી આદર પામતો હોય તો પણ સદા દુઃખી રહે છે,
તેની બુદ્ધિ વ્યાકુળ રહે છે,અરે! પુત્રથી પણ તે ભયભીત રહે છે. (૮૨)
માટે,આ રીતે ,સર્વ અનર્થ નું મૂળ કારણ ધન છે,અને તેનાથી કોઈ પુરુષાર્થ ની સિદ્ધિ થતી નથી,તેથી જ સત્પુરુષો
એ પ્રતિફળ ધનનો ત્યાગ કરીને વનમાં નિરાંતે રહે છે. (૮૩)

“શ્રદ્ધા,ભક્તિ અને ગુણોવાળી સતી સ્ત્રી, સારા પુત્રો,તેમ જ પૃથ્વી ના અખૂટ ભોગ-વૈભવો થી શોભાયમાન સુંદર
ઘર-એ બધું નાશવંત છે” –
એમ વેદોક્ત યુક્તિઓ થી જાણી ને વિદ્વાનો એ બધા નો ત્યાગ કરી ને સંન્યાસ લે છે.
પણ બીજા અજ્ઞાનીઓ “આ બધું સુખ છે” એમ માની તે દુઃખ ના સમુદ્રમાં ભમ્યા કરે છે. (૮૪)

“આ ઘરમાં સુખ છે” એમ માનીને સ્ત્રી,પુત્ર અને સંબંધીઓના સમુદાય સાથે મનુષ્ય,મેલા ના કીડાની પેઠે,
મેલા ના એ ઢગલા માં જ રમે છે.તેવા મનુષ્ય ને પણ દેવોના સ્થાન સ્વર્ગ ની પેઠે મોક્ષ નો પ્રસંગ મળતો જ

નથી,અને નિરંતર જન્મ લઇ ને ગર્ભવાસ ની પેઠે દુઃખો નો પ્રવાહ જ પ્રાપ્ત થાય છે. (૮૫)

જેમની સ્ત્રી,સંતાન,ધન વગેરેની આશા, નિરાશારૂપ બની જાય છે,તેમને જ,
મોક્ષની આશા તરફ જવાનું સિદ્ધ થાય છે,બીજાઓ ને નહિ. (૮૬)

--જેઓ શાસ્ત્રોના અભ્યાસ કરતા હોય—જેમનાં પાપ સત્કર્મો થી નાશ પામ્યાં હોય—
--જેમનો આત્મા સિદ્ધ થયો હોય—જેઓ બુદ્ધિમાન હોય અને યુક્તિથી નિત્યાનિત્ય પદાર્થ ની શોધ કરતા હોય
તેમને જ તે દ્વારા,ઉત્પન્ન થયેલી વૈરાગ્ય-રૂપ તલવાર પ્રાપ્ત થાય છે,
અને પછી મોક્ષ ની આકાંક્ષા વાળા એ ધન્ય પુરુષો,
સ્ત્રી-આદિ વિષયો સંબંધી આશારૂપ વેલા ને સહેલાઈ થી (વૈરાગ્ય-તલવારથી) કાપી નાખે છે. (૮૭)

સંસાર એ બળવાન મૃત્યુ  છે.તેના આ લોકમાં પ્રવેશ કરવાના- સ્ત્રી,જીભ અને સોનું-એ ત્રણ દરવાજા છે.
આ ત્રણ પર જે કાબુ મેળવે છે તેને મૃત્યુ નો ભય રહેતો નથી. (૮૮)

મુક્તિ-રૂપી શોભાયમાન નગરનો જે પ્રથમ દરવાજો છે,તેને જીતવો ઘણો મુશ્કેલ છે,કારણકે,
ધન અને સ્ત્રી-એ બંને તેનાં મજબૂત કમાડ હોઈ ને તે મજબૂત રીતે બંધ કરેલો છે.અને
વળી તેમાં કામદેવ નામનો મજબૂત અને ભયંકર આગળિયો પણ છે.
જે ધીર-પુરુષ એ ત્રણે ને તોડે છે,તે જ મોક્ષ નું સુખ ભોગવવાને લાયક બને છે. (૮૯)

જે પુરુષ વિવેક-રૂપી ઘોડા પર સવાર થયો હોય,જેણે તીવ્ર વૈરાગ્ય-રૂપી તલવાર લીધી હોય,અને ક્ષમા રૂપી
બખ્તર પહેર્યું હોય,તેની સામે યુદ્ધમાં ઉતરનાર કોઈ દેખાતો જ નથી.(કોઈ છે જ નહિ) (૯૦)

સત્પુરુષો કહે છે કે-વિવેક થી થનાર તીવ્ર વૈરાગ્ય જ મોક્ષ નું પ્રથમ કારણ છે,માટે,
મુમુક્ષુ એ વિવેકી બની,કાળજી થી પ્રથમ વિરાગ્ય કેળવવો. (૯૧)

જેને વૈરાગ્ય ના થયો હોય,તે દેહ-રૂપી બંધન ને તોડવા સમર્થ થતો નથી,કારણકે,
વૈરાગ્ય જ બંધન ને તોડવાનું મોટું સાધન છે. (૯૨)

ભલે પંડિત (જ્ઞાની) હોય,પણ જો વૈરાગ્ય વગરનો હોય તો “યમરાજ (મૃત્યુ) ના ઘર જેવા”
“ઘર” માં મોહિત થાય છે અને ત્રણે પ્રકાર ના તાપ થી પીડાય છે. (૯૩)

(નોંધ-અત્યાર સુધી **સાધન ચતુષ્ટય** ના **(૧) નિત્યાનિત્ય વિવેક (૨) વૈરાગ્ય** ની વાત કરી-હવે આગળ)

**(3) શમાદિ –ષટસંપત્તિ -શમ-દમ-તિતિક્ષા-ઉપરતિ-શ્રદ્ધા-સમાધાન**-આ ષટસંપત્તિ કહેવાય છે. (૯૪)

**શમ**

જેમાં **“મન”** એકધારી વૃત્તિ થી,પોતાના લક્ષ્ય માં નિયત સ્થિતિ કરે છે,તેને **“શમ”** કહે છે. (૯૫)

એ “શમ” ઉત્તમ,મધ્યમ અને જઘન્ય (મિશ્ર) એમ ત્રણ પ્રકાર નો છે. (૯૬)

જેમાં પોતાના વિકારો ત્યજી ને “મન”, માત્ર આત્મા-રૂપ વસ્તુ-સ્વ-રૂપે જ સ્થિતિ કરે છે,
એ “મન” ની “ઉત્તમ” શાંતિ છે, અને એણે જ “બ્રહ્મનિર્વાણ” પણ કહે છે.  (૯૭)

જેમાં,"બુદ્ધિ",કેવળ આત્મા ના અનુભવની પરંપરા ના પ્રવાહ કરે તે-
“મધ્યમ” શાંતિ છે,અને તેને જ “શુદ્ધસત્વ” કહે છે.  (૯૮)

વિષયો ના વ્યાપાર ત્યજી દઈને “મન” કેવળ વેદાંત નું શ્રવણ કરવામાં જ સ્થિર થાય,
એ “મન” ની જઘન્ય (મિશ્ર) શાંતિ છે અને તેને “મિશ્રસત્વ” કહે છે. (૯૯)

પૂર્વના (તીવ્ર વૈરાગ્ય) અને ઉત્તરનાં (હવે પછી નાં દમ-વગેરે) અંગો હોય,
તો જ આ “શમ” સિદ્ધ થાય છે, બીજી કોઈ રીતે શમ સિદ્ધ થતો નથી. (૧૦૦)

કામ,ક્રોધ,લોભ,મદ,મોહ અને મત્સર-આ છ ને જેણે જીત્યાં નથી તેને શાંતિ સિદ્ધ થતી નથી. (૧૦૧)

મોક્ષની ઈચ્છા કરી ને પણ જે સન્યાસી વિષયો (શબ્દ-વગેરે) ને ઝેર જેવા માની,
તેને છોડવાને બદલે તે વિષયોમાં અટવાઈ જાય છે,તેને શાંતિ સિદ્ધ થતી નથી. (૧૦૨)

જેણે પરમાત્માને આરાધ્યા નથી,જેના પર ગુરુની કૃપા નથી,
જેનું હ્રદય તેને વશ નથી,તેને શાંતિ શિદ્ધ થતી નથી (૧૦૨)

હે,સમજુ મનુષ્યો,સાંભળો,જે સાધનથી મન નિર્મળ થાય છે તે,હું કહું છું,
તે સાધન હોય તો મન નિર્મળ થાય છે અને ન હોય તો મન નિર્મળ થતું નથી. (૧૦3)

બ્રહ્મચર્ય,અહિંસા,પ્રાણીઓ પર દયા,સરળતા,વિષયોમાં અતિશય તૃષ્ણા-રહિતપણું,બહરની અને અંદરની શુદ્ધિ,દંભ નો ત્યાગ,સત્ય,મમતા રહિતપણું,સ્થિરતા,અભિમાન નો ત્યાગ,ઈશ્વરના ધ્યાન માં તત્પરતા,બ્રહ્મજ્ઞાનીઓ સાથે સહવાસ,જ્ઞાન ભરેલાં શાસ્ત્રોમાં પરાયણતા,સુખ-દુઃખ માં સમાનતા,મન પર અનાસક્તિ,એકાંત માં રહેવાનો સ્વભાવ,અને મોક્ષની ઈચ્છા-એ જેનામાં હોય તેનું ચિત્ત નિર્મળ થાય છે.અને જેનામાં ના હોય તેનું મન બીજા કરોડો પ્રકારોથી પણ નિર્મળ થતું નથી.  (૧૦૫-૧૦૮)

સ્ત્રીઓનું –સ્મરણ—દર્શન--તેઓના ગુણો અને કર્મો નું વર્ણન--તેઓના વિષે સારાપણાની બુદ્ધિ
--તેઓ પર પ્રીતિ--તેઓ સાથે એકાંત માં વાતચીત--તેઓનો સહવાસ—તેઓનો સંબંધ—
આ આઠ પ્રકારનું મૈથુન છે.તેનો ત્યાગ તે “બ્રહ્મચર્ય” છે.કે જે ચિત્ત-શુદ્ધિ નું સાધન છે. (૧૦૯-૧૧૦)

મન,વાણી (વચન) અને શરીર (કાયા) થી,કોઈ પણ પ્રાણી ને પીડા ન ઉપજાવવી,અને
મન,વચન,કાયા થી સર્વ પ્રાણીઓ પર પોતાના જેવી જ બુદ્ધિ કરવી તે “અહિંસા” છે.(૧૧૧)

સર્વ પ્રાણીઓ પર અનુકંપા (કોઈ ને દુઃખી જોઈ હ્રદય કમોઈ જાય) એ જ “દયા” છે,અને
મન,વાચા,કાયા-એ ત્રણે માં કુટિલતા ના હોવી એ જ “સરળતા” છે. (૧૧૨)

જેમ કાગડાની વિષ્ટા તરફ મનુષ્યને અણગમો હોય છે,તેમ,બ્રહ્માથી માંડી સ્થાવરો સુધી ના વિષયો તરફ
અણગમો થવો,તે જ “તૃષ્ણા-રહિતપણું” (નિર્મળ વૈરાગ્ય) છે. (૧૧૩)

“શૌચ”(શુદ્ધિ) બે પ્રકારનું કહેવાય છે,બહારનું (શારીરિક શૌચ) અને અંદરનું (માનસ શૌચ).
માટી,પાણી વગેરે થી બહાર ની શુદ્ધિ (ચોખ્ખાઈ) કરવી તે “શારીરિક શૌચ “ છે, અને
અજ્ઞાન ને દૂર કરવું તે “માનસ શૌચ” છે.

આ અંદરનું શૌચ જો બરાબર હોય તો,મનુષ્યો ને બહારના શૌચ ની જરૂર નથી (૧૧૪-૧૧૫)

--જે મનુષ્ય,જયારે તેને લોકો જોતાં હોય ત્યારે ધ્યાન-પૂજા વગેરે કરે પણ ખરી રીતે
તેને ધ્યાન-પૂજા કરવાની વૃત્તિ કે બુદ્ધિ હોય જ નહિ,તે **"દંભાચાર"** કહેવાય છે.
--આવો **દંભાચાર,** ન કરવો-તેને વિદ્વાનો **"દંભરહિતપણું"** કહે છે. તેમજ,
--પોતે જેવું જોયું હોય કે સાંભળ્યું હોય,તે જ બરાબર કહેવું તેને જ "સત્ય" કહે છે.
"બ્રહ્મ સત્ય છે" તેમ કહેવું તે **"સત્ય"** છે.
--દેહ-આદિ પર "આ મારું પોતાનું છે" એવી જે દૃઢ બુદ્ધિ હોય તેનો ત્યાગ કરવો તે-
**"નિર્મમતા"** (મમતા રહિતપણું) છે,જેથી સમજુ મનુષ્ય મોક્ષ ને પામે છે.
--ગુરૂ અને વેદાંત નાં વચનોથી જે અર્થ નિશ્ચિત થયો હોય તેને એકધારી વૃત્તિ થી મજબૂત રીતે
વળગી રહેવું,તે **"સ્થિરતા"** છે.(શરીર ને સ્થિર કરવું તે સ્થિરતા નથી)
--વિદ્યા,ઐશ્વર્ય,તપ,રૂપ,કુળ,વર્ણ,તથા આશ્રમ વગેરે થી ઉત્પન્ન થતા અહંકાર નો ત્યાગ કરવો,
તે **"અભિમાન નો ત્યાગ"** છે.
--મન,વચન અને કાય થી વિષયોની ક્રિયા નો ત્યાગ કરી,કેવળ આત્માનું જ ચિંતન કરવું,
તેને **"ઈશ્વર ધ્યાન"** કહે છે. અને
--દેહ ની છાયા ની પેઠે,સદા બ્રહ્મજ્ઞાનીઓની સાથે રહેવું,તેને **"સહવાસ"** કહે છે. (૧૧૬-૧૨૨)

જ્ઞાનથી ભરેલાં શાસ્ત્રોમાં જે બોધ કહેલો છે,તેમાં જ આસક્ત રહે,અને
કર્મો કરવાની બુદ્ધિ નો ત્યાગ કરે ,એ જ **"જ્ઞાનનિષ્ઠ"** છે. (૧૨૩)

ધન,સ્ત્રી,તાવ (શારીરિક પીડા) વગેરે જે જે વખતે આવે .તે તે વેળા જે સુખ-દુઃખ આવે ,
તેનાથી વિકાર ન થાય,એનો અર્થ જ "સુખ-દુઃખમાં સમાનતા" એવો થાય છે. (૧૨૪)

"મને શ્રેષ્ઠ અને પૂજ્ય ગણી,લોકો મને માન આપે" એવી આસક્તિ નો ત્યાગ,
તે "માન વિષે ની અનાસક્તિ" કહેવાય છે. (૧૨૫)

સત્ વસ્તુ-પરમાત્મા ના ચિંતન માં હરકત ના થાય, તેના માટે નિર્જન પ્રદેશમાં પોતે એકલા રહેવું,
તે જ "એકાંતે રહેવાનો સ્વભાવ" છે. (૧૨૬)

"સંસાર-રૂપ બંધનમાંથી મારો ઝટ છુટકારો ક્યારે થાય?" આવી દૃઢ-બુદ્ધિ કરવી,
તે "મુમુક્ષતા" (મોક્ષ ની ઈચ્છા) કહેવાય છે, (૧૨૭)

## દમ

ઉપર જણાવેલા બ્રહ્મચર્ય –વગેરે દ્વારા, બુદ્ધિના દોષ દૂર કરવા માટે જે દંડ (શિક્ષા સહન કરવી) લેવો,
તેને "દમ" શબ્દ નો અર્થ જાણનારા, "દમ" કહે છે.
તે તે (બ્રહ્મચર્ય -વગેરે)વૃત્તિઓને રોકીને બહારની ઇન્દ્રિયો ને વશ કરવી,તેને યોગીઓ "દમ" કહે છે.
આ (દમ) પણ મન ની શાંતિનું એક કારણ છે. (૧૨૮-૧૨૯)

--જયારે ઇન્દ્રિયો પોતાના વિષય તરફ વળે,ત્યારે મન પણ, વાયુ પાછળ અગ્નિ ની પેઠે,
સ્વેચ્છાએ જ તેની (વિષયો) પાછળ દોડી જાય છે.
--માટે જો ઇન્દ્રિયો ને રોકી હોય તો,મન પોતાની મેળે જ,પોતાનો વેગ ત્યજી ને,
સત્વગુણ ના સ્વભાવ ને પામે છે, અને જેથી તે નિર્મળ બને છે.

--એ રીતે મન નિર્મળ થાય,ત્યારે જ આ જીવાત્મા ની મુક્તિ થાય છે,બીજી કોઈ રીતે નહિ.(૧૩૦-૧૩૧)

બધી ઇન્દ્રિયો ને વશ કરવી,એ જ મન ની શુદ્ધિ નું પ્રથમ કારણ છે,કારણકે,
જયારે બહારની ઇન્દ્રિયોને જયારે વશ કરવામાં આવે છે, ત્યારે બહારના વિષયોના ઉપભોગ,
આપોઆપ જ મનથી છૂટા પડી જાય છે. (૧૩૨)

અને તેથી ચિત્ત,પોતાની દુષ્ટતા છોડી દઈને ધીરે ધીરે શાંતિ ને સ્વીકારે છે.
આજ અભિપ્રાય થી મોક્ષનું લક્ષણ જાણનારાઓ કહે છે કે-
ચિત્ત (મન) ને બહારના વિષયો થી છુટું પાડવું,એ જ મોક્ષ છે. (૧૩૩)

ઉત્તમ પ્રકારના “દમ” વિના મુમુક્ષુ ના મનની શુદ્ધિ માટેનું,સહેલું સાધન અમારા જાણવામાં નથી,
કારણકે,”દમ” થી,ચિત્ત પોતાના સર્વ દોષો છોડી દઈ જલ્દી શાંતિને પામે છે. (૧૩૪)

પ્રાણાયામ થી જે મનુષ્યો ની મન ની સ્થિરતા અને શુદ્ધિ થતી હોય,તેઓ નિયમપૂર્વક,દિશા,દેશ અને કાળ-વગેરે
તરફ ચોક્કસ દૃષ્ટિ રાખે છે,પણ તે ઉત્તમ દૃષ્ટિ થી કોઈ કાળે “દમ” નો નાશ થતો નથી.
માટે બુદ્ધિમાન મનુષ્યે આળસુ નહિ બની,ચિત્ત ની શાંતિ માટે કાળજીથી,
બહારની ઇન્દ્રિયો ને વશ કરવા રૂપ “દમ” કરવો જોઈએ. (૧૩૫)

ભોગ્ય-પદાર્થો વિષેના દોષ વગેરે નો વિચાર કરી,સર્વ ઇન્દ્રિયો ની ગતિ રોકવાથી,થોડા જ સમયમાં,
ઈશ્વર ને ગુરૂ –કૃપાથી ચિત્ત (મન) શાંતિને પામે છે. (૧૩૬)

## <u>તિતિક્ષા</u>

પ્રારબ્ધ ના વેગથી,આધ્યાત્મિક આદિ જે દુઃખ પ્રાપ્ત થયું હોય,તેનો વિચાર કર્યા વિના તેને,
સહન કરવું તેને **<u>“તિતિક્ષા”</u>** કહે છે. (૧૩૭)

તિતિક્ષા જેવું મુમુક્ષુનું કોઈ રક્ષણ નથી,કારણકે,એ વજ્રથી પણ તૂટતી નથી,
જેમ બખ્તરધારી પુરુષ સર્વ પ્રહારો ને રોકી શકે છે,તેમ તિતિક્ષાનો આશ્રય લઇ ને,
ધીર પુરુષ માયાને તણખલાં જેવી ગણીને તેને જીતી શકે છે. (૧૩૮)

તિતિક્ષાવાળાઓને જ યોગ-સિદ્ધિ અથવા ચક્રવર્તી રાજા ની રાજ્યલક્ષ્મીનાં સુખભોગ ની સિદ્ધિ પ્રાપ્ત થાય છે,
પરંતુ તિતિક્ષા વિનાના પુરુષો,જેમ પાંદડાં,વાયુ સાથે અથડાઈને ઝાડ પરથી ખરી પડે છે,
તેમ વિધ્નો ને લીધે નીચે પડે છે.(યોગ-ભ્રષ્ટ થાય છે) (૧૩૯)

તપ,દાન,યજ્ઞ,તીર્થ,વ્રત,શાસ્ત્ર,ઐશ્વર્ય,સ્વર્ગ અને મોક્ષ-વગેરે,
જે જે ઈચ્છતા હોય છે,તે તે તિતિક્ષાથી મેળવાય છે. (૧૪૦)

બ્રહ્મચર્ય,અહિંસા, સજ્જનો ની અનિંદા તો બીજાઓ ના તિરસ્કાર- વગેરે સહન કરવા,
એ બધું તિતિક્ષા-વાળો જ કરી શકે છે. (૧૪૧)

સર્વ સાધનોમાં તિતિક્ષા પણ એક ઉત્તમ સાધન છે,
જેમાં દેવો તરફનાં કે બીજાં પ્રાણીઓ તરફનાં વિધ્નો નાસી જાય છે. (૧૪૨)

તિતિક્ષાવાળાઓનું જ મન વિઘ્નોથી ડગી જતું નથી,અને તેને જ
“અણિમા” આદિ ઐશ્વર્યો અને બીજી સિદ્ધિઓ સિદ્ધ થાય છે.  (૧૪૩)

માટે મોક્ષ ની ઈચ્છા રાખનારે ઇચ્છિત કાર્ય (મોક્ષ)  સિદ્ધિ માટે,અધિક તિતિક્ષા કેળવવી,અને,
મોક્ષ ની તીવ્ર ઈચ્છા,તેમજ વિષયો તરફ ઉપેક્ષા (બેદરકારી)-
એ બંને સાથે રહી,તિતિક્ષાનાં કારણ બને છે. (એમ ધ્યાનમાં રાખવું જોઈએ) (૧૪૪)

જેમ કોઈ કાળે ઉપરાઉપરી રોગો આવી પડતાં મનુષ્ય,તેની શાંતિ માટે જો લાગ્યો રહે,તો,
તે રોગો ને દૂર કરનારાં ઔષધો સેવવામાં તત્પર બને,અને માત્ર, તેની શાંતિના જ વિચારો કર્યા કરે,
તેમ,સન્યાસી,તિતિક્ષામાં તત્પર હોય પણ શ્રવણાદિ ધર્મો (સંન્યાસીનાં કર્તવ્ય) થી રહિત હોય,અને,
એ જ સ્થિતિ માં મરણ પામે,તો તેને કોઈ ફળ સિદ્ધ થતું નથી,
એ તો બંને પ્રકારના સ્વાર્થ થી ભ્રષ્ટ થાય છે. (૧૪૫)

શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે કે-સન્યાસી યોગનો અભ્યાસ કરતો હોય,અને તે દરમિયાન જો યોગથી ચલિત (ભ્રષ્ટ)
ચિત્તવાળો થાય,તો પુણ્ય કરનારાઓના લોક ને પામી,પાછો પવિત્ર શ્રીમંતોને ઘેર જન્મે છે. (૧૪૬)

એ ઉપરથી ભગવાન કૃષ્ણ “કેવળ સંન્યાસ લઈને ચૂપચાપ મરણ પામેલાને,માત્ર સંન્યાસથી જ પુણ્યલોકની ગતિ
પ્રાપ્ત થાય છે” –એમ કહેતાં નથી,પણ “કેવળ સંન્યાસ થી જ સિદ્ધિ મળતી નથી” એમ કહે છે.
અને શ્રીકૃષ્ણ જણાવે છે કે-સંન્યાસીનાં કર્તવ્ય શ્રવણાદિ નો ત્યાગ કરવાથી સિદ્ધિ થતી જ નથી. (૧૪૭-૧૪૮)

માટે આવેલાં તે દુઃખો તિતિક્ષાથી સહન કરી લઈને સાથે સાથે શક્તિ અનુસાર,
કર્તવ્ય કર્મ – શ્રવણાદિ –વગેરે અવશ્ય કરવાં જ જોઈએ. (૧૪૯)

કાળજીથી સિદ્ધ કરેલી તિતિક્ષા નું પ્રયોજન,આવેલા દુઃખો ને સહન કરવા સિવાય બીજું કંઈ દેખાતું નથી,
એટલે તિતિક્ષાની સાથે શ્રવણાદિ-કર્તવ્ય કર્મ પણ હોવાં જોઈએ. (૧૫૦)

## ઉપરતિ

સાધન-રૂપે દેખાતાં સર્વ કર્મો નો વિધિપૂર્વક સંપૂર્ણ ત્યાગ કરવો,તેને  “સંન્યાસ” માન્યો છે,
આ “સંન્યાસ” જ કર્મો ને બંધ કરાવે છે,માટે **“ઉપરતિ”** કહેવાય છે.
વેદ પણ કહે છે કે-સર્વ વિરુદ્ધ કર્મો નો ત્યાગ તે જ સંન્યાસ છે.  (૧૫૧-૧૫૨)
વેદમાં કહેવાય છે કે-કર્મ થી સિદ્ધ થતા સર્વ પદાર્થ અનિત્ય છે, તો પછી,
નિત્ય ફળને ઇચ્છતા અને પરમાર્થ સાથે જ સંબંધવાળા,પુરુષને એવાં કર્મ ની શી જરૂર છે? (૧૫૩)

ઉત્પાદ્ય (ઉત્પન્ન થનાર) – આપ્ય (પ્રાપ્ત થનાર)- સંસ્કાર્ય (સંસ્કાર પામનાર)-વિકાર્ય (વિકાર પામનાર)
-એમ ચાર પ્રકારનાં કર્મ વડે સિદ્ધ થતાં “ફળ” ગણાય છે.  (૧૫૪)

બ્રહ્મ તો સ્વતઃસિદ્ધ,સર્વકાળે પ્રાપ્ત થયેલ,શુદ્ધ,નિર્મળ અને નિષ્ક્રિય છે.
તેથી,ઉપર દર્શાવેલાં ચાર કર્મ-ફળ માંહેના એકે ય રૂપ થવા ને યોગ્ય નથી. (૧૫૫)

“આ બ્રહ્મ ને ઉત્પન્ન કરનાર કોઈ નથી” એમ વેદ કહે છે.તેથી બ્રહ્મ એ સર્વનું “કારણ” ઠરે છે,
માટે તે “બ્રહ્મ” એ ઉપર દર્શાવેલા,**”ઉત્પાદ્ય”** (ઉત્પન્ન થનાર) કર્મ-ફળ-રૂપ નથી. (૧૫૬)

"મેળવનાર" (પામનાર) અને "મેળવવા યોગ્ય" (પામવા યોગ્ય)–એવો ભેદ હોય (બે જુદા હોય) તો જ,
મેળવનારો એ મેળવવા યોગ્ય વસ્તુ ને મેળવે છે.પણ,
બ્રહ્મ તો મેળવનાર સ્વરૂપ (પામનાર) જ છે,
તેથી તે **<u>આપ્ય</u>** (મેળવવા યોગ્ય-પ્રાપ્ત થનાર) કર્મ ફળરૂપે હોઈ શકે નહિ.(૧૫૭)

દર્પણ વગેરે જે મેલી વસ્તુ હોય તેનો જ સંસ્કાર (સફાઈ વગેરે) કરવો પડે છે,પરંતુ,
"બ્રહ્મ" તો આકાશ ની પેઠે નિત્ય શુદ્ધ જ છે,તેથી તેનો સંસ્કાર હોય જ નહિ.
દુષ્ટ વસ્તુ ના સંબંધથી લાગેલા દોષ ને દૂર કરવા,માટે સંસ્કાર ની જરૂર રહે છે,પણ
બ્રહ્મ ને તો કોઈ દુષ્ટ વસ્તુ જોડે સંબંધ જ નથી તો તેને સંસ્કાર કેવો?

વળી જે વસ્તુ નિર્ગુણ છે,તેમાં ગુણો નું સ્થાપન ઘટતું (થઇ શકતું) નથી,અને
શ્રુતિ કહે છે કે-બ્રહ્મ એક જ અને નિર્ગુણ છે, એમ બ્રહ્મ નિર્ગુણ હોવાથી,
**<u>"સંસ્કાર્ય"</u>** કર્મ ફળ રૂપ (સંસ્કાર ને યોગ્ય-સંસ્કાર ને પામનાર) હોઈ શકે નહિ. (૧૫૮-૧૬૦)

તેમ જ દૂધ-વગેરે વસ્તુઓ અવયવવાળી અને પરિણામ ધર્મવાળી છે,
તેથીજ બીજી કોઈ વસ્તુ થી તે વિકાર પામનારી થઇ શકે, પણ,
બ્રહ્મ તો નિષ્ક્રિય વસ્તુ-ક્રિયાશૂન્ય છે.તેથી તેનામાં વિકારી-પણું હોઈ શકે નહિ.
વેદ પણ કહે છે કે-બ્રહ્મ એ અવયવો રહિત,ક્રિયાશૂન્ય,શાંત,નિર્દોષ અને નિર્લેપ છે.તેથી તે
**<u>"વિકાર્ય"</u>** (વિકાર પામનાર-વિકારને યોગ્ય) કર્મ ફળ રૂપ પણ ન જ હોઈ શકે.
આ રીતે બ્રહ્મ-રૂપ વસ્તુ નું યથાર્થ સ્વ-રૂપ, શ્રુતિ અને યુક્તિથી, ચોક્કસ થયેલું છે. (૧૬૧-૧૬૨)

માટે (આમ) બ્રહ્મ કોઈ પણ રીતે કર્મ-સાધ્ય (ફળ) રૂપ નથી,
વળી જે કર્મ-સાધ્ય હોય,તે તો અનિત્ય હોય છે,જયારે બ્રહ્મ તો નિત્ય અને સનાતન છે. (૧૬૩)

કર્મ થી મેળવેલો આ દેહાદિ લોક જેમ નાશ પામે છે,તેમ પુણ્ય-કર્મ થી મેળવેલો સ્વર્ગાદિ લોક પણ
નાશ જ પામે છે,વળી અનિત્યપણામાં સર્વકાળે કૃત્રિમતા કારણ રૂપ હોય છે.
તેથી (આમ) સ્વર્ગાદિ અનિત્ય કર્મ ફળ માં કયો બુદ્ધિમાન પુરુષ મોહ પામે? (૧૬૪-૧૬૫)

જગત નું "કારણ" (બ્રહ્મ) તો નિત્ય છે,એમ સર્વ મતવાદીઓ એ માન્ય કર્યું છે,અને
જગત નું કારણ કેવળ બ્રહ્મ જ છે એમ શ્રુતિ વારંવાર કહે છે. (૧૬૬)

"આ સર્વ જગત બ્રહ્મ-રૂપ છે" "એ બ્રહ્મ સત્ય છે" એમ
શ્રુતિ બ્રહ્મ ને જ સત્ય,નિત્ય,અને જગતનું કારણ –સ્પષ્ટ-પણે કહે છે. (૧૬૭)

વળી, "કર્મથી,પ્રજાથી (સંતાનો થી) કે ધનથી-મોક્ષ મળતો નથી" એમ,
વેદ પોતે,"કર્મ" ને "મોક્ષ ના કારણ"  તરીકે માનવા સાફ ના પડે છે. (૧૬૮)

વિચારપૂર્વક,જીવ (આત્મા) અને બ્રહ્મ (પરમાત્મા) એ બંને ની એકતાનું જ્ઞાન થાય વિના,
પુરુષ નો મોક્ષ થતો જ નથી.
કારણકે મોક્ષ નું લક્ષણ જ એ છે કે-કેવળ પરબ્રહ્મ-"સ્વ-રૂપ" જ આત્મા છે,એમ સમજવું.
અને <u>આવો મોક્ષ,એ યજ્ઞ-યાગ કરાવવાથી,દાન દેવાથી,વ્રતો કરવાથી,વાવ-કુવા બંધાવવાથી,</u>
<u>શાસ્ત્રો જ્ઞાન-થી કે મંત્ર-તંત્ર સાધવાથી કદી પણ થતો નથી</u>. (૧૬૯)

વેદ પણ “જ્ઞાનથી જ મોક્ષ થાય છે” એમ કહી ને જ્ઞાન ને જ મુક્તિ (મોક્ષ) નું કારણ કહે છે.
અને તે સિવાયનાં બીજા કોઈ પણ “મોક્ષનાં સાધનો” ની ના પાડે છે. (૧૭૦)

બ્રહ્મ ને “નિત્ય” જાણનારો,વિવેકી,વૈરાગ્યવાન,અને બ્રહ્મ-ભાવ ને જ ઇચ્છતો હોય,તેવો મનુષ્ય,
સ્વર્ગાદિ-અનિત્ય પદાર્થોમાં,અને તેની સામગ્રીઓમાં કેમ આનંદ પામે ?(ન જ પામે) (૧૭૧)

માટે મોક્ષ અને બ્રહ્મ-ભાવને ઈચ્છતા પુરુષે,સ્વર્ગાદિ-અનિત્ય પદાર્થોનાં સાધન-રૂપ કહેલ,
નિત્ય-નૈમિત્તિક –આદિ સર્વ કર્મો નો તેના સાધન સાથે જ ત્યાગ કરવો. (૧૭૨)

માત્ર “શ્રવણ-રૂપ” (વેદોક્ત) કર્મ અને તેનું સાધન મુમુક્ષુઓ ને માટે ઉપયોગી છે,માટે તે ભલે રહે,
કારણકે બે હાથ ની પેઠે,તે મુમુક્ષુ ને પોતાનું કાર્ય સિદ્ધ કરી આપશે. (૧૭૩)
જેમ દીવાને સીધો કરવામાં આવે તો,તે “દીવા ને સીધા કરવાના કર્મ” થી દીવાનો પ્રકાશ વધે છે,
તેમ,શ્રવણ થી ઉત્પન્ન થતું પુરુષનું જ્ઞાન,તે “શ્રવણ-રૂપ વેદોક્ત કર્મ” થી જ્ઞાનના પ્રકાશને વધારે છે,(૧૭૪)

આ કારણ થી જ,બ્રહ્મ-વાદીઓ કહે છે કે-“જ્ઞાન” ને “શ્રવણાદિ-કર્મો” ની જરૂર છે,(બંને સાપેક્ષિત છે)
એટલે જ્ઞાન અને શ્રવણાદિ કર્મ –એ બંને નો સમુચ્ચય (સાથે હોવું) જરૂરી છે. (૧૭૫)

અહીં ઉત્તમ પંડિતોએ (જ્ઞાનીઓએ) મૂઢ (અજ્ઞાની) લોકો ની પેઠે,એવી શંકા કદી કરવી નહિ કે,
વેદોક્ત (વેદે કહેલા) નિત્ય-નૈમીત્તિકાદિ –કર્મો નો ત્યાગ મુમુક્ષુ એ શા માટે કરવો જોઈએ?
(કદાચ કોઈ ને શંકા થાય તો) આ શંકા નું સમાધાન એ પ્રમાણે છે કે-
નિત્ય-નૈમીત્તિકાદિ કર્મો નું ફળ જુદું છે,અને શ્રવણ નું ફળ જુદું છે.
આ બંને ની સામગ્રી જુદી છે અને બંને ના અધિકારીઓ પણ જુદા છે.

(સ્વર્ગાદિ) કામના વાળો પુરુષ,નિત્ય-નૈમીત્તિકાદિ કર્મો નો અધિકારી છે,અને
નિષ્કામ પુરુષ શ્રવણાદિ-નો અધિકારી છે. (૧૭૬-૧૭૭-૧૭૮)

નિત્ય-નૈમીત્તિકાદિ કર્મો નો અધિકારી,તે, તે કર્મો(નિત્ય-નૈમીત્તિકાદિ) ની ઇચ્છાવાળો અને સમર્થ હોવો જોઈએ.એમ
વેદમાં સકામ કર્મ-નિષ્ઠ નું લક્ષણ કહ્યું છે.અને
“લોક ની પરીક્ષા કરી ને શ્રવણાદિ કર્મ કરનારો” એમ મોક્ષને ઈચ્છનારનું લક્ષણ કહ્યું છે. (૧૭૯)

--મોક્ષ નો અધિકારી સન્યાસી છે અને કર્મ નો અધિકારી ગૃહસ્થ છે.
--કર્મ કરવામાં સાધન કર્મ નું સાધન (વેદિકા,સ્ત્રી -વગેરે) જરૂરી છે,જયારે
 શ્રવણ કરવા ઇચ્છતા મુમુક્ષુ ને ગુરૂ વિના કોઈ સાધન ની જરૂર નથી.
--કર્મથી તો અહંકાર ઉપરાઉપરી ઘણો જ વધ્યે જાય છે,પણ
 શ્રવણ થી તો પ્રતિક્ષણ અહંકારનો નાશ થતો જાય છે.
--કર્મ દર્શાવનારું શાસ્ત્ર પ્રવૃત્તિ માર્ગે લઇ જાય છે,
 અને જ્ઞાન-શાસ્ત્ર તો નિવૃત્તિ માર્ગ તરફ દોરે છે. (૧૮૦-૧૮૧-૧૮૨)

કર્મના સાધનોમાં તથા જ્ઞાનના સાધનોમાં તેમજ કર્મના અધિકારીઓમાં અને જ્ઞાનના અધિકારીઓમાં,
વિપરીતતા રહેલી છે, અને એ બંનેની સામગ્રી ને તથા તે બનેના અધિકારીઓને-
કોઈ કાળે એકબીજાની જરૂર પડતી નથી.

વળી ઉત્તમ પ્રકારનું જ્ઞાન સર્વોત્કૃષ્ટ બ્રહ્મને પમાડે છે,પણ કર્મ તો તેનાથી નીચેની ગતિઓમાં લઇ જાય છે.

તેથી એ બંનેને (જ્ઞાન ને કર્મ વાળાઓ ને) એક બીજાની જરૂર કેવી રીતે થાય?

અથવા જેમ અગ્નિ અને ઘાસ ની ગંજી સાથે રહી શકે નહિ,અને તેજ તથા અંધકારનો સહ-યોગ કદી હોય જ નહિ,તેમ જ્ઞાન અને કર્મ નો સહ-યોગ (એકઠા રહેવું) કદી હોઈ શકે જ નહિ.
આમ કર્મ એ જ્ઞાન નું વિરોધી છે,તેથી એ કર્મ જ્ઞાન પર શું ઉપકાર કરે?(ન જ કરે)
જે કર્મ ના સમીપ રહેવાથી (જવાથી) પણ જ્ઞાન પોતે જરાયે વધુ વિકાસ પામતું નથી (૧૮૩-૧૮૬)

જેમ,કરોડો લાકડાના મોટા ઢગલાથી અગ્નિ સળગાવ્યો હોય,તો પણ તે સૂર્યનો ઉપકાર કરવા માટે, જરા પણ યોગ્ય નથી,
તેમ,હજારો કે કરોડો પ્રકારનું કર્મ,જ્ઞાનનો ઉપકાર કરવા માટે યોગ્ય નથી,
ઉલટું,જ્ઞાનની આગળ,કર્મ પોતે જ નાશ પામે છે. (૧૮૭)

બે હાથ,એક જ કર્તા ના આશ્રયવાળા છે,છતાં જેમ,જમણો અને ડાબો હાથ, જુદાં જુદાં કર્મ ના અધિકારી છે,
તે જ પ્રમાણે જ્ઞાન ને કર્મ નો સહ-યોગ કદી યોગ્ય નથી. (૧૮૮)

કર્મને,તો તે (કર્મો) ને કરનારો (કર્તા), કર્મ કરવાને,નહિ કરવાને કે વિપરીત કરવાને સમર્થ છે,
(એટલે કે કર્મ એ કર્તા ને અધીન છે)પરંતુ,
એ પ્રમાણે કોઈ “વસ્તુ” નું (ઈશ્વર નું) જ્ઞાન કર્તા ને અધીન નથી. (૧૮૯)

જે “વસ્તુ”(ઈશ્વર),જેવા સ્વરૂપમાં છે,તેવા સ્વરૂપમાં તેનું જ્ઞાન “વેદરૂપ પ્રમાણ” દ્વારા થઇ શકે છે,એટલે કે.
જ્ઞાન ને કોઈ કર્મ ની કે યુંક્તિની કુશળતા ની લેશમાત્ર જરૂર નથી. (૧૯૦)

“જ્ઞાન જો “વસ્તુ” ને જ અધીન હોય,તો એ વસ્તુના સંબંધમાં જ્ઞાન કરનાર કર્તાને સંશય કેમ થાય છે?
માટે જ્ઞાન એ વસ્તુ ને અધીન નથી પણ કર્મ ની પેઠે કર્તા ને અધીન છે”
આવી શંકા વિદ્વાનો એ ન કરવી,કારણકે-
“પ્રમાણ” ની વેદો જેવી,ઉત્તમતા ના હોય,તો તેણે લીધે જ સંશય-વગેરે થાય છે,
એટલે સંશય વગેરે ને “વસ્તુ” સાથે કોઈ જ સંબંધ નથી.
“વેદ-રૂપી” ઉત્તમ પ્રમાણ જો હયાત છે તો “વસ્તુ” નું જ્ઞાન થાય જ છે.
માટે જ્ઞાન “વસ્તુ” (ઈશ્વર) ને અધીન છે,”કર્તા” ને અધીન નથી. (૧૯૧-૧૯૨)

આ “વસ્તુ” એ બીજી કોઈ સમજવાની નથી,પરંતુ,
નિત્ય,સત્ય,અવિકારી,અવિનાશી અને વ્યાપક –પરબ્રહ્મને જ સમજવી,
અને વેદ-રૂપ પ્રમાણ હયાત છે,તેથી કોઈની પણ જરૂર વિના તેનું (ઈશ્વરનું)જ્ઞાન થઇ શકે છે. (૧૯૩)

જેમ,આંખ સારી હોય (આંખે સારું દેખાતું હોય) તો જ રૂપ નું જ્ઞાન થઇ શકે છે,
તેમ,વેદ-રૂપ,ઉત્તમ પ્રમાણ હોય,તો જ બ્રહ્મ-રૂપ “વસ્તુ” નું જ્ઞાન થઇ શકે છે. (૧૯૪)

જેમ,મનુષ્ય ની આંખ ને રૂપ જાણવામાં,ખાસ કોઈ ક્રિયા (કર્મ) ની જરૂર હોતી નથી,
(આંખ ખુલ્લી હોય તો રૂપ દેખાઈ જ જાય છે)
તેમ,શ્રવણાદિ-થી ઉત્પન્ન થયેલા જ્ઞાનને,
બ્રહ્મ-રૂપ “વસ્તુ” ના પ્રકાશમાં (તેને જોવામાં) કોઈ કર્મની જરૂર નથી (૧૯૫)

કર્મ,એ કર્તા ને અધીન છે,શુભ-અશુભ ફળ એ કર્મ ને અધીન છે,

ઉત્તમ અનુભવ “જ્ઞાન” એ વેદ-રૂપ પ્રમાણ ને અધીન છે,અને આ જગત માયા ને અધીન છે. (૧૯૬)

ઇશોપનિષદ ને આધારે (તેમાં કહ્યા મુજબ), વિદ્યા અને અવિદ્યા ને એકી સાથે ઉપાસવાનું કહી,
તે (વિદ્યા અને અવિદ્યા) એકબીજા ને પરસ્પર ઉપકારક અને સહાયક છે,એમ,જણાવે છે,
પણ અહીં,”અવિદ્યા” શબ્દ થી “સત્કર્મ” અને “વિદ્યા” શબ્દ થી “ઉપાસના” સમજવાની છે,
નહિ કે- વિદ્યા એટલે “આત્મ-જ્ઞાન” અને “અવિદ્યા” એટલે “કર્મ”
આત્મજ્ઞાન અને કર્મ ને કદી પરસ્પર ઉપકારક કે સહાયક માનવાના નથી. (૧૯૭)

જે મનુષ્યની બુદ્ધિને આત્મ-જ્ઞાનની વાત થી કંટાળો હોય,જેને નિત્ય કે અનિત્ય પદાર્થ નું જ્ઞાન ન હોય,
અને,જેનું હ્રદય,આ લોક તથા પરલોકના ભોગ્ય પદાર્થોમાં જ લાગેલું રહેતું હોય,
<u>તેવા જડ (અજ્ઞાની) ને માટે જ વેદે યજ્ઞ-યજ્ઞાદિ અને નિત્ય-નૈમિત્તિક કર્મો ની આજ્ઞા કરેલી છે,</u>
પરંતુ જે પુરુષ ચારે બાજુથી વૈરાગ્ય પામી,કેવળ મોક્ષ ને જ ઇચ્છતો હોય અને પરમાંનાદ નો જ અર્થી હોય,
<u>તેવા બુદ્ધિમાન પુરુષ માટે વેદે કર્મો કરવાની આજ્ઞા કરી નથી</u>. (૧૯૮)

વિદ્વાન મુમુક્ષુ.મોક્ષ ની ઇચ્છાથી જે દિવસે વૈરાગ્ય પામે તે જ દિવસે તેણે સંન્યાસ લઇ લેવો,
એમ વેદ આજ્ઞા કરે છે. અને એ જ ઉત્તમ વેદ-વચન ના આધારે,મહા-બુદ્ધિમાન પુરુષોએ,
આ સંન્યાસ ને જ “પ્રમાણ” તરીકે મન માં ચોક્કસ રીતે માનવો. (૧૯૯)

શ્રીકૃષ્ણ ગીતા માં કહે છે કે-“હું વેદો કે તપ વગેરે થી પ્રાપ્ત થતો નથી” અને આમ કહીને,
આત્મા ના અપરોક્ષ અનુભવમાં વેદ-વગેરેને સાધન તરીકે ગણવાની ના પાડે છે.
એટલે કે આત્મા નો અનુભવ કરવા માટે જ્ઞાન જ સાધન છે,વેદોક્ત-કર્મ વગેરે સાધન નથી. (૨૦૦)

વેદ માં બે માર્ગ બતાવ્યા છે.(૧) પ્રવૃત્તિ અને (૨) નિવૃત્તિ,
તેમાં પ્રવૃત્તિ થી મનુષ્ય બંધાય છે અને નિવૃત્તિ થી મુક્તિ પામે છે. (૨૦૧)

મૂઢ હોય તેણે પણ, પોતે ક્યાંય બંધાય તે ગમતું હોતું નથી,માટે મોક્ષ ની ઈચ્છા રાખનારે
કર્મ નો ત્યાગ કરવા રૂપ “નિવૃત્તિ” જ સ્વીકારવી જોઈએ. (૨૦૨)

જ્ઞાન અને કર્મ નો સહયોગ ઘટતો જ નથી,માટે જ્ઞાન ની ઈચ્છા રાખનારે,
પ્રયત્નપૂર્વક હંમેશાં કર્મો નો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. (૨૦૩)

કોઈ પણ “વસ્તુ” ને પોતાનું ઇચ્છિત સાધવા,”સાધન” તરીકે સ્વીકારી હોય,પણ,
પાછળથી (થોડા સમય પછી) એ વસ્તુ –સાધન તરીકે સાર વિનાની જણાય, તો તેની દરકાર કોણ કરે?
એટલે કે જ્ઞાન માટે કર્મ ઉપયોગી નથી,એમ સ્પષ્ટ સમજી ને તેને છોડવું જોઈએ. (૨૦૪)

“ઉપરતિ” શબ્દ નો અર્થ એ છે કે-પૂર્વે અનુભવેલી વિષયાકાર વૃત્તિઓ થી અટકવું અને પાછા ફરવું.
આ અર્થ એ (વિષયાકાર) વૃત્તિઓને લીધે બે પ્રકાર નો છે-મુખ્ય અને ગૌણ. (૨૦૫)

માનસિક વૃત્તિ (મનથી) “દૃશ્ય પદાર્થો નો ત્યાગ” કરી દે,-એ “ઉપરતિ” નો મુખ્ય અર્થ છે.અને
“કર્મો નો ત્યાગ” કરી દે –એ ગૌણ અર્થ છે.
આ કર્મ-ત્યાગ માં (કર્મ-સંન્યાસમાં) “શ્રવણ” ને તેના અંગ તરીકે માન્યું નથી,
(એટલે કે સર્વ કર્મો ત્યજવા યોગ્ય છે પણ શ્રવણ-રૂપ કર્મ કદી ત્યજવા યોગ્ય નથી) (૨૦૬)

હરકોઈ પુરુષે,મુખ્ય વસ્તુ (ઈશ્વર) સિદ્ધ કરવા માટે તેના અંગ નો (શ્રવણનો) આશ્રય તો કરવો જ જોઈએ,
અંગ વિના મુખ્ય સાધ્ય (ઈશ્વર) સિદ્ધ થતું જ નથી. (૨૦૭)

સારી રીતે વૈરાગ્ય પામેલા પુરુષે,આ લોક અને પરલોક ના વિષયોનું સુખ ત્યજી દેવું,તે જ સંન્યાસ છે,
પરંતુ જેને વૈરાગ્ય થયો ના હોય,અને ઉપલક સંન્યાસ લીધો હોય,તો તે નિષ્ફળ (ખોટો) જ છે.
જેમ યજ્ઞ ના અનાધિકારી પાસે યજ્ઞ કર્વ્યો હોય તો તે નિષ્ફળ છે-તેમ. (૨૦૮)

સંન્યાસ લીધા પછી,સંન્યાસીએ,પૂર્વના અનુભવેલા વિષયોનું સ્મરણ પણ ના કરવું જોઈએ,
કેમ કે જો તે,સ્મરણ કરે તો તે સંન્યાસ થી ભ્રષ્ટ થાય છે ને લોકો માં તે નિંદા ને પાત્ર બને છે,(૨૦૯)

## શ્રદ્ધા

ગુરૂ અને વેદાંત ના વાક્યો ઉપર “આ સત્ય જ છે” આવી નિશ્ચયવાળી બુદ્ધિ એ “શ્રદ્ધા” કહેવાય છે.
અને આ શ્રદ્ધા એ મુક્તિ ની સિદ્ધિ માં પ્રથમ કારણ છે. (૨૧૦)

શ્રદ્ધાવાળા સત્પુરુષો નો જ હરકોઈ પુરુષાર્થ સિદ્ધ થાય છે-એમ કહેવાય છે.જયારે બીજા, શ્રદ્ધા વગરના પુરુષ નો
કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. અને આ અભિપ્રાય થી વેદ પણ કહે છે કે-
“તને ઉપદેશેલા અતિ સૂક્ષ્મ પરમાર્થ-તત્વ પર તુ શ્રદ્ધા રાખ”. (૨૧૧)

શ્રદ્ધા વિનાનો મનુષ્ય (સત્ય ને પામવા માટેની) પ્રવૃત્તિ કરતો નથી,અને
પ્રવૃત્તિ નહિ કરનારને કોઈ સાધ્ય (સત્ય-ઈશ્વર) ની સિદ્ધિ થતી નથી,
આવી અશ્રદ્ધા ને લીધે જ બધા જીવો નાશ પામે છે ને સંસાર-રૂપ સમુદ્રમાં ડૂબે છે. (૨૧૨)

દેવ,વેદ,ગુરૂ,મંત્ર,તીર્થ,કોઈ મહાત્મા કે દવા પ્રત્યે જેવી જેની શ્રદ્ધા હોય છે તે પ્રમાણે જ,
તે મનુષ્યો ને ફળ-સિદ્ધિ પ્રગટે છે.(જેવી શ્રદ્ધા-તેવો લાભ) (૨૧૩)

પરમાત્મા-રૂપ “વસ્તુ” છે જ,આવો સદ-ભાવ-યુક્ત નિશ્ચય જો હોય,તો જ તે વસ્તુ તેને મળી શકે,
અને શાસ્ત્રો દ્વારા સિદ્ધ થયેલી,”શ્રદ્ધા” ને લીધે જ એવો સદભાવ-યુક્ત નિશ્ચય થાય છે. (૨૧૪)

માટે ગુરૂ અને વેદાંત નાં વાક્ય પર સારી રીતે શ્રદ્ધા કેળવવી જોઈએ,કેમકે,
મુમુક્ષુ,જો શ્રદ્ધાળુ હોય તો જ ફળ (ઈશ્વર) સિદ્ધ થાય છે,નહિ તો ફળ સિદ્ધ થતું નથી. (૨૧૫)

જેવું હોય તેવું “સત્ય” (ઈશ્વર) વિષે જ બોલવું,કે જે મનુષ્યો ને શ્રદ્ધા થવામાં કારણ બને છે,
વેદ,એ ઈશ્વર ના વચન છે,તેથી તે સત્ય હોય તેમાં સંશય નથી. (૨૧૬)

મુક્ત પુરુષ “ઈશ્વર-સ્વ-રૂપ” છે,તેથી તેવા ગુરુની વાણી પણ એવી જ સત્ય હોય છે,અને આથી જ,
બુદ્ધિમાન સજ્જનો ને વેદ અને ગુરુનાં વચન પર “શ્રદ્ધા” થાય છે. (૨૧૭)

## સમાધાન

વેદમાં કહેલા અર્થ ને જાણવા માટે વિદ્વાન પુરુષ જ્ઞેય (જાણવા યોગ્ય-ઈશ્વર) “વસ્તુ” માં,
ચિત્ત ને સારી પેઠે સ્થાપે,એ “સમાધાન” (એકાગ્ર-પણું) કહેવાય છે. (૨૧૮)

ચિત્ત કેવળ “સાધ્ય” (પરમાત્મા) માં જ તત્પર બને,તો એ જ સાધ્ય નો પુરુષાર્થ સિદ્ધ થવામાં કારણ છે,
બીજા કોઈ પણ પ્રકારે “સાધ્ય” સિદ્ધ થતું નથી, એટલે જો મન (ચિત્ત) નો જરા પણ પ્રમાદ (આળસ) થાય,
તો “સાધ્ય” (પરમાત્મા) ને સિદ્ધ કરવા નો પ્રયત્ન નિષ્ફળ જાય છે. (૨૧૯)

જેમ,નિશાનને ભેદનારો પુરુષ, જો ચિત્ત,દૃષ્ટિ,તથા ઇન્દ્રિયો અને તેના વ્યાપારોને જો એક જ નિશાનમાં
એકાગ્ર કરે તો જ તે નિશાન ને ભેદી શકે છે,પણ જો નિશાનબાજથી જો થોડો પણ પ્રમાદ થઇ જાય તો,
તેના બાણ ને નિશાન પર લગાવવાનો પ્રયોગ નિષ્ફળ થઇ જાય છે,
તેમ,ચિત્ત નું “સમાધાન” (એકાગ્રપણું) એ “સાધ્ય” (ઈશ્વર)ની સિદ્ધિ માં મુખ્ય કારણ છે.
માટે મુમુક્ષુઓમાં આ “સમાધાન” સદાકાળ હોવું જોઈએ. (૨૨૦-૨૨૧)

અત્યંત “વૈરાગ્ય” અને (ઈશ્વર-રૂપી) ફળ મેળવવાની મોટામાં મોટી “ઈચ્છા” –
આ બંને ને પણ સમાધાન નાં “કારણ” જાણવાં. (૨૨૦)

શ્રુતિ કહે છે કે-મુક્તિ માટે,બ્રહ્મચર્ય-વગેરે “બહારનાં અંગો” છે,અને
ઉપર કહેવામાં આવેલાં “**શમ-દમ-તિતિક્ષા-ઉપરતિ-શ્રદ્ધા-સમાધાન”** એ છ- “અંદરનાં અંગો” છે.
પંડિતો પણ કહે છે કે-બહિરંગ (બહારનાં અંગો) કરતાં અંતરંગ (અંદરના અંગો) વધારે બળવાન છે.
માટે જિજ્ઞાસુ માં શમ-આદિ (ષટ-સંપત્તિ) છ અંદરના અંગો અવશ્ય હોવાં જોઈએ. (૨૨૧)

જેમ,યુદ્ધ કરનાર લડવૈયો,જો ધીરજ વિનાનો હોય,તો તેની પાસે હથિયારો ઘણાં હોવાં છતાં નકામાં છે,
તેમ,મુમુક્ષુ,જો કરોડો પ્રકારનાં શ્રવણાદિ કરે પણ,તેનામાં ઉપર દર્શાવેલ,શમાદિ-છ અંદરનાં અંગો ના
હોય તો એ શ્રવણાદિ સફળ થતાં નથી. (૨૨૫)

## મુમુક્ષતા

વિદ્વાન પુરુષ જયારે “બ્રહ્મ અને આત્મા એક છે” એવું “અનુભવ જ્ઞાન” મેળવી ને,
“સંસાર-રૂપ પાશ” નું બંધન છોડી નાખવા ઈચ્છે છે-એ મુમુક્ષુ કહેવાય છે. (૨૨૬)

આ “મુમુક્ષા” જ સર્વ “સાધનો” નું મૂળ કારણ છે,કારણકે,જેને મોક્ષ માટે ઈચ્છા જ ના હોય,અને તે દ્વારા
જે પ્રવૃત્તિ જ ન કરે,તેને માટે શ્રુતિ-શ્રવણ શું? અને તેનું ફળ (ઈશ્વર) પણ શું? (૨૨૭)
તીવ્ર,મધ્યમ,મંદ,અને અતિમંદ-આમ ચાર પ્રકારની મુમુક્ષા છે.એ સાંભળો. (૨૨૮)

અનેક સ્વરૂપોવાળા,ત્રણ તાપો થી નિત્ય સંતાપ પામતો, અને તેથી જેનો અંતરાત્મા ગભરાઈ ગયો હોય,
એવો મનુષ્ય સર્વ પરિગ્રહ નો, તે સર્વ અનર્થ છે,એમ સમજી, તે સર્વ નો (બુદ્ધિ થી પણ) ત્યાગ કરી દે,
તે-અતિ તીવ્ર મુમુક્ષા છે. (૨૨૯)

ત્રણ તાપોની તીવ્રતા જોઈ ને સ્ત્રી,પુત્ર –આદિ ને ત્યજી દેવા માટે –એં બંને ની વચ્ચે,
જે મનુષ્યની બુદ્ધિ, ડોલ્યા કરે તેને મધ્યમ મુમુક્ષા માની છે. (૨૩૦)

“મોક્ષ માટે હજી વાર છે,હમણાં મારે શું ઉતાવળ છે? ભોગ ભોગવી,બધાં કર્યો કર્યા પછી,હું મુક્તિ માટે પ્રયત્ન
કરીશ” એવી જે બુદ્ધિ છે તે મંદ-મુમુક્ષા કહેવાય છે. (૨૩૧)

"માર્ગે જનાર ને જેમ મણિ મળી આવે છે,તેમ મને પણ મોક્ષ મળી આવે તો કેવું સારું?"
એવી આશામાં મંદ-મતિ લોકો ની બુદ્ધિ ભમ્યા કરતી હોય છે,તે –અતિમંદ-મુમુક્ષા છે. (૨૩૨)

--અનેક હજારો જન્મો માં તપ કરી ને જેણે ઈશ્વરને આરાધ્યા હોય,અને
--તે દ્વારા હ્રદયમાં રહેલાં સર્વ પાપો,જેનાં ધોવાઈ ગયાં છે,
--જે શાસ્ત્રો ને જાણતો હોય--જેને સ્પૃહા (ઈચ્છા) રહી ના હોય--જે નિત્ય-અનિત્ય પદાર્થ ને સમજતો હોય,
--જે મુક્તિ ઈચ્છતો હોય અને વ્રતો માં દૃઢ હોય,
એવો મનુષ્ય,(ભલે તે ગમે તે વર્ણ નો હોય),પણ અગ્નિથી તપેલા વાસણને જેટલી ઝડપથી,ત્યજી દેવામાં આવે છે,તેટલી જ ઝડપથી,મુમુક્ષતાથી -ઘરને છોડી દે છે. (૨૩૩-૨૩૪-૨૩૫)

એવો પુરુષ જ ગુરુની કૃપાથી,તત્કાળ સંસાર તરે છે,અને
--જે એવો તીવ્ર મુમુક્ષુ છે,તે જીવતાં જ મુક્ત થાય છે, પરંતુ,
--મધ્યમ-મુમુક્ષાવાળો કોઈ બીજા "જન્મ" માં, અને
--મંદ મુમુક્ષાવાળો કોઈ બીજા "યુગ" માં મુક્ત થાય છે,પણ,
--અતિમંદ મુમુક્ષા વાળો તો કરોડો કલ્પો માં યે સંસાર બંધન થી છૂટતો નથી. (૨૩૬-૨૩૭)

વિદ્વાનો કહે છે કે-મનુષ્ય જન્મ અતિ-દુર્લભ છે,તેમાં પણ પુરુષ થવું,દુર્લભ છે,અને તેમાં પણ વિવેક થવો દુર્લભ છે.અને જેણે આ ત્રણે વસ્તુ મેળવી હોય તે મહાન આત્મા છે,અને તેણે,
તરત જ વૈરાગ્ય પામી,મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. (૨૩૮)

પુત્ર,મિત્ર,સ્ત્રી-આદિ સર્વ સુખ તો દરેક જન્મ માં મળે છે,પરંતુ,
મનુષ્ય-પણું,પુરુષ-પણું,અને વિવેક-એ મનુષ્ય જન્મ સિવાય,બીજા કોઈ જન્મમાં મળતા નથી. (૨૩૯)

અતિ-દુર્લભ કરતાં યે અતિશય-દુર્લભ,એવો મનુષ્ય જન્મ મળ્યો હોય,તેમાં પણ વળી જો પુરુષ-પણું પ્રાપ્ત થયું હોય,અને તેમાં પણ જો સારા-નરસા નો વિવેક મળ્યો હોય,
તેમ છતાં જે મનુષ્ય,આ "લોક" ના જ સુખો માં રચ્યો-પચ્યો રહે,
તે કુમતિ (ખરાબ બુદ્ધિ વાળા),અધમ પુરુષ ને ધિક્કાર હો!! (૨૪૦)

કૂતરાં,ભુંડ,ગધેડાં-વગેરે પ્રાણીઓ પણ હર-હંમેશાં,માત્ર, ખાય-પીએ અને આનંદ પામે છે,પણ
મનુષ્યોમાં જેમની વૃત્તિ તે પ્રાણીઓ જેવીજ હોય તો,તેમનામાં અને મનુષ્યોમાં ફરક શું? (૨૪૧)

જ્યાં સુધી,કોઈ રોગ થયો ના હોય,ઘડપણે ઘેરી લીધા ના હોય,બુદ્ધિ બગડી ના હોય,અને મૃત્યુ ને જોયું ના હોય,ત્યાં સુધી જ મનુષ્ય સ્વસ્થ-પણે, સાર-ગ્રહણ કરવામાં તત્પર રહી શકે છે,
માટે વિવેકી એ તરત જ સંસાર-બંધન માંથી છૂટી જવા પ્રયત્ન કરવો. (૨૪૨-૨૪૩)

દેવો,ઋષિઓ,પિતૃઓ,અને મનુષ્યો નાં ઋણ-રૂપી બંધન થી મુક્ત થયેલા તો કરોડો જોવા મળે છે,પરંતુ,
સંસાર-રૂપી બંધન થી મુક્ત થયેલો,"બ્રહ્મ-વેતા" પુરુષ તો કોઈ ભાગ્યે જ મળે છે.(૨૪૪)

જ્યાં સુધી,મનુષ્ય કામ-ક્રોધાદિ અંદરના બંધનો થી બંધાયેલો હોય,અને ભલે જો એનાં બહારનાં બંધનો કદાચ છૂટી જાય,તો પણ તેનું ફળ (મુક્તિ) કશું નથી,
માટે વિદ્વાનો એ અંદરના બંધનોથી (કામ,ક્રોધ-વગેરેથી) છૂટી જવા પ્રયત્ન કરવો જોઈએ. (૨૪૫)

તીવ્ર મુમુક્ષતા,એ ક્રિયામાં (સક્રિય અને આચરણમાં ઉતારેલી) પરિણમેલી જ સાચી માનેલી છે,

બાકીની તો કેવળ પોતાને કે બીજાને ખુશી કરવા પૂરતી જ હોય છે,કે જેમાં,
ક્રિયા,એટલે કે –“મુમુક્ષતાને અનુસરતું આચરણ” –દેખાતું નથી. (૨૪૬)

ઘર વગેરે સર્વ પદાર્થો પોતાના પતિ વિના તુચ્છ છે,આવી બુદ્ધિ થી પોતાના મરેલા પતિની પાછળ સુખ થી
અગ્નિ માં પ્રવેશ કરવા ઇચ્છતી,સતી સ્ત્રી ના જેવી “સુદૃઢ અને ચોકસાઈ વાળી તાલાવેલી અને ક્રિયા”,
એ જ મુમુક્ષુ ને મોક્ષ-રૂપ ફળ ની પ્રાપ્તિ સુધી પહોંચી જવા માટે સાધન છે. (૨૪૭)

નિત્ય અને અનિત્ય પદાર્થોનો વિવેક,”દેહ ક્ષણિક છે” તેવી બુદ્ધિ,મૃત્યુ નો ભય અને સંસાર નો તાપ-
આ બધાં મુમુક્ષતા વધવાનાં લક્ષણો છે. (૨૪૮)

અત્યાર સુધીમાં -ઉપર કહેવામાં આવેલાં ચાર સાધનો
(સાધન ચતુષ્ટ્ય-વિવેક-વૈરાગ્ય,શમાદિ(ષટ સંપત્તિ),અને મુમુક્ષતા)- પૈકી,
--“વિવેક” નામનું પહેલું સાધન-એ મુમુક્ષુ નું મસ્તક ગણાય છે,
--“વૈરાગ્ય” એ મુમુક્ષુ નું શરીર ગણાય છે.
--“શમાદિ ષટ-સંપત્તિ” (શમ,દમ,તિતિક્ષા,ઉપરતિ,શ્રદ્ધા,સમાધાન) એ મુમુક્ષુ નાં છ અંગો છે. અને
--“મુમુક્ષતા” એ મુમુક્ષુ ના “પ્રાણ” કહેવાય છે.
આવાં અંગો વાળો,જિજ્ઞાસુ (મુમુક્ષુ) જો યુક્તિ-કુશળ અને શૂરો હોય,તો ઉત્તમ જ્ઞાન-રૂપી તલવારથી,
ચોક્કસ મૃત્યુ નો નાશ કરે છે (એટલે કે મોક્ષ ને પામે જ છે) (૨૪૯-૨૫૦)

ઉપર કહેવામાં આવેલ સાધન-ચતુષ્ટ્ય થી સંપન્ન જિજ્ઞાસુ એ,નિયમ-નિષ્ઠ બની,આત્મ-તત્વ ની જીજ્ઞાસા માટે
નીતિ થી ઉજ્જવળ બનવું,અને પછી હાથમાં સમિધો લઇ ગુરુને શરણે જવું. (૨૫૧)

## <u>સદગુરૂ ના લક્ષણો</u>

જે શ્રોત્રિય,બ્રહ્મનિષ્ઠ,અતિશય શાંત,સમદ્રષ્ટિવાળા,મમતા રહિત,અહંકાર વિનાના,
સુખ-દુઃખ-રાગ-દ્વેષ વગેરે જોડકાં વિનાના,પરિગ્રહ રહિત,કોઈ ની દરકાર વિનાના,પવિત્ર,ચતુર અને દયા-રૂપ
અમૃત ના સાગર હોય, **<u>તે જ ગુરૂ તરીકે યોગ્ય છે</u>**.માટે એવાં લક્ષણો વાળા,અને બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ગુરુનું
જિજ્ઞાસુએ સ્વાર્થની (આત્મ-તત્વ ની જીજ્ઞાસા) સિદ્ધિ માટે,કાળજી થી શરણ લેવું. (૨૫૨-૨૫૩)

વેદમાં કહેલ લક્ષણવાળી અને સદા આદર-યુક્ત ભક્તિથી,ભક્તોએ અનેક સેંકડો જન્મો થી ઈશ્વર ને બરાબર
આરાધ્યા હોય,તો તે ઈશ્વર પોતે જ સંતુષ્ટ થઇ ને શ્રી-ગુરૂ ના સ્વ-રૂપે, સાક્ષાત પધારી ને,કૃપા કરી ને પ્રત્યક્ષ
દર્શન દે છે,અને પછી એ પ્રભુ (ગુરૂ-રૂપ પ્રભુ) સારી રીતે તત્વ વસ્તુ સમજાવી,
સંસાર નાં દુઃખોરૂપ સમુદ્ર થી ભક્તો ને તારે છે. (૨૫૪)

“ગુરૂ” શબ્દ ના અર્થ ને જાણનારા વિદ્વાનો,એને જ “ગુરૂ” કહે છે કે-
જેનાથી અવિદ્યા (અજ્ઞાન) રૂપી હૃદય ની ગાંઠ છૂટી જાય. (૨૫૫)

શિવ જ ગુરૂ છે અને ગુરૂ પોતે જ સાક્ષાત શિવ છે.
મુમુક્ષુ ઓએ શિવ અને ગુરુ- એ બંને માં જરા પણ ભેદ ના જોવો. (૨૫૬)

જે પોતે બંધનમાંથી છૂટ્યા હોય, અને બ્રહ્મનિષ્ઠ હોય એવા,કૃતાર્થ ગુરૂની સેવા કરવી,કે જેમની કૃપા થી,
સંસાર-સાગર,એ ગાય ના પગલાં જેવડો (નાનો) થઇ જાય છે ને તરવો સહેલો બને છે. (૨૫૭)

નિત્ય ની સેવા,ભક્તિ,પ્રણામો અને વિનય-યુક્ત વચનો થી પ્રથમ તો ગુરૂ ને પ્રસન્ન કરવા અને પછી તેમને, શરણે જઈ પોતાને જાણવું હોય તે આ પ્રમાણે પૂછવું- (૨૫૮)

હે ભગવન્ –હે કલ્યાણસાગર,આપ સંસાર-સમુદ્રમાં નૌકા સમાન છે,આપનો આશ્રય કરી વિદ્વાનો,અનાયાસે સમુદ્ર ના સામે પાર પહોંચી ગયા છે,
મેં બીજા જન્મો માં અત્યંત પુણ્ય-કર્મો કર્યા હશે,તેના ફળ નો ઉદય આજે સારી રીતે પ્રગટ્યો છે,
જેથી હું આપની કૃપાનું પાત્ર બન્યો છું,
આપ જેવા બ્રહ્મ-જ્ઞાનીનું દર્શન બંને નેત્રો ને અત્યંત પ્રીતિ ઉપજાવે છે,મુખ ને પ્રસન્ન કરે છે,
અંતઃકરણ ને આનંદી બનાવે છે,મોહનો નાશ કરે છે અને સદગતિ પ્રગટ કરે છે.
અબજો અગ્નિઓ,ચંદ્રો કે સૂર્યો જેનો નાશ કરવા સમર્થ નથી,તે અમારા અંતરના અજ્ઞાન-રૂપ અંધકાર ને,
આપ જેવો આત્મ-વેતા પુરુષ,માત્ર એક જ વાર ના દર્શનથી નાશ કરે છે.
આ સંસાર-રૂપ સમુદ્રનો પાર પામવો મુશ્કેલ છે,કારણકે –તે જન્મ-મરણ-રોગ-વગેરે દુઃખો થી તે ઉગ્ર અને ભયંકર લાગે છે,તેમાં પુત્રો,સ્ત્રી,મિત્રો વગેરે અનેક ઝુંડો ભરચક ભર્યા છે,તેથી એ ભય ઉપજાવે છે.
વળી કર્મ-રૂપ ઉંચા તરંગો,તેમાં ઉપરાઉપરી ઉછળી રહ્યા છે.
તેથી હું વારંવાર તેમાં ખેંચાઈ જાઉં છું,અને આમ-તેમ,અનેક ગતિઓમાં ભટક્યા કરું છું.
એમાંથી બચવા કોઈ શરણ જોતો નહોતો,પરંતુ કોઈ પુણ્ય-કર્મ બાકી રહ્યું હશે તેથી આપનાં ચરણ-કમળ નાં મને દર્શન થયાં છે, હું મૃત્યુ થી પીડાઉં છું,આપ દયા-દૃષ્ટિ કરી મારી રક્ષા કરો. (૨૫૯-૨૬૪)

શિષ્ય ના ઉપરોક્ત વચન ને સાંભળી ને તેના પર દયા-દૃષ્ટિ કરી ને ગુરૂ તેને અભયદાન દેતાં કહે છે કે-
તું ડરીશ નહીં,હે વિદ્વાન,તું મૃત્યુ નો ભય ત્યજી દે,તારું મરણ કદી છે જ નહિ,
તું તો નિત્ય,દ્વૈત-રહિત,પરમ આનંદ-મય આત્મા-રૂપ બ્રહ્મ છે.
તારૂં મન ભ્રમણા ને લીધે ભય પામ્યું છે,તેથી તું કંઈ જુએ છે અને મિથ્યા વચન બોલે છે કે-
“તમે મારી રક્ષા કરો” પણ આ ખોટો બકવાસ છે.
અને તે કોઈ પણ ઊંઘતા મનુષ્ય ના જેવો શૂન્ય અને જુઠો છે.
કોઈ પણ મનુષ્ય નિંદ્રા-રૂપ, ગાઢ-અંધકાર થી ઘેરાયો હોય,ત્યારે તેને કોઈ સ્વપ્નું આવે,કે જેમાં તે સર્પ થી ઘેરાઈ ગયો છે,તો તે એકદમ ગભરાઈ ને બકી પડે છે-હાય,હું મરી ગયો,બચાવો,બચાવો.
તે વખતે તેની પાસે રહેલો કોઈ હિતેચ્છુ,તે મનુષ્ય તેનો હાથ પકડી હથેળી પછાડી તેને જગાવે,
અને તેને પૂછે કે-શું થયું? ત્યારે તે સ્વપ્નમાંથી ઉઠેલો મનુષ્ય પોતે જ કહેશે કે-ના,કંઈ નથી.

તો સ્વપ્ન માં એણે ત્રાસથી બોલેલું વચન શું કંઈ અર્થવાળું છે? એ મને કહે.
એ જ પ્રમાણે તારાં આ વચનો અર્થ વગરનાં છે. જેમ અંધારામાં દોરડી ને દોરી તરીકે ના જોતાં,કોઈ પણ મનુષ્ય તેને સાપ રૂપ માની લે છે.અને અજ્ઞાન થી ચીસ પાડી ઉઠે છે કે- અહીં સાપ પડ્યો છે.અને ભય થી ધ્રુજવા માંડે,તે જુઠું જ છે.કારણકે સાચી રીતે વિચારવામાં આવે તો ત્યાં સાપ તો છે જ નહિ.

તે જ પ્રમાણે,તેં આત્મા ને જન્મ-મૃત્યુ,રાગ,ઘડપણ વગેરેનું જે દુઃખ કહ્યું તે બધું ખોટું જ છે,
માત્ર ભ્રમણા થી તેં એ કલ્પી લીધું છે.તું તારા મનમાં આ બધું વિચારીને ભય નો ત્યાગ કર.
તું શરીર નથી પણ તું આત્મા છે,છતાં જડ શરીરના ધર્મો ને આત્મા માં આરોપી વ્યર્થ શોક કરે છે,
માટે અજ્ઞાનથી થયેલો બધો ભય છોડી દઈને તું સુખી થા. (૨૬૫-૨૭૦)

તે સાંભળી શિષ્ય કહે છે કે-આપે કહ્યું કે બધું જુઠું છે,પરંતુ એ દૃષ્ટાંતમાં જ ઘટે (બને) છે.
જેના પર દૃષ્ટાંત આપો છો,(સંસાર) તેમાં તેવું ઘટતું (બનતું) જ નથી.
કારણકે સંસાર વગેરે ના દુઃખો સર્વ-લોકમાં પ્રસિદ્ધ છે.(૨૭૧)

જે વસ્તુ પ્રત્યક્ષ અનુભવાતી હોય,તે ખોટી છે,એમ કેમ કહી શકાય?
હું મારી નજરે ઘડો જોઉં છું,તો,તેને ખોટો કઈ રીતે કહું ? (૨૭૨)

હે પ્રભુ,જે વસ્તુ હયાત હોય તેનું મિથ્યાપણું કેમ ઘટે? (બની શકે?)
પ્રત્યક્ષ પ્રમાણ અતિ-સ્ફુટ (સાચા) અર્થવાળું છે,એમ બધા માને છે. (૨૭૩)

હું મર્ત્ય-ધર્મી (મરણ-ધર્મી) છું,જન્મ વગેરે ના દુઃખો પામી રહ્યો છું,અને અલ્પ જીવન વાળો છું,
તો મારું બ્રહ્મ-પણું,નિત્ય-પણું અને પરમાનંદ-પણું કેવી રીતે હોઈ શકે? (૨૭૪)

આત્મા કોણ છે? અને અનાત્મા કોણ છે?એ બે નું લક્ષણ શું છે? આત્મા માં અનાત્મા ના ધર્મોનો
આરોપ કઈ રીતે કરાય છે? (૨૭૫)

અજ્ઞાન શું છે?અને એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ <u>ભય</u> નો ત્યાગ પણ કેવી રીતે થાય?
જ્ઞાન શું છે? અને એ જ્ઞાન થી ઉત્પન્ન થતા <u>સુખ</u>ની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? (૨૭૬)

હે સ્વામીન્, હે દયાના ભંડાર,શ્રી ગુરુદેવ,આ બધું જે પ્રમાણે પ્રથમથી હોય, તે જ પ્રમાણે.સ્પષ્ટ રીતે,
હથેળીમાં રહેલાં આંબળા જેમ દેખાય છે, તેના જેમ આ બધું મને સમજાવો. (૨૭૭)

ગુરૂ કહે છે કે-અહો,તું ધન્ય છે,કૃતાર્થ છે,તારો વિવેક અદભૂત છે,ખરેખર તારા પર શંકર ની મોટી કૃપા થઇ
છે,કારણકે પ્રાકૃત લોક-માર્ગ નો ત્યાગ કરી તું બ્રહ્મ જાણવા પ્રયત્ન કરે છે. (૨૭૮)

શંકર ની કૃપા વગર સિદ્ધિ,બુદ્ધિ કે જ્ઞાન થતું નથી, શંકરની કૃપા વિના યુક્તિ સુઝતી નથી,કે,
શંકર ની કૃપા વગર મુક્તિ પણ મળતી નથી. (૨૭૯)

જેમની કૃપા થી શુકદેવજી આદિ મુનિઓ સંગ રહિત થયા હતા,અને સંસાર ના બંધન માંથી છૂટી ગયા,
તે શ્રી શંકરની કૃપા અનેક જન્મે મળે છે,કેવળ ભક્તિ થી જ તે પ્રાપ્ત થઇ શકે છે,અને,
સંસારમાંથી છુટવામાં પણ તે જ કારણ છે. (૨૮૦)

અનેક પુણ્યો નો પરિપાક ઉદય પામે છે,તો જ તેને લીધે ઈશ્વર ની કૃપા થાય છે,અને તે દ્વારા પ્રાણીઓ ને
અનેક જન્મે વિવેક (કર્તવ્ય-અકર્તવ્ય નું ભાન) પ્રકટે છે,અને એવી પ્રભુ-કૃપા થી જ તું આજે પરમાર્થ
જાણવા તૈયાર થયો છે, આ લોકમાં પુરુષો ના વિવેક નું ફળ આ જ હોવું જોઈએ. (૨૮૧)

વિદ્વાનો કહે છે કે-મનુષ્ય-પણું મળ્યું હોય,તેમાં પણ પુરુષ-પણું પ્રાપ્ત થયું હોય,તેમાં પણ બ્રાહ્મણ-પણું અને વિવેક
ની પ્રાપ્તિ થઇ હોય,તો તેનું મુખ્ય ફળ મોક્ષ જ છે,પણ,
એ બધું મળવા છતાં જો મોક્ષ ના સધાય તો એ સમગ્ર વ્યર્થ જ છે. (૨૮૨)

તારો પ્રશ્ન અતિ ઉત્તમ છે,કારણકે આત્મ-તત્વ જાણવા માટે તેની પ્રવૃત્તિ છે,માટે,
એ બધું મૂળ સાથે હું તને સમજાવું છું. તે તું આનંદ થી સાંભળ. (૨૮૩)

તેં ભ્રાંતિ (ભ્રમ) ને વશ થઇને જ પોતાના માં મરણ-ધર્મી-પણું કલ્પી લીધેલું છે.અને તેથી જ જન્મ વગેરે તથા
તેનાં દુઃખો પણ તેં કેવળ માની લીધેલાં જ છે,ખરી રીતે તેમનું કંઈ પણ નથી.એ વસ્તુ જ ખોટી છે.
<u>નિંદ્રા-રૂપ **“મોહ”** ને લીધે તને સુખ અને દુઃખ પ્રાપ્ત થાય છે.</u>

તેને તું જાગ્યા પછી તું કદી સાચાં જુએ છે? તે કહે. (૨૮૪)

“આ પ્રત્યક્ષ દેખાતો પ્રપંચ (સંસાર) બધા લોકો અનુભવી રહ્યા છે,તે જુઠ્ઠો કેમ હોય?”
એમ વિચારો માં શૂન્ય થઇ ને તું **“મોહ”** પામે છે.પણ સત્યમાં તારે એ શંકા કરવા જેવી નથી. (૨૮૫)

દિવસે આંધળાં ઘુવડ ને,દિવસમાં અજવાળું હોવાં છતાં તેમને અંધારું દેખાય છે,શું તે અંધારું સાચું છે?
તે જ પ્રમાણે ભ્રાંતિ થી જણાતા આ બધા પદાર્થ,ભ્રાંતિ પામેલા ને સાચા લાગે છે,પણ,
ઉત્તમ બુદ્ધિવાળા ની દૃષ્ટિ એ તો તે જુઠા જ છે. (૨૮૬)

“આ ઘડો છે” એમ કહેતાં “ઘડો” એવા નામવાળો કોઈ પદાર્થ દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ પ્રગટે છે,
પરંતુ ,જો વિચાર કરવામાં આવે તો તે ઘડો છે જ નહિ,એ તો ઘડા રૂપે જણાતી “માટી” જ છે.(૨૮૭)

દૂરથી સૂર્ય અંગુઠા જેવડો દેખાય છે,પણ શાસ્ત્ર તો એણે એક લાખ યોજન નો બતાવે છે.એટલે કે,
“પ્રત્યક્ષ પ્રમાણ” કોઈ ઠેકાણે “બીજા પ્રમાણ” થી બાધિત (નાશવંત) થાય છે,
તેથી એ પ્રત્યક્ષ સમજવામાં પણ કોઈ ચોક્કસ વ્યવસ્થા નથી.(કોઈ બાબતે પ્રત્યક્ષ ખોટું પડે છે)(૨૮૮)

માટે આમ તારામાં આ બધું (જન્મ-મરણ-વગેરે) પ્રત્યક્ષ પ્રમાણ તને ભ્રમ થી જ જણાયું છે,પણ,
ખરી રીતે તે ખોટું જ છે.તેને તું સાચું ના માન,તું સાક્ષાત બ્રહ્મ જ છે,
તારાથી જુદું તારી બુદ્ધિમાં તું શોધીશ મા.(નહિ) (૨૮૯)

બીજા “લોક”માં,કે બીજી હૃદય-રૂપી ગુફામાં,-બીજા તીર્થમાં કે બીજી કર્મો ની પરંપરામાં, -અથવા-
બીજા કોઈ શાસ્ત્ર માં જેઓ તપાસ કરી રહ્યા છે,તેઓને એમાં (ઉપરના સર્વમાં) કંઈ દેખાતું નથી,
એટલે જો વિચારવામાં આવે તો તેઓ (જે લોકો અહીં તહીં ખોળે છે) પોતે જ “પરબ્રહ્મ” છે.(૨૯૦)

જેમ મૂઢ-બુદ્ધિ ગોવાળિયો,પોતાની બગલમાં જ રહેલા બકરાને કૂવામાં શોધવા નીકળે છે,
તેમ મૂઢ મનુષ્ય પોતાના “આત્મા” માં જ રહેલું તત્વ નહિ સમજી,શાસ્ત્રોમાં જોયા કરે છે.(૨૯૧)

વળી કેટલાક પંડિતો,પોતાના આત્માને,પરમાત્માથી જુદો માની બીજા પરમાત્માને શોધ્યા કરે છે,
અને પોતાને આત્માને પણ બહાર,અન્નમય આદિ કોશોમાં શોધે છે.એ પણ આશ્ચર્ય છે.(૨૯૨)

વસ્તુ નું (આત્માનું) તત્વ ભૂલી જઈ,તે વસ્તુ માં –અવસ્તુ નો અને “અવસ્તુના ધર્મો” નો આરોપ કરવામાં આવે છે,
અને પછી મનુષ્ય વ્યર્થ શોક કરે છે,પણ વસ્તુ (આત્મા) સિવાય બીજું કંઈ જ નથી. (૨૯૩)

એમ કહી ગુરૂએ દયા ને લીધે,શિષ્ય ને તત્વ સમજવા માટે તત્પર બનાવ્યો.અને પછી,
શાસ્ત્રમાં કહેલા માર્ગે,તત્વ વસ્તુ-અને અધ્યારોપ -ની વાત વિસ્તારપૂર્વક અને સારી રીતે સમજાવી.
અને એ જ વસ્તુ અહીં સર્વના ઉપકાર માટે કહેવામાં આવે છે.
વસ્તુ માં અવસ્તુ નો આરોપ કરવો,તેને “અધ્યારોપ” કહેવાય છે.
જેમ દોરડી સાપ નથી,છતાં અંધારામાં ભ્રાંતિથી, તેમાં સાપ નો આરોપ કરાય છે. (૨૯૫-૨૯૭)
સત્ય,જ્ઞાન-આદિ લક્ષણવાળું “પરબ્રહ્મ” એ “વસ્તુ” છે, તેમાં ,
જેમ આકાશમાં વાદળી રંગ નો આરોપ કરાય છે,તેમ આ જગત (અવસ્તુ) નો આરોપ થાય છે.(૨૯૮)

તેનું કારણ **અજ્ઞાન** અને તેનું કાર્ય છે, તે જ સત્ “વસ્તુ” (બ્રહ્મ) થી જુદી “અવસ્તુ” કહેવાય છે,
આ “અવસ્તુ” નો સજ્જનો બાધ (નાશ) જોઈ શકે છે. (૨૯૯)

છીપમાં ભ્રમણા થી જણાતા રૂપાની પેઠે,જેનો “પ્રમાણો” દ્વારા બાધ (નાશ) થઇ શકે છે,તે “અવસ્તુ” છે.પણ જેમ,
કોઈ પણ કાળે છીપ નો બાધ (નાશ) થઇ શકતો નથી,તેથી તે “વસ્તુ” છે.
તેમ,જેનો ત્રણે કાળે બાધ (નાશ) થી શકતો નથી,તે **પરબ્રહ્મ “વસ્તુ” છે.** (૩૦૦)

ભ્રાંતિથી જણાતા રૂપાનો,ભ્રાંતિ દૂર થતાં,
જેવી રીતે બાધ (નાશ) થાય છે,તેવી રીતે છીપ નો બાધ થતો જ નથી,
એમ જ અજ્ઞાનથી જણાતા જગત નો,જ્ઞાન થતાં,
જેવી રીતે બાધ (નાશ) થાય છે,તેવી રીતે બ્રહ્મ નો બાધ થતો નથી.
માટે **“જગત” એ “અવસ્તુ” છે** એમ જ સમજવું.

બ્રહ્મ માં જગત નો આરોપ થાય છે તેનું કારણ **“અજ્ઞાન”** છે,
કે જેને સત્ કે અસત્ –રૂપે કહી શકાતું નથી, તે ત્રણ ગુણમય (સાત્વિક-રાજસિક-તામસિક) છે,
કેવળ વસ્તુ (બ્રહ્મ) નું યથાર્થ **“જ્ઞાન”** થતાં,એ **“અજ્ઞાન”** દૂર થઇ શકે છે.

એ જ “અજ્ઞાન” એ “બ્રહ્મ” માં પદાર્થો ને જણાવનારું છે,અને કેવળ “મિથ્યા સંબંધ” થી બ્રહ્મ નો આશરો કરીને
(તે પદાર્થો) રહે છે.તેમ છતાં તે (પદાર્થો) પોતાના આશ્રય-રૂપ (આશરો આપનાર) “બ્રહ્મ” ને કોઈ
દૂષણ લગાડી શકતાં નથી,
--આ સ્થાવર-જંગમ જગત એ અજ્ઞાનનું કાર્ય છે.અને તેની (અજ્ઞાનની) હયાતીમાં “ચિહ્ન-રૂપ” છે.
--શ્રુતિ અને સ્મૃતિ પણ તેના (અજ્ઞાન ના) હોવામાં “પ્રમાણ” છે. અને,
--“હું અજ્ઞાની છું” એવો અનુભવ તે, “અજ્ઞાન” નો “પુરાવો” છે. (૩૦૧-૩૦૪)

**એ “અજ્ઞાન” જ –“પ્રકૃતિ,શક્તિ અથવા અવિદ્યા” કહેવાય છે.**અને
છીપમાં જણાતા રૂપાની પેઠે તે સત્ પણ નથી અને અસત્ પણ નથી. (૩૦૫)

જેમ દીવાની કાંતિ (પ્રકાશ) એ, દીવાથી “જુદી” અથવા “નહિ જુદી” નથી,
તેમ, એ અજ્ઞાન બ્રહ્મ થી “જુદું” અથવા “નહિ જુદું” નથી.
બીજ માં રહેલા અંકુર ની પેઠે,તે (અજ્ઞાન) અવયવવાળું અથવા અવયવ-રહિત પણ નથી. (૩૦૬)

માટે જ વિદ્વાનો,તે અજ્ઞાન ને અનિર્વાચ્ય (અમુક સ્વરૂપે કહેવું અશક્ય) કહે છે,અને
તે **“અજ્ઞાન” એ “સમષ્ટિ-રૂપે-અજ્ઞાન અને વ્યષ્ટિ-રૂપે અજ્ઞાન”** –એમ બે પ્રકારનું કહેવાય છે, (૩૦૭)

જેમ જુદાં જુદાં વૃક્ષો નું “અભેદ દૃષ્ટિએ એક-પણું”  ગણવાથી તે “વન” કહેવાય છે,
તેમ જુદાં જુદાં અજ્ઞાનોનું અભેદ દૃષ્ટિએ એક-પણું ગણતાં તે **“સમષ્ટિ અજ્ઞાન”** કહેવાય છે. (૩૦૮)

આ **“સમષ્ટિ-અજ્ઞાન”** એ ઉત્કૃષ્ટ (મોટામાં મોટું) છે, તેમાં પ્રથમ સત્વ-ગુણ ના અંશો વધારે હોય છે,
તેથી તેનું સ્વરૂપ જાણનારા તેને **“માયા”** કહે છે.શુદ્ધ સત્વગુણ એ- તે માયાનું લક્ષણ છે. (૩૦૯)

આ માયા-રૂપ ઉપાધિ-વાળું **“ચૈતન્ય”** –એ “બ્રહ્મ” ના આભાસવાળું,સત્વગુણ ની અધિકતાવાળું,અને
સર્વજ્ઞત્વ-આદિ ગુણો વાળું હોઈ,જગતની ઉત્પત્તિ,સ્થિતિ અને વિનાશ નું કારણ છે.
અને એ જ અવ્યાકૃત,અવ્યક્ત અને “ઈશ્વર” પણ કહેવાય છે.

એ સર્વ શક્તિઓ અને ગુણોથી યુક્ત,સર્વ જ્ઞાન ના પ્રકાશક,સ્વતંત્ર,સત્ય સંકલ્પોવાળા,

સત્ય કામનાઓવાળા,સર્વના નિયંતા ઈશ્વર (અહીં મહા-વિષ્ણુ) છે.
વળી આ મહા-વિષ્ણુ (ઈશ્વર) મહાશક્તિમાન અને અતિશય મોટા છે. (૩૧૦-૩૧૨)

તેમજ સર્વજ્ઞ-પણું તથા ઈશ્વર-પણું- આદિ ધર્મો નું "કારણ" છે.
તેથી મહા-બુદ્ધિમાનો આ ઈશ્વરના શરીર ને **"કારણ-શરીર"** કહે છે.કે જે
**સત્વ-ગુણ થી વૃદ્ધિ પામેલું "સમષ્ટિ અજ્ઞાન" જ છે.** (૩૧૩)

આમાં આનંદ પુષ્કળ છે,અને કોશ (ખજાના) ની પેઠે તે આનંદ ને સિદ્ધ કરનાર છે.તેથી
તેને ઈશ્વર નો "આનંદમય"કોશ કહે છે.
વળી,તે સર્વ જીવો ના ઉપરામનું કારણ છે.જેથી તેને સર્વ નું સુષુપ્તિ સ્થાન કહે છે.
જેમાં પ્રાકૃત પ્રલય થાય છે,એમ શ્રુતિઓ વારંવાર સંભળાવે છે. (૩૧૪-૩૧૫)

વ્યષ્ટિ ના અભિપ્રાય થી અજ્ઞાન અનેક-રૂપે ભેદ પામે છે. અને તે ગુણ થી વિલક્ષણ,અને
અનેક જાત ની અજ્ઞાન ની વૃત્તિઓ વાળું તે **"વ્યષ્ટિ અજ્ઞાન"** છે.
જેમ વન નાં જુદાં જુદાં વૃક્ષો,વ્યષ્ટિ ના અભિપ્રાય થી અનેક છે,અને તેમનું અનેક-પણું મનાય છે,
તેમ,વ્યષ્ટિ ના અભિપ્રાય થી અજ્ઞાન નું અનેક-પણું મનાય છે.

આ વ્યષ્ટિ-અજ્ઞાન,રજોગુણ અને તમોગુણથી વધારે મિશ્ર છે,તેમાં સત્વગુણ ના અંશો ઓછા હોય છે.
તેથી જ તે નિકૃષ્ટ એટલે હલકામાં હલકું અને અધમ છે.અને "પ્રત્યગાત્મા" ને "ઉપાધિરૂપ" છે.
આ વ્યષ્ટિ-અજ્ઞાનથી યુક્ત ચૈતન્ય –તે **"પ્રત્યગાત્મા"** તરીકે ઓળખાય છે.

તે બ્રહ્મના આભાસ-વાળું અને વ્યષ્ટિ-અજ્ઞાન થી ઢંકાયેલું હોય છે,વળી અજ્ઞાન ના ગુણો સાથે એકતા પામી ને
પરાભવ પામે છે તેથી **"જીવાત્મા"** કહેવાય છે.
અલ્પજ્ઞ-પણું,અનીશ્વર-પણું,અને સંસારી-પણું-આદિ તેના ધર્મો છે.

વ્યષ્ટિ-અજ્ઞાન તેના અહંકાર નું કારણ છે.તેથી તે જ તેનું **"શરીર"** છે,અને
તેમાં અભિમાન વાળા તે **"આત્મા"** ને વિદ્વાનો **"પ્રાજ્ઞ"** પણ કહે છે. (૩૧૬-૩૨૧)

આ (આત્મા) કેવળ **"અજ્ઞાન"** નો જ "પ્રકાશક" છે,તેથી એને **"પ્રાજ્ઞ"** માન્યો છે.
તેમાં વ્યષ્ટિ ની ન્યૂનતા હોવાથી,તે **"અનેક અજ્ઞાન"** નો "પ્રકાશક" નથી. (૩૨૨)

આ (આત્મા) નું --"કારણ-શરીર" એ "આનંદમય-કોશ" કહેવાય છે.
જો કે તે (કારણ-શરીર) સ્વ-રૂપ ને ઢાંકી દેનાર છે,તો પણ તેનામાં આનંદ પુષ્કળ છે. (૩૨૩)

આની (શરીરની) "અવસ્થા" સુષુપ્તિ છે,જે "અવસ્થા" (સુષુપ્તિ-અવસ્થા) માં ઘણો આનંદ હોય છે.
"હું સુખે થી સૂતો હતો,અને મેં કંઈ જાણ્યું નથી,મને કશી ખબર નથી"
આ રીતે સુઈને (સુષુપ્તિમાંથી) ઉઠેલા મનુષ્યમાં એ આનંદ ની અધિકતા દેખાય છે.

જેમ વન અને વૃક્ષ-સમષ્ટિ-રૂપે અને વ્યષ્ટિ-રૂપે જુદાં છે, પરંતુ,
તેઓની જાત એક જ હોવાથી,ખરી રીતે તેઓ એક જ છે,
તેમ,ઈશ્વર અને પ્રાજ્ઞ (આત્મા) –વચ્ચે પણ અભેદ જ સમજવો,તે બનેમાં ભેદ નથી. (૩૨૪-૩૨૬)

આ બંને (આત્મા-પરમાત્મા) ની ઉપાધિ એક જ છે,અને બંને ઉપાધિ થી યુક્ત હોવાથી,

તે બંને (આત્મા-પરમાત્મા) માં ભેદ ક્યાંથી હોય?
જેમ,તરંગ અને સમુદ્ર એ બંને એક જ છે,તો તે બંને માં દેખાતાં પ્રતિબિંબો માં ભેદ કેમ હોય? (૩૨૭)

**અજ્ઞાન અને તેથી યુક્ત ચિદાભાસ-એ બંને નું પણ "આધાર",**
**જે "શુદ્ધ ચૈતન્ય" છે, તે તુરીય (ચોથું) કહેવાય છે**. (૩૨૮)
(નોંધ-સત્વ-ગુણી,માયા-રૂપ ઉપાધિ વાળું,સમષ્ટિ અજ્ઞાન થી યુક્ત- ચૈતન્ય=પરમાત્મા,
રજો-ગુણવાળું અને તમસ-ગુણ વાળું, વ્યષ્ટિ અજ્ઞાન થી યુક્ત-ચૈતન્ય=આત્મા)

આ જ "શુદ્ધ ચૈતન્ય" એ જ "તત્વમસિ" (મહા વાક્ય) કહેવાય છે.પણ,
--તે જયારે માયા અને અજ્ઞાન તથા તેના ગુણોથી અલગ ના હોય ત્યારે તે
"તત્વમસિ" નો "વાચ્યાર્થ" ઈશ્વર અને જીવ (આત્મા-પરમાત્મા) કહેવાય છે, અને જયારે,
--તે "શુદ્ધ ચૈતન્ય" એ ઉપાધિ ઓ થી જયારે અલગ થાય છે,ત્યારે તે,
"તત્વમસિ" નો "લક્ષ્યાર્થ" એ "શુદ્ધ ચૈતન્ય" કહેવાય છે. (૩૨૯)

"માયારૂપ ઉપાધિ" વાળા "ઈશ્વર" અનંત શક્તિઓથી (માયા=શક્તિ) યુક્ત છે,અને તે,કેવળ,
દૃષ્ટિ (જોવા) માત્રથી જ આ સ્થાવર-જંગમ જગતને ઉત્પન્ન કરે છે. (૩૩૦)

એ "ઈશ્વર" કેવળ "આત્મ-સ્વ-રૂપ" જ છે, તેમનું કોઈ "ઉપાદાન કારણ" નથી, અથવા તો-
જગત-રચના માં તેમની પાસે કોઈ "ઉપાદાન-કારણ" નથી.
"તેમ છતાં તે પોતે જ સર્વ જગતને કઈ રીતે સરજે છે?" - એવી શંકા કરવી નહિ,
કેમકે,એ પ્રભુ પોતે જ "નિમિત્ત અને ઉપાદાન કારણ" થઇ,
સ્થાવર-જંગમ જગતને સરજે છે,રક્ષે છે,અને સંહારે છે.(ઉત્પત્તિ-સ્થિતિ-લય) (૩૩૧-૩૩૨)

"પોતાની મુખ્યતા" ને કારણે, એ "ઈશ્વર" જગત નું "નિમિત્ત કારણ" છે, અને
"ઉપાધિ (માયા) ની મુખ્યતા" (કારણ શરીર) ને કારણે,એ જ "ઈશ્વર" "ઉપાદાન કારણ" પણ છે.
જેમ,કરોળિયો "પોતાની મુખ્યતા" ને કારણે,જાળાં નું નિમિત્ત કારણ છે,અને
"પોતાના શરીર" ને કારણે તે જાળાં નું ઉપાદાન કારણ પણ છે.
તેમ,ઈશ્વર (આગળ જણાવ્યા મુજબ) જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. (૩૩૩-૩૩૪)

## ઈશ્વરની સૃષ્ટિ-"સૂક્ષ્મપ્રપંચ"

"તમોગુણ ની મુખ્યતાવાળી પ્રકૃતિ" થી યુક્ત થયેલા,
--પરમાત્મા (ઈશ્વર) થી "આકાશ" થયું,આકાશ થી વાયુ,વાયુ થી અગ્નિ,અગ્નિ થી જળ અને જળ થી પૃથ્વી
એ "ક્રમ" થી,પંચ-મહાભૂતો ની ઉત્પત્તિ થઇ.
--આ નું (ભૂતોનું) "કારણ" ઈશ્વરની "શક્તિ" (પ્રકૃતિ-માયા) કે જે તમોગુણ ની મુખ્યતાવાળી છે.
કારણ કે તેના "કાર્ય" માં જડતા દેખાય છે. અને
--એવો ન્યાય છે કે-જેઓ "કાર્ય"ના (અહીં પંચ મહાભૂતો) ગુણો આરંભે છે તે "કારણ"ના જ ગુણો હોય છે.
--આ ભૂતો (પંચ-મહાભૂતો) "સૂક્ષ્મ-ભૂત" અથવા "ભૂતો ની તન્માત્રાઓ" પણ કહેવાય છે. (૩૩૫-૩૩૭)

આ "સૂક્ષ્મ-ભૂતો" થી તેના "સૂક્ષ્મ-દેહો" (સૂક્ષ્મ-અંશો) ઉત્પન્ન થાય છે, તેમ જ,
--એ સૂક્ષ્મ-ભૂતો ના જ સૂક્ષ્મ-અંશો એક બીજા સાથે મળવાથી (પંચીકૃત)
--"સ્થૂળ-ભૂતો" અને "સ્થૂળ-શરીરો" પણ ઉત્પન્ન થાય છે. (૩૩૮)

એક-બીજા સાથે નહિ મળેલાં-અપંચીકૃત-ભૂતો થી “સત્તર અંગો વાળું” “લિંગ-શરીર” ઉત્પન્ન થાય છે.
એ સંસારનું “કારણ” અને “આત્મા” ને ભોગો ભોગવવાનું સાધન (શરીર) છે. (૩૩૯)

પાંચ જ્ઞાનેન્દ્રિયો,પાંચ કર્મેન્દ્રિયો,પાંચ વાયુઓ,મન અને બુદ્ધિ-
આ સત્તર નો સમુદાય **“લિંગ-શરીર”** કહેવાય છે. (૩૪૦)

આંખ,કાન,નાક,જીભ અને ચામડી-આ પાંચ, આકાશ-વગેરે ભૂતો ના સાત્વિક અંશ માંથી ઉત્પન્ન થયા છે.
અને તે જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. (૩૪૧)

અને આ આકાશ- વગેરે માં રહેલા સાત્વિક અંશો,જયારે એકબીજા સાથે મળે છે,
ત્યારે “અંતઃકરણ” કહેવાય છે,અને તે સર્વ નું કારણ છે. (૩૪૨)

જે અંશોમાંથી અંતઃકરણ થયું છે,તે અંશો પ્રકાશક છે,તેથી તેને સાત્વિક અંશો કહે છે,
કારણકે સત્વ-ગુણ પ્રકાશક અને સ્વચ્છ છે. (૩૪૩)

એ અંતઃકરણ,તેની જુદી જુદી વૃત્તિઓને લીધે,ચાર પ્રકારનું છે,અને,
“મન-બુદ્ધિ-અહંકાર-અને ચિત્ત” ના નામે ઓળખાય છે. (૩૪૪)

એ જ અંતઃકરણ-સંકલ્પ-વિકલ્પ કરે છે-તેથી- “મન” કહેવાય છે,
પદાર્થ નો નિશ્ચય કરે છે તેથી, “બુદ્ધિ” કહેવાય છે,અભિમાન કરે છે તેથી “અહંકાર” અને
પદાર્થ નો વિચાર કરે છે,તેથી “ચિત્ત” કહેવાય છે. (૩૪૫)

ઉપરના સત્તરના સમુદાય-રૂપ જે લિંગ-શરીર નું લક્ષણ કહ્યું છે-તેને સમજવા,માટે અહીં,
**મન અને બુદ્ધિ માં અનુક્રમે ચિત્ત અને અહંકાર નો સમાવેશ સમજવો.** (૩૪૬)
(મન=ચિત્ત અને બુદ્ધિ=અહંકાર)

“વિચારવું” અને સંકલ્પ-વિકલ્પ કરવા- એ “મન” નો ધર્મ છે,
માટે “ચિત્ત” નો “મન” ની અંદર જ સારી રીતે સમાવેશ થઇ શકે છે. (૩૪૭)

બુદ્ધિ નો જ દેહ –આદિ પર દ્રઢ અહંભાવ દેખાય છે,તેથી,
“બુદ્ધિ”માં “અહંકાર” નો સમવેશ કરવો યોગ્ય જ છે. (૩૪૮)

આ કારણે જ “બુદ્ધિ” (અને અહમ) એ “કર્તા” છે અને બીજાં “કરણ” છે,એમ સિદ્ધ થાય છે,
વળી આ બંને જ –આત્મા ને મોહ નું કારણ થઇ,સંસાર નું કારણ થાય છે,એમ સમજવું. (૩૪૯)

## વિજ્ઞાનમય કોશ

એ,**બુદ્ધિ,જ્ઞાનેન્દ્રિયો સાથે મળીને,વિજ્ઞાનમય કોશ બને છે**,એમાં વિજ્ઞાન પુષ્કળ છે એટલે વિદ્વાનો તેને,
વિજ્ઞાનમય કોશ કહે છે,અને તે આત્મા ને ઢાંકી છે છે તેથી તેને “કોશ” કહે છે. (૩૫૦)

વિજ્ઞાનમય શબ્દ થી કહેવતો આ કોશ મહાન છે,અહંકાર ની વૃત્તિ વાળો છે,કર્તારૂપ લક્ષણ વાળો છે,
અને સઘળાં સંસાર ને ચલાવી રહ્યો છે. (૩૫૧)

ચૈતન્ય ના પ્રતિબિંબ વાળો,આ જ વિજ્ઞાનમય કોશ “જીવપણા” ના અભિમાનવાળો પુરુષ બની,
દેહ,ઇન્દ્રિયોઅને પોતાના ઘર-સંસાર-વગેરે પર “હું-મારું”એવું સદા અભિમાન કરે છે,
અને આવો કર્તા-ભોક્તા,પોતે સુખી અને દુઃખી થાય છે. (૩૫૨)

પોતાની સારી-નરસી વાસનાથી પ્રેરાયેલો,આ જ નિત્ય,સારાં-નરસાં-એ બંને જાતનાં કર્મો કેરે છે,
અને જે થી ઉપજેલાં,બંને જાતનાં ફળ-રૂપ,સુખ-દુઃખ ને આ લોકમાં અને પરલોક માં ભોગવે છે.(૩૫૩)

આવો જીવ અનેક-હજારો યોનિઓમાં વારંવાર જન્મે છે,મરે છે ને સંસાર-ચક્ર માં ભમે છે.(૩૫૪)

**<u>મનોમયકોશ</u>**

**<u>મન,જ્ઞાનેન્દ્રિયો સાથે મળી ને “મનોમય કોશ”બને છે.</u>**
એમાં મન ની મુખ્યતાને લીધે તેને મનોમયકોશ કહે છે. (૩૫૫)

ચિંતા,ખેદ,હર્ષ વગેરે અને ઈચ્છા-કામના વગેરે-આ મનોમય કોશ ની વૃત્તિઓ છે.
આ મન વડે જ વિચાર ઉદ્ભવે છે અને મન સંકલ્પ-વિકલ્પ કરે છે.અને પછી બહાર તેનું ફળ ઈચ્છે છે.
આમ મન જ યત્ન કરે છે,કર્મ કરે છે,અને તેનાં ફળ ભોગવે છે.સર્વ નું કારણ એ મન જ છે. (૩૫૬)

મન જ જીવ ને અંદર-બહાર દોરી જાય છે,અને મન વડે જ જીવ સર્વ પદાર્થો ને જાણે છે.વળી,
આ મનથી જીવ સાંભળે છે,સુંઘે છે,બોલે છે,અડકે છે,ખાય છે ને બધું કરે છે. (૩૫૭)

મન ને લીધે જ મનુષ્યો ને બંધન અને મોક્ષ થાય છે,તેમ જ મનથી જ અર્થ અને અનર્થ પ્રાપ્ત થાય છે.
શુદ્ધ મનથી મોક્ષ પ્રાપ્ત થાય છે,અને મલિન મન થી અવિવેક થતાં બંધન થાય છે. (૩૫૮)

આ મન જયારે રજોગુણ અને તમોગુણ થી યુક્ત બને છે,ત્યારે મલિન અને અશુદ્ધ થઇ,કેવળ અજ્ઞાનથી જન્મેલું જ બની જાય છે,
વળી તમોગુણ ના દોષ થી યુક્ત થવાને લીધે,તે મન જડતા,મોહ,આળસ અને પ્રમાદ થી સત્ વસ્તુ ને જાણતું નથી,અને પદાર્થો નું વાસ્તવિક તત્વ મળતું હોય તો પણ તે તમોગુણી-મન તેને સમજતું નથી.
તે જ રીતે જયારે મન કેવળ રજોગુણ ના દોષ થી યુક્ત થાય છે,ત્યારે સન્માર્ગ થી વિરુદ્ધ જય છે,અને
આડા-અવળા ખેંચી જતા કામ-વગેરે ને લીધે જીવ ને હેરાન કરે છે.
જેમ,પ્રબળ વાયુ થી દીવો ડોલવા લાગે છે,અને તેનો મહિમા નાશ પામે છે.
તેમ, મન-રૂપી દીવો,સૂક્ષ્મ પદાર્થો નું જ્ઞાન કરાવનારો હોવાં છતાં,અતિશય ભમવા લાગે છે,
અને તેનો મહિમા નાશ પામે છે. (૩૫૯-૩૬૦)

માટે મુમુક્ષુએ સંસાર-રૂપ બંધન થી છૂટી જવા સારું,મન ને રજોગુણ,તમોગુણ અને તેનાં કાર્યો થી છુટું પાડી,
કાળજીથી શુદ્ધ સત્વગુણમય અને તેના પર જ પ્રીતિવાળું કરવું જોઈએ.(૩૬૧)

સારી બુદ્ધિ-વાળા મનુષ્યે,ગર્ભાવાસ,જન્મ,મૃત્યુ,રોગ-વગેરેનો અને નરકમાં પ્રાણીઓ ને જે દુઃખ દેવાય છે,
તેનો વારંવાર વિચાર કરવો,સર્વ વિષયો ને દોષ-રૂપે જ જોવા,અને સર્વ પ્રકારની આશા નો ત્યાગ કરવો.
પછી,ચિત્ત-રૂપ ગાંઠ ને છોડી નાખવા સત્વ-ગુણ નો આશ્રય લેવો. (૩૬૨)

જે વિવેકી મનુષ્ય,યમો તથા નિયમોમાં કાળજીથી તત્પર રહે છે,તેનું ચિત્ત પ્રસન્નતા ને પામે છે. (૩૬૩)

જે મનુષ્ય આસુરી સંપત્તિ નો ત્યાગ કરી,કેવળ મોક્ષ ની ઈચ્છા થી દૈવી સંપત્તિ ને સેવે છે,
તેનું ચિત્ત નિત્ય પ્રસન્ન (નિર્મળ) રહે છે. (૩૬૪)

પારકું દ્રવ્ય,પારકો દ્રોહ,પારકી નિંદા,અને પારકી સ્ત્રીઓ તરફ જેનું મન જતું નથી,
તેનું ચિત્ત નિર્મળ થાય છે. (૩૬૫)

જે મનુષ્ય વિવેક થી એમ જુએ છે કે-"પોતાની પેઠે જ સર્વ પ્રાણીઓ ને સુખ-દુઃખ સરખાં થાય છે"
તેનું ચિત્ત નિર્મળ થાય છે. (૩૬૬)

જે મનુષ્ય અતિ શ્રદ્ધા અને ભક્તિથી ગુરૂનું તથા ઈશ્વરનું,આત્મ-સ્વ-રૂપે નિરંતર ભજન કરે છે,અને
નિત્ય ક્ષમા-ગુણ વાળો હોય છે,તેનું ચિત્ત નિર્મળ થાય છે. (૩૬૭)

સજ્જન લોકો નું અન્ન,ઈશ્વરનું પૂજન,શ્રેષ્ઠ પુરુષો ની સેવા,તીર્થાટન,પોતાના આશ્રમ-ધર્મ માં શ્રદ્ધા,
"યમ" માં આશક્તિ,અને "નિયમ" નું અનુસરણ-
આટલાં ચિત્ત ને નિર્મળ કરનારાં છે,એમ અનુભવી વિદ્વાનો કહે છે. (૩૬૮)

કડવા,ખાટા,ખારા,અતિ ગરમ,તીખા,લુખા,અત્યંત દાહ કરનારા,દુર્ગંધી અને વાસી પદાર્થો નો ત્યાગ-
એ સત્વ-ગુણ ને ઉત્પન્ન કરવા સમર્થ થાય છે. (૩૬૯)

સાત્વિક પુરાણો સાંભળવાથી,સાત્વિક વસ્તુ સેવવાથી,અને સજ્જનોને અનુસરવાથી,
સત્વ-ગુણ વળી વૃત્તિ ઉપજે છે. (૩૭૦)

જેનું ચિત્ત વિષયો-રહિત હોય અને જેનું હૃદય શીતલ-શાંત હોય,તેનું,સર્વ જગત મિત્ર બને છે,
અને મુક્તિ તેની હથેળીમાં જ રહે છે.(૩૭૧)

જે મનુષ્ય હિતકારક પ્રમાણસર ભોજન કરે,નિત્ય એકાંત સેવે,એક જ વાર યોગ્ય હિત વચન બોલે,
અતિ અલ્પ નિંદ્રા અને વિહાર કરે,દરેક નિયમો બરોબર પાળે,અને જે કાળે જે કરવાનું કહ્યું છે તે બરાબર કરે,તે આ
લોકમાં જલ્દી ઉત્તમ પ્રકારની ચિત્ત ની નિર્મળતાને પામે છે. (૩૭૨)

"ચિત્ત ની નિર્મળતા" વિના બંધન ને કે પરમાત્મા-રૂપ તત્વ ને મનુષ્ય જાણી શકતો નથી.
અને એ તત્વ ના જ્ઞાન વિના હજારો કે કરોડો જન્મે પણ મુક્તિ મળતી નથી. (૩૭૩)

વિષયો પર પ્રીતિ થવાથી જે મન ની પ્રસન્નતા ઉપજે તે બંધન-રૂપ છે,પણ,
વિષય-ઉપર વૈરાગ્ય થવાથી,જે મનની પ્રસન્નતા ઉપજે છે,એ સંસાર-રૂપ બંધનથી છોડાવનાર મુક્તિ છે.
માટે એવી પ્રસન્નતા મેળવવાને વિદ્વાન મનુષ્યે,વિષય-વાસના વાળા મન નો ત્યાગ કરવો જોઈએ.(૩૭૪)

પાંચ (મહા) ભૂતો ના જ રજોગુણ ના અંશોથી,પાંચ કર્મેન્દ્રિઓ,ઉત્પન્ન થઇ છે. (૩૭૫)

આકાશ-વગેરે ભૂતો ના સમસ્ત-રજોગુણના અંશોથી,ક્રિયા-સ્વરૂપ,પ્રાણ-વગેરે વાયુઓ ઉત્પન્ન થયા છે,
એ પાંચે શરીર ના અંદરના વાયુઓ છે.(૩૭૬)

<u>શરીરમાં પૂર્વ તરફ જાય છે તે "પ્રાણ" (વાયુ) છે,દક્ષિણ તરફ જાય છે તે "અપાન" (વાયુ) છે,</u>

ચારે બાજુ જાય છે તે “વ્યાન” (વાયુ) છે,ઉંચે જાય છે-તે-“ઉદાન” (વાયુ) છે, અને
ખાધેલા અન્ન ના રસને એકસરખા કરનારો એવો પાંચમો- “સમાન”(વાયુ) છે. (૩૭૭-૩૭૮)

આ પ્રાણ-વગેરે-ઉપર મુજબના વાયુઓમાં તથા કર્મેન્દ્રિયો માં વધારે પ્રમાણ માં લગભગ ક્રિયા જ દેખાય છે,
તેથી વિદ્વાનોએ તેઓ ની ઉત્પત્તિ રજોગુણ ના અંશો થી સ્વીકારી છે. (૩૭૯)

મહર્ષિઓ કહે છે કે-ક્રિયા શક્તિ રજોગુણી હોય છે,તમોગુણ ની શક્તિ જડ-રૂપ હોય છે,અને
સત્વ-ગુણ ની શક્તિ પ્રકાશ-રૂપ હોય છે. (૩૮૦)

**પ્રાણમય કોશ**

આ **પાંચ પ્રાણ અને પાંચ કર્મેન્દ્રિયો મળી ને પ્રાણમય કોશ બને છે.**
એ સ્થૂળ છે અને એને લીધે જ પ્રાણીઓ ચેષ્ઠા (ક્રિયા) કરે છે. (૩૮૧)

વાણી વગેરે થી અને શરીરથી જે જે પુણ્ય-કર્મ કે પાપ-કર્મ કરવામાં આવે છે,તેમાં,
“પ્રાણ-મય કોશ” એ “કર્તા” છે. (૩૮૨)

જેમ વાયુએ ડોલાવેલું ઝાડ અનેક બાજુએ ડોલે છે,પણ વાયુ જો સ્થિર હોય તો ઝાડ પણ સ્થિર જ રહે છે,
તેમ,(પાંચ) પ્રાણ અને કર્મેન્દ્રિયો,પ્રેરણા કરે છે ત્યારે જ શરીર,
શાસ્ત્રે કહેલી કે નહિ કહેલી –એવી અનેક જાતની સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે. (૩૮૩-૩૮૪)

**સમષ્ટિ-લિંગ શરીર (હિરણ્યગર્ભ,સુત્રાત્મા તથા પ્રાણ)**

ઉપર જણાવેલા **ત્રણ કોશો (વિજ્ઞાનમય,મનોમય,પ્રાણમય) મળી ને સૂક્ષ્મ (લિંગ) શરીર બને છે.**
તે અતિ-સૂક્ષ્મ રૂપે રહેલા આત્મા ને જણાવનાર છે,તેથી તેને “લિંગ શરીર” પણ કહે છે.
સ્થૂળ શરીર કરતાં તે સૂક્ષ્મ હોવાથી તેને “સૂક્ષ્મ શરીર” પણ કહે છે.

જેમ, સર્વ વૃક્ષો નો સમુદાય,સામાન્ય-રૂપે “વન” કહેવાય છે,
તેમ, સર્વ “લિંગ શરીરો” નો સમુદાય, સામાન્ય-રૂપે,
**“એક જ જ્ઞાન”** નો વિષય થતાં **“સમષ્ટિ-લિંગ-શરીર”** કહેવાય છે.

એ “સમષ્ટિ લિંગ-રૂપ ઉપાધિ-વાળું,જે **“ચૈતન્ય”** છે” તેને **“સફલ”** કહે છે,અને
એને જ પંડિતો **“હિરણ્યગર્ભ,સુત્રાત્મા તથા પ્રાણ”** પણ કહે છે.

--પ્રકાશમય “બુદ્ધિ” ના મધ્ય ભાગમાં “હિરણ્ય” (સુવર્ણ) ની પેઠે એ પ્રકાશે છે તેથી “હિરણ્ય-ગર્ભ”
--મણકા ની પંક્તિ (સૂત્ર-દોરા)ની પેઠે સમસ્ત લિંગ શરીરોમાં વ્યાપી ને તે રહેલ છે-તેથી “સૂત્રાત્મા”
--અને સર્વ ને જીવાડે છે તેથી તે “પ્રાણ” કહેવાય છે. (૩૮૫-૩૮૯)

**વ્યષ્ટિ-લિંગ શરીર (તેજસ)**

છૂટાં છૂટાં **“અનેક જ્ઞાન”** નો વિષય થતાં એ જ **“લિંગ શરીર” - “વ્યષ્ટિ લિંગ શરીર-રૂપે”** થાય છે.
એ વ્યષ્ટિ-લિંગ-રૂપ-ઉપાધિવાળા અને “ચૈતન્ય ના આભાસ” થી યુક્ત,”ચૈતન્ય” ને **“તૈજસ”** કહે છે.

એ તેજોમય-અંતઃકરણ રૂપ ઉપાધિ થી યુક્ત છે,તેથી તેને “તૈજસ” કહે છે. (૩૯૦-૩૯૧)

આ તૈજસ નું શરીર પણ સ્થૂળ શરીર કરતાં અત્યંત સૂક્ષ્મ હોય છે,
એથી એના એ શરીર ને “વ્યષ્ટિ-સૂક્ષ્મ-શરીર” માન્યું છે.અને
તૈજસ,જાગ્રત અવસ્થાના સંસ્કારો-મય હોય છે,તેથી જ એવું એ (વ્યષ્ટિ-લિંગ) શરીર કહેવાય છે. (૩૯૨)

વળી એ તૈજસ,સ્વપ્ન માં, જાગ્રત અવસ્થા ની વાસનાઓએ કલ્પી કાઢેલા,સૂક્ષ્મ પદાર્થો-રૂપી વિષયોને,
અંતઃકરણની સૂક્ષ્મ વૃત્તિઓ દ્વારા ભોગવે છે. (૩૯૩)

ઉપર દર્શાવેલાં **<u>“સમષ્ટિ અને વ્યષ્ટિ-લિંગ શરીરો” સમાન જ છે.</u>**
તેથી પૂર્વ ની પેઠે તેઓ નો “અભેદ” જ સમજવો.
કારણકે જેની “જાત” એક હોય-તેમાં ભેદ ક્યાંથી હોય? (૩૯૪)
એમ એ સમષ્ટિ અને વ્યષ્ટિ-રૂપ ઉપાધિ એક જ છે,તેથી એ બંને ના
“અભિમાની” **<u>“સૂત્રાત્મા” તથા “તૈજસ” ને પણ પૂર્વ ની પેઠે એક જ માન્યા છે</u>**. (૩૯૫)

## <u>સ્થૂળ-પ્રપંચ (પંચીકૃત-પંચીકરણ)</u>

આ રીતે શાસ્ત્રો થી સંમત “સૂક્ષ્મ-પ્રપંચ” નો પ્રકાર કહ્યો.
હવે જે “સ્થૂળ-પ્રપંચ” નો પ્રકાર કહેવાય છે તે તુ સાંભળ. (૩૯૬)

એ જ આકાશ-વગેરે <u>“સૂક્ષ્મ-ભૂતો” **“પરસ્પર મળી ને”** “પંચીકૃત” “સ્થૂળ ભૂતો”</u> બને છે.
તેનો ક્રમ-તું સાંભળ (૩૯૭)

આકાશ વગેરે પાંચ-ભૂતોમાં ના પ્રત્યેક ભૂત ના
--સરખા-બે-બે ભાગે કરવા. પછી,
--પ્રથમ અર્ધ ભાગ ને છોડી દઈ ને બીજા અર્ધભાગ ના ચાર-ચાર ભાગ કરવા.
--તે ચાર-ચાર ભાગ માંથી,એક-એક ભાગને,**<u>પોત-પોતાના અર્ધા ભાગ સિવાયના</u>** પ્રથમ જુદા રાખી મુકેલ,
(બીજા મહાભૂતો ના) એક-એક અર્ધા ભાગમાં અનુક્રમે ઉમેરવા,
--આમ કરવાથી પાંચે-ભૂતો ના તે પાંચ-પાંચ ભાગો બને છે.
--અને “પોતપોતાના અર્ધા ભાગ સિવાયના” બીજા ચાર-ભૂતો ના જે ચાર ભાગો પોતાને મળ્યા હોય,
તેઓ સાથે જોડાઈ ને આ પાંચ-મહાભૂતો **<u>“સ્થૂળ-પણા”</u>** ને પામે છે.
**<u>આનું નામ “પંચી કરણ” કહેવાય છે.</u>**

આ પંચીકરણ પ્રમાણિક નથી એવી શંકા ન કરવી,કારણ કે “ત્રિવૃત્કરણ” ની પ્રસિદ્ધ શ્રુતિ
આ પંચીકરણ ને જ જણાવે છે. (૩૯૮-૪૦૧)

વળી આ રીતે પંચીકૃત બનેલાં (પંચીકરણ-થયેલા)પ્નાચે ભૂતો ની ઉત્પત્તિ બીજી શ્રુતિઓમાં પણ સંભળાય
છે,તેથી વિદ્વાનો એ આ પંચીકરણ ને જ પ્રમાણિક માનવું.
અને જો બીજી રીતે કરવામાં આવે તો,પ્રત્યક્ષ-આદિ પ્રમાણ સાથે વિરોધ આવે. (૪૦૨-૪૦૩)

કારણકે “આકાશ અને વાયુનો ધર્મ” “અગ્નિ” -વગેરેમાં જેવો જણાય છે,તેવો,
“અગ્નિ-વગેરે” નો ધર્મ “આકાશ કે વાયુ” માં દેખાતો નથી-

માટે "આ પંચીકરણ અપ્રમાણિક છે" એમ લગારે વિચાર કરવો નહિ.
વળી,અગ્નિ-વગેરેમાં આકાશ (પોલાણ માં રહેલું આકાશ) ના અંગો નું વ્યાપવું-જણાય છે,
તેમ જ કારણ (આકાશ) ની અધિકતા હોવાથી તેઓમાં "શબ્દ" પણ જણાય છે.

આ જ પ્રમાણે,વાયુ નો ધર્મ પણ અગ્નિ -વગેરેમાં જણાય છે,

પરંતુ,આકાશ અને વાયુમાં,અગ્નિ- વગેરે નું વ્યાપવું,તેટલા પ્રમાણમાં જણાતું નથી.
તો પણ,સૂક્ષ્મ-રૂપે "અંશો ની વ્યાધિ" હોવાથી,
તેનો (અગ્નિ-વગેરેનો) ધર્મ નથી જણાતો તેમ પણ નથી. (૪૦૪-૪૦૭)

વળી બધે ઠેકાણે "કારણ" ને અનુસરી ને "કાર્ય" જોવામાં આવે છે, માટે,
વિદ્વાનો એ આ પંચીકરણ ને જ પ્રમાણ માનવું. (૪૦૮)

આ પંચીકરણ ને અનુસરી ને જ દરેક ભૂતોમાં ગુણો ઉત્પન્ન થયા છે,તે હું કહું છું તે સાંભળ.
--"આકાશ" માં એકલો "<u>શબ્દ</u>" ગુણ છે.
--"વાયુ" માં "શબ્દ અને <u>સ્પર્શ</u>" –બે ગુણો છે.
--"તેજ" માં "શબ્દ-સ્પર્શ-અને <u>રૂપ</u>" એ ત્રણ ગુણો છે.
--"જળ" માં "શબ્દ-સ્પર્શ-રૂપ અને <u>રસ</u>" એ ચાર ગુણો છે.
--"પૃથ્વી" માં "શબ્દ-સ્પર્શ-રૂપ-રસ અને <u>ગંધ</u>" એ પાંચે ગુણો છે.

જ્ઞાનેન્દ્રિયો પૈકી-
--શ્રોત્ર (કાન) ઇન્દ્રિય –એ આકાશનો અંશ છે-તેથી તે તેના ગુણ "શબ્દ" ને ગ્રહણ કરે છે.
--ત્વચા (ચામડી) ઇન્દ્રિય-એ વાયુ નો અંશ છે તેથી તેના ગુણ "સ્પર્શ" ને ગ્રહણ કરે છે.
--ચક્ષુ (આંખ) ઇન્દ્રિય-એ તેજ નો અંશ છે તેથી તે તેના ગુણ "રૂપ" ને ગ્રહણ કરે છે.
--જીહવા (જીભ) ઇન્દ્રિય- એ જળ નો અંશ છે તેથી તેના ગુણ "રસ" ને ગ્રહણ કરે છે.
--ઘ્રાણ (નાક) ઇન્દ્રિય –એ પ્રથ્વી નો અંશ છે,તેથી તેના ગુણ "ગંધ" ને ગ્રહણ કરે છે. (૪૦૯-૪૧૩)

કર્મેન્દ્રિયો પૈકી-
--વાણી (જીભ થી વાણી) એ આકાશ નો અંશ છે,તેથી તે "શબ્દ" ના ઉચ્ચાર રૂપ "ક્રિયા" ને કરે છે.
--બંને પગ-વાયુ ના અંશ છે,તેથી તે જવું-આવવું-વગેરે "ક્રિયા" કરે છે.
--બંને હાથ- એ તેજ ના અંશ છે,તેથી તે અગ્નિ વગેરે ની પૂજા (ક્રિયા) માં તત્પર બને છે.
--ગુહ્ય ઇન્દ્રિય-એ જળ નો અંશ છે,તેથી તે મૂત્ર અને વીર્ય ને બહાર કાઢે છે.
--ગુદા ઇન્દ્રિય-એ પ્રુથ્વી નો અંશ છે,તેથી તે કઠણ મળ ને બહાર કાઢે છે.
<u>જ્ઞાનેન્દ્રિયોના દેવો</u>-
---કાન નો દેવ-દિશા,---ચામડી ના દેવ-વાયુ,---આંખ ના દેવ-સૂર્ય,
---જીભ ના દેવ-વરુણ,---નાક ના દેવ-બે અશ્વિનકુમાર
<u>કર્મેન્દ્રિયો ના દેવો-</u>
---વાણી નો દેવ-અગ્નિ---હાથનો દેવ-ઇન્દ્ર---પગના દેવ-વિષ્ણુ
---ગુદાનો દેવ-મૃત્યુ---ગુહ્યેન્દ્રિય ના દેવ-પ્રજાપતિ છે.
તે જ રીતે
---<u>મન નો દેવ</u> –ચંદ્ર---<u>બુદ્ધિ નો દેવ</u>-બૃહસ્પતિ---<u>અહંકાર નો દેવ</u>-રુદ્ર---<u>ચિત્ત નો દેવ-</u>ક્ષેત્રજ્ઞ

આ બધા દેવો,આકાશ-વગેરેના "સત્વગુણ"માંથી ઉત્પન્ન થયા છે. (૪૧૪-૪૧૯)

આ ઇન્દ્રિયો ના દેવો,ઇન્દ્રિયો નાં સ્થાનોમાં તે તે ઇન્દ્રિયોની સાથે રહે છે,અને પ્રાણીઓનાં કર્મો પ્રમાણે,
ઇન્દ્રિયો નો નિગ્રહ કરે છે અને અનુગ્રહ કરે છે.
એટલે કે તે ઇન્દ્રિયો ને વિષયો તરફ પ્રેરે છે કે વિષયોમાંથી વાળે છે. (૪૨૦)

શરીર,ઇન્દ્રિયો,વિષયો,પ્રાણ-યુક્ત અહંકાર અને તેઓના દેવો-આ પાંચ ને
સર્વ કર્મો ની સિદ્ધિ માં “કારણો” કહ્યાં છે. (૪૨૧)

“કર્મો” ને અનુસરીને “ગુણો” નો ઉદય થાય છે,ગુણો ને અનુસરીને “મન” ની પ્રવૃત્તિ થાય છે.
અને ‘મન” ને અનુસરીને બંને પ્રકારની ઇન્દ્રિયો,આ લોકમાં પુણ્ય અને પાપ કરે છે. (૪૨૨)

“વિજ્ઞાનમય કોશ” (બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિયો) એ “હું કર્તા છું” એવું અભિમાન કરે છે,અને તે રૂપે રહ્યો છે,
“આત્મા” તો માત્ર સાક્ષી જ છે,એ કંઈ કરતો નથી,અને કરાવતો પણ નથી,તટસ્થ જેવો છે. (૪૨૩)

જોનાર,સાંભળનાર,બોલનાર,કરનાર (કર્તા) અને ભોગવનાર-એ અહંકાર જ છે,
“આત્મા” પોતે તો આ વિકારો નો સાક્ષી અને નિર્લેપ જ છે. (૪૨૪)

આમ આત્મા માત્ર સાક્ષી જ છે,તે કર્તા નથી કે ભોક્તા નથી.
જેમ,આ લોકમાં દિવસ થાય એટલે સૂર્ય ના અજવાળા માં - પ્રાણીઓ કર્મો કરે છે,
તેમાં સૂર્ય કેવળ સાક્ષી જ છે,તે કંઈ કરતો નથી અને ભોગવતો પણ નથી,
પોતપોતાના સ્વભાવ ને અનુસરીને પ્રાણીઓ પોતપોતાના કર્મો માં લાગ્યા કરે છે,
તેમાં,સૂર્ય કંઈ કરતો નથી કે કરાવતો પણ નથી. (૪૨૫-૪૨૬)

એ જ રીતે,પ્રત્યગાત્મા (આત્મા) પણ દેહ આદિ ની પ્રવૃત્તિમાં,
સૂર્ય ની પેઠે નિષ્ક્રિય-સ્વરૂપે અને ઉદાસીન ભાવે જ રહે છે. (૪૨૭)

આમ પરમ-તત્વ ને ન સમજીને માયા થી મોહિત મનવાળા લોકો,પોતાના આત્મામાં જ –
આ કર્તા-પણું-વગેરે માની બેસે છે,ખરી રીતે એ કર્તા-પણું દેહ-આદિ માં જ રહેલું છે. (૪૨૮)

જેમ,ચંદ્રથી દૂર રહેલાં વાદળો પવન ને લીધે દોડે છે,(જેને લીધે ચંદ્ર દોડતો દેખાય છે-પણ સત્યમાં
ચંદ્ર દોડતો નથી) છતાં મૂઢ બુદ્ધિ મનુષ્ય,ભ્રાંતિ ને લીધે,ચંદ્ર જ દોડે છે એમ માની બેસે છે.
તેમ,પોતાનો આત્મા સંગ-રહિત,ચેતન-રૂપ,અને ક્રિયા-રહિત જ છે,તેમ છતાં,એ આત્મામાં,
દેહ (અનાત્મા) –વગેરેના બધાં કાર્યો,માની બેસે છે. (આત્મા જ બધું કરે છે તેમ માની બેસે છે) (૪૨૯)

હે,વિદ્વાન,આત્મા-અનાત્મા નો વિવેક આગળ જતાં અતિ-સ્પષ્ટ-પણે જણાવવામાં આવશે,
પણ હાલ,તુ આ જગત ની ઉત્પત્તિ નો પ્રકાર **તું ફરી સાંભળ.** (૪૩૦)

ઈશ્વરના જોવા થી (દૃષ્ટિ થી-કે-હું સૃષ્ટિ રચું એવા વિચારથી)
આકાશ-આદિ સૂક્ષ્મ ભૂતો ઉત્પન્ન થઇ,પૂર્વોક્ત રીતિએ,અન્યોન્ય સાથે મળીને,(પંચીકૃત થઈને)
તેઓમાંથી,સ્થાવર-જંગમ સહિત આ “સ્થૂળ-બ્રહ્માંડ” ઉત્પન્ન થયું છે. (૪૩૧)

ડાંગર -વગેરે સર્વ અન્ન અને સર્વ ઔષધિઓ, વાયુ-તેજ-પાણી-પૃથ્વી-રૂપ જ છે,
આ ચાર પ્રકારનાં અન્ન એ સર્વ પ્રાણીઓના અન્ન છે. (૪૩૨)

કેટલાંક પ્રાણીઓ <u>વાયુ</u> નો આહાર કરી જીવે છે,કેટલાંક ચંદ્ર ને સૂર્ય ના <u>તેજ</u> નો આહાર કરીને જીવે છે,
કેટલાંક <u>પાણી</u> નાં કણો ખાઈ ને જીવે છે,તો કેટલાંક તો <u>માટી</u> ખાઈ ને જ જીવે છે.
કેટલાંક પાંદડાં-ઘાસ ખાઈને તો કેટલાંક માંસ ખાઈને જીવે છે,ત્યારે,
કેટલાંક ડાંગર-જવ-આદિ અન્ન ખાવામાં તત્પર થઇ ને જીવી રહ્યાં છે. (૪૩૩)

જરાયુજ,અંડજ,સ્વેદજ,અને ઉદ્ભિજ્જ-એમ ચાર પ્રકારનાં પ્રાણીઓ છે,
તેઓ પોતપોતાનાં કર્મો ને અનુસરી ને જન્મી રહ્યાં છે, (૪૩૪)

જેઓ જરાયુ (ઓળ) થી જન્મે છે –તે જરાયુજ (મનુષ્ય –વગેરે)
જેઓ ઈંડામાંથી જન્મ્યાં છે તે –અંડજ (પક્ષીઓ વગેરે)
જેઓ પરસેવામાંથી જન્મે છે-તે સ્વેદજ (જૂ,લીખ-વગેરે)અને
જેઓ જમીન ફાડીને જન્મે છે-તે ઉદ્ભિજ્જ (વૃક્ષો –વગેરે) (૪૩૫-૪૩૬)

ભૂતો (પાંચ-મહાભૂતો) માં થી ઉત્પન્ન થયેલાં આ ચારે પ્રકારનાં શરીરો,સામાન્ય-રીતે “એક” જ છે,
આવું “એકપણા ના જ્ઞાનનો” વિષય થવાથી <u>**“સમષ્ટિ”**</u> કહેવાય છે. (૪૩૭)

આ સમષ્ટિ શરીર-રૂપ ઉપાધિવાળું ચૈતન્ય “ફળ-વાળું” છે,એને
વેદ જાણનારાઓ <u>**“વૈશ્વાનર” અથવા “વિરાટ”**</u> કહે છે. (૪૩૮)

સમગ્ર પ્રાણીઓમાં તે “આત્મા”પણાનું અભિમાન કરે છે-તેથી તે વૈશ્વાનર કહેવાય છે,અને
એ પોતે જ વિવિધ સ્વરૂપે વિરાજે છે,તેથી તે વિરાટ કહેવાય છે.(૪૩૯)

ઉપર કહેલાં ચારે પ્રકારનાં પ્રાણીઓ તે જુદીજુદી જાતિ-રૂપે “અનેક” છે,
આમ “અનેક પ્રકારનાં જ્ઞાનનો” વિષય થવાથી, એ પ્રત્યેક ના હિસાબે <u>**“વ્યષ્ટિ”**</u> કહેવાય છે. (૪૪૦)

આ “વ્યષ્ટિ શરીર-રૂપ ઉપાધિવાળું” અને “કેવળ ચૈતન્ય ના આભાસ વાળું” –જે “ચૈતન્ય” છે,
તે “વ્યષ્ટિ-શરીર” સાથે તદ્રુપ થઇ ગયું છે,અને તેને જ વેદાંત જાણનારા <u>**“વિશ્વ”**</u> કહે છે.
આ સ્થૂળ-દેહમાં એ વિશ્વાત્મા પોતાના તરીકે નું અભિમાન કરીને રહ્યો છે તેથી જ
“વિશ્વ” એવા સાર્થક નામવાળો છે. (૪૪૧-૪૪૨)

સ્થૂળ શરીર એ જ આ વિશ્વાત્મા ની “વ્યષ્ટિ” છે.અને
<u>આ સ્થૂળ શરીર એ,અન્ન નો વિકાર હોવાથી **“અન્નમય કોશ”** કહેવાય છે.</u> (૪૪૩)

પિતાએ તથા માતાએ ખાધેલા અન્ન નો વિકાર,વીર્ય તથા સ્ત્રી-રજ બને છે,
અને તેમાંથી જ આ સ્થૂળ શરીર જન્મે છે,અને જન્મ્યા પછી તે અન્ન વડે જ વધે છે.
પણ તેને જો અન્ન ન મળે તો નાશ પામે છે. (૪૪૪)

માટે જ તે અન્ન નો વિકાર હોઈ તે “અન્નમય” મનાય છે, અને જેમ તલવાર ને મ્યાન ઢાંકે છે,
તેમ,તે આત્મા ને ઢાંકી દે છે એટલે તે “કોશ” (મ્યાન જેવો) કહેવાય છે. (૪૪૫)

આ સ્થૂળ શરીર,આત્માને સ્થૂળ ભોગો ભોગવવાનું સાધન છે,આ સ્થૂળ શરીરમાં રહી નેજ આત્મા શબ્દ-આદિ
વિષયો ને ભોગવે છે,તેથી જ સ્થૂળ ભોગો ભોગવવાનું તે સ્થાન કહેવાય છે.

વળી આ આત્મા એ દેહ,ઇન્દ્રિયો અને મન સાથે જોડાઈને ઇન્દ્રિયો એ લાવી આપેલા શબ્દાદિ-વિષયો ને ભોગવે છે-માટે જ તેને વિદ્વાનો **"ભોક્તા"** કહે છે. (૪૪૬-૪૪૭)

જેમ કોઈ મહારાજા,અગિયાર દરવાજા-વાળા મહેલમાં રહે,તેમ
આ જીવાત્મા આગિયાર દ્વારવાળા દેહમાં રહે છે.ત્યાં ઇન્દ્રિયો નો સમુદાય તેની સેવામાં હાજર રહે છે,
અને એ દેહ-રૂપ ઉપાધિ માં રહી ને તે વિષય-ભોગો ને ભોગવે છે. (૪૪૮)

પોત-પોતાના દેવો ની પ્રેરણા થી,મન અને જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો પોતપોતાનું કામ કરવામાં નિયમિત રહે છે,અને જેમ નોકરો પોતાના સ્વામી ને સેવે,તેમ કાળજીથી આ જીવાત્મા ને સેવે છે.(૪૫૯)

મહા-બુદ્ધિમાન આ જીવાત્મા,જે (શરીર) માં રહીને,સ્થૂળ વિષયો ને ભોગવે છે,અને "હું-મારું" એવું અભિમાન કરે છે,તે એની **"જાગ્રત અવસ્થા"** કહેવાય છે. (૪૫૦)

સમશી નો અભિમાની "વૈશ્વાનર" અને વ્યષ્ટિ નો અભિમાની "વિશ્વ"-એ બંનેને
પહેલાંની પેઠે એક જ માન્યા છે. (૪૫૧)

સ્થૂળ,સૂક્ષ્મ અને કારણ નામના પ્રપંચો –કે જે પહેલાં કહ્યા છે,
તે બધા મળી ને એક **મહા-પ્રપંચ** થાય છે,એ મહાપ્રપંચ થી યુક્ત જે ચૈતન્ય છે-તે,
તેમ જ વિશ્વ-પ્રાજ્ઞ-આદિ લક્ષણો વાળાં-વિરાટ થી ઈશ્વર સુધીનાં-જે ચૈતન્યો જુદા જુદા નામે કહ્યાં-તે,
બધાં ખરી રીતે તો "એક" જ ચૈતન્ય છે.(૪૫૨-૪૫૩)

એટલે એકંદરે,આદિ-અંત રહિત,અવ્યક્ત,અજ્ન્નામાં અને અવિનાશી જે "એક જ" ચૈતન્ય છે,
તે જ ચૈતન્ય
--જયારે મહા પ્રપંચ ની સાથે (લોઢા ની સાથે મળેલા અગ્નિ" ની પેઠે) મળેલું હોય છે,
ત્યારે વિદ્વાનો તેને **"સર્વ ખલ્વિદં બ્રહ્મ" (આ બધું બ્રહ્મ છે)**-એ વાક્ય નો "વાચ્યાર્થ" કહે છે.અને,
--જયારે મહાપ્રપંચ સાથે મળેલું હોતું નથી,ત્યારે તેને "સર્વ ખલ્વિદં બ્રહ્મ" નો "લક્ષ્યાર્થ" કહે છે.(૪૫૪-૪૫૫)

## આત્મા અને અનાત્મા નો વિવેક

હે વિદ્વાન,સ્થૂળ શરીર થી માંડી અજ્ઞાન સુધી ના કાર્ય તથા કારણ-રૂપ લક્ષણ વાળું,
**આ સર્વ "દૃશ્ય-જગત" "અનાત્મા" છે એમ તારે જાણવું.** (૪૫૬)

અને અંતઃકરણ તથા તેની વૃત્તિઓ ને કેવળ સાક્ષી-રૂપે જોનાર,નિત્ય,તથા વિકાર વિનાનું,
**જે "શુદ્ધ-ચૈતન્ય" છે, તે જ "આત્મા" છે**, એમ સૂક્ષ્મ બુદ્ધિ થી તુ સમજી લે. (૪૫૭)

આ પ્રત્યગાત્મા (આત્મા) સ્વયંપ્રકાશ,અવયવરહિત,સંગરહિત,શુદ્ધ,સર્વદા એક
સ્વભાવનો,નિત્ય,અખંડ,આનંદરૂપ,ચેષ્ટારહિત,સાક્ષી,ચેતન,કેવળ અને નિર્ગુણ છે. (૪૫૮)

વળી આ પ્રત્યગાત્મા (આત્મા),જન્મતો નથી,વધતો નથી,ઘટતો નથી,અને નાશ ને પણ પામતો જ નથી.
એ તો નિત્ય, સનાતન,અને પુરાણો (જૂનામાં જુનો) અનાદિ કાળનો છે.
શરીર નાશ પામે છે પણ તેનો નાશ થતો નથી. (૪૫૯)

જન્મવું,હોવું,વધવું,પરિણામ પામવું,ઘટવું અને નાશ પામવું-આ છ વિકારો દૃશ્ય જગતના જ થાય છે.
તેમ જ અનેક જાતના રોગો,સ્થૂળતા-કૃશતા,કાળાશ-ધોળાશ,પરિમાણ-માપ,અને વર્ણ તથા આશ્રમ-
આદિ ની પ્રસિદ્ધિ એ બધું સ્થૂળ શરીર માં જ દેખાય છે,આત્મા તો તે તે વિકારો નો માત્ર સાક્ષી જ છે.'
તેથી તેને તેમાં નું કંઇ પણ નથી. (૪૬૦)

આ આત્મા માં અનાત્મ-પણું અને અનાત્મા (દેહાંદિ) માં આત્મા-પણું,
અતિ મોહ ને લીધે વિપરીત ભાવે માની લઈને જ મનુષ્યો સંસારમાં ભટકયા કરે છે. (૪૬૧)

તેમ જ "હું મનુષ્ય છું,હું બ્રાહ્મણ,ક્ષત્રિય કે વૈશ્ય છું,હું તે જાણનારો હ=છું,હું અજ્ઞાની છું,હું અત્યંત પાપી છું,હું ભ્રષ્ટ
છું,હું સજ્જન છું,હું સુખી છું,હું દુઃખી છું" આવું બધું ભ્રાંતિ થી અતિશય મોહ પામીને લોકો
તેને આત્મા માં કલ્પી લે છે. (૪૬૨)

જન્મ,મરણ,ઘડપણ,ભૂખ,તરસ,સુખ,દુઃખ,અને ભય આદિ ધર્મો અનાત્મા –દેહાદિ ના છે.
આત્મા તો તે ધર્મો થી રહિત છે,છતાં લોકો બુદ્ધિ ના દોષ થી,ઉલટું સમજી ને
આ આત્મામાં તે તે ધર્મો નો આરોપ કરે છે. (૪૬૩)

જે કોઈ મૂળ વસ્તુમાં ભ્રાંતિ ને લીધે,જે કોઈ કલ્પિત વસ્તુ નો આરોપ થાય છે,તેમે તે આરોપિત વસ્તુએ
કરેલો ગુણ કે દોષ, લેશ-માત્ર પણ કોઈ કાળે સંબંધ પામતો નથી. (૪૬૪)

વાયુ શું ઝાંઝવાના જળ થી ભીનો થાય છે?
આંખમાં કમળાના રોગ થી રહેલી પીળાશ થી શું શંખ પીળો બને છે? (૪૬૫)

<u>શિષ્ય નો પ્રશ્ન</u>.

હે પ્રભુ,પ્રત્યગાત્મા (આત્મા) તો ઇન્દ્રિય નો વિષય છે જ નહિ,
છતાં તેમાં ભ્રાંતિ થી અનાત્મા-દેહાદિ નો આરોપ કેવી રીતે થાય છે?
જે વસ્તુ નજર આગળ દેખાયેલી હોય છે,તેમાં જ ભ્રાંતિ થી કોઈ બીજી વસ્તુ નો લોકો આરોપ કરે છે.
છીપ-દોરડી માં આપણે જોઈએ છીએ કે તેમાં રૂપું-સાપ વગેરે ની સમાનતા રહેલી છે,
તેના કારણે પહેલા જોયેલું રૂપું-સાપ તેને યાદ આવે છે,
અને તેને છીપ-દોરડીમાં,રૂપા-સાપ નો આભાસ થઇ જાય છે.
આવો અધ્યાસ (આરોપ-ભ્રમણા),ઇન્દ્રિયાદિ નો અવિષય,
પૂર્વે નહિ જોયેલા કે અનુભવેલા,આત્મા માં કેવી રીતે થાય છે? (૪૬૬-૪૬૮)

આત્મા ને જે કોઈએ કદી પણ અનુભવ્યો ના હોય,તો એ નહિ અનુભવેલી વસ્તુ ની સમાનતા એનાથી વિલક્ષણ
(જુદા) અનાત્મા (દેહાદિ) માં કેવી રીતે સિદ્ધ થાય? (૪૨૯)

આમ છતાં અનાત્મા માં આત્મા-પણા નો આ અધ્યાસ કેવી રીતે આવ્યો છે?અને
તેની નિવૃત્તિ કયા ઉપાય થી થઇ શકે? (૪૭૦)

વળી,ઈશ્વર અને જીવ-બંને ને ઉપાધિ નો સંબંધ તો એક-સરખો છે,છતાં જીવ ને જ કેમ બંધન થાય છે?
ઈશ્વર ને બંધન કેમ નથી? (૪૭૧)

હે દયાના ભંડાર,હે સર્વજ્ઞ ગુરુદેવ,આ બધું આપ દયા-દ્રષ્ટિથી,

હાથમાં રહેલાં આમળાં (જેમ જોઈ શકીએ છીએ) ની પેઠે સ્પષ્ટ સમજાવો. (૪૭૨)

## ગુરૂ નો ઉત્તર

આ આત્મા અવયવ-વાળો નથી અને કોઈનો (ઇન્દ્રિયો નો) વિષય નથી,(એ વાત સાચી છે),
છતાં,એ આત્મા **“હું”** એવા **“જ્ઞાન”** નો “**વિષય**” છે. અને તે આત્મા પરોક્ષ નથી પણ પ્રત્યક્ષ જ છે.
તેથી,સર્વ માં અને સર્વ સ્થળે તેની સિદ્ધિ (સિદ્ધતા) તો અવશ્ય છે જ.પણ તે કોઈના જોવામાં આવતો નથી.
“હું” છું.એવું આત્મા વિશેનું  જ્ઞાન નથી –એમ તો નથી જ (પરંતુ છે જ) (૪૭૩-૪૭૪)

કોઈ પણ મનુષ્ય પોતાની હયાતીમાં પ્રમાણ ઇચ્છતો જ નથી,
ઉલટું,પ્રત્યક્ષ-વગેરે (જે દેખાય છે તે) પ્રમાણો નું “પ્રમાણ” એ આત્મા ને લીધે જ છે.
(એટલે કે આત્મા એ જ સર્વ પ્રત્યક્ષ દેખાતાં પ્રમાણો નું પ્રમાણ છે)
આ સત્ય મનુષ્ય ને જાતે સમજાવું  જોઈએ. (૪૭૫)

જેમ સૂર્ય મેઘ-મંડળ થી ઢંકાઈ જાય છે,ત્યારે તે અનુભવાતો નથી,
તેમ,આ આત્મા,માયા ના કાર્ય-રૂપ અહંકાર-વગેરેથી,ઢંકાઈ ગયો છે,તેથી તે અનુભવાતો નથી.(૪૭૬)

“જે વસ્તુ પ્રત્યક્ષ-કે સન્મુખ (આંખ ને જોઈ શકાય તેવા વિષય-રૂપ) હોય,
તેમાં જ બીજી કોઈ વસ્તુ નો અધ્યાસ (આરોપ) થઇ શકે છે” (એવું જે તેં કહ્યું તેવો),
સત્પુરુષો એ કોઈ નિયમ કર્યો નથી,અધ્યાસ થવામાં તો કેવળ ભ્રાંતિ (ભ્રમ) જ કારણ છે. (૪૭૭)

જેવી રીતે દૃષ્ટિ વગેરે નો વિષય આકાશ નથી,અને આકાશનો કોઈ રંગ નથી,
તેમ છતાં તેમાં અજ્ઞાન થી વાદળી રંગ નો અધ્યાસ (આરોપ) થાય છે,
તેવી રીતે,દૃષ્ટિ-વગેરે નો વિષય “આત્મા નથી” અને આત્મા નું કોઈ રૂપ (દેહાદિ) નથી,
તેમ છતાં,તેના વિષે અજ્ઞાનથી.અજ્ઞાનીઓ દેહાદિ નો અધ્યાસ (આરોપ) કરે છે. (૪૭૮)

અનાત્મ વસ્તુ (દેહાદિ) માં આત્મા-પણા નો અધ્યાસ થવામાં કોઈ સમાનતાની જરૂર રહેતી નથી,
જેમ આ શંખ ધોળો જ હોય છે છતાં “આ શંખ પીળો છે” એવો અધ્યાસ થવામાં,
(આંખ ના પીળીયા ના રોગ વિના) કોઈ સમાનતા ની જરૂર રહેતી નથી. (૪૭૯)

આવા “ઉપાધિરહિત ભ્રમ”  થવામાં કોઈ પણ સમાનતા ની જરૂર દેખાતી જ નથી,
પણ દોરડી માં સાપ નો ભ્રમ –એવા “ઉપાધિયુક્ત ભ્રમ” માં જ સમાનતા ની જરૂર દેખાય છે. (૪૮૦)

જો કે એમ જ છે,તો પણ અનાત્મા માં આત્મા નો અધ્યાસ થવામાં કંઈક સમાનતા હું કહું છું તે તુ સાંભળ.
આ આત્મા જેવો અત્યંત નિર્મળ,સૂક્ષ્મ અને અતિશય પ્રકાશમાન છે,
તેવી જ,”બુદ્ધિ”  પણ સત્વગુણમય,આભાસવાળી,પ્રકાશમાન અને નિર્મળ છે.

આ સમાનતા હોવાને લીધે જ ,જેમ,સૂર્ય ના સમીપપણાથી સ્ફટિકમણિ સૂર્ય જેવો દેખાય છે,
તેમ,આત્મા ના સમીપપણાથી બુદ્ધિ પણ આત્મા જેવી દેખાય છે. (૪૮૧-૪૮૩)

આ રીતે બુદ્ધિ જોકે અનાત્મા છે,છતાં તેમાં આત્મા નો અધ્યાસ થાય છે.તેથી બુદ્ધિ આત્મા ના આભાસવાળી જણાય
છે, તેથી જ મન બુદ્ધિ ના આભાસ વાળું જણાય છે,ઇન્દ્રિયો મન ના આભાસવાળી જણાય છે,અને,
શરીર ઇન્દ્રિયો ના આભાસવાળું જણાય છે. (૪૮૩)

આ કારણથી જ દેહ-ઇન્દ્રિય આદિ અનાત્માઓમાં અજ્ઞાનીઓને “આત્મા” ની બુદ્ધિ થાય છે.
જેમ,મૂર્ખાઓને પોતાના પ્રતિબિંબ માં પોતાપણા ની બુદ્ધિ દેખાય છે,
આમ બુદ્ધિમાં આત્મા નો અધ્યાસ થવાનું કારણ તેમાં જણાતી સહેજ સમાનતા છે. (૪૮૪)

એ રીતે અનાત્મા માં “હું” એવો જે અધ્યાસ થાય છે,તે કહ્યો,અને એ જ પૂર્વ (નો અધ્યાસ) એ
એના પછી ના અધ્યાસ નું “કારણ” બને છે.
જેમ,સૂઈ ને ઉઠે છે,કે મૂર્છા માંથી ઉઠે છે, ત્યારે પાછો આ સંસાર જણાય છે,
આ અવિદ્યા અનાદિકાળ ની છે,તેથી તેનો સંસ્કાર પણ તેવો જ અનાદિ-કાળ નો છે. (૪૮૫-૪૮૬)

જેને લીધે આ બધા અનર્થો અને જન્મ,મરણ,રોગ,ઘડપણ –વગેરે દુઃખો પ્રાપ્ત થાય છે.
તે અધ્યાસ-રૂપ બાધા શાથી આવે છે? તેનું કારણ હું કહું છું,તે મન ને એકાગ્ર કરીને તુ સાંભળ.(૪૮૭)

<u>આ અવિધા જ આત્મા ને ઉપાધિ રૂપ છે.</u>એ અવિદ્યા ની બે મોટી “શક્તિઓ” છે.
<u>વિક્ષેપ અને અનાવરણ</u>.---આ બે શક્તિઓને લીધે આત્મા ને સંસાર લાગુ થયો છે. (૪૮૮)

**<u>“આવરણ” એ “તમોગુણ” ની શક્તિ છે</u>.**આત્મા ને ઢાંકી દેવાનું એ જ આવરણ નું કારણ છે.
એણે જ **<u>મૂળ અવિદ્યા</u>** કહી છે.જેને લીધે જગત મોહિત થયું છે. (૪૮૯)

મનુષ્ય વિવેક્વાળો હોય,અત્યંત યુક્તિકુશળ હોય,આત્મ-તત્વ ને સાંભળી ચુક્યો હોય અને પંડિત હોય,
તો પણ આ “આવરણ શક્તિ” થી તેની જ્ઞાન-દૃષ્ટિ એવી ઢંકાઈ જાય છે કે-
જેથી પોતાના હૃદય માં રહેલા આત્મા ને તે જાણી શકતો નથી. (૪૯૦)

**<u>“વિક્ષેપ” એ રજોગુણ ની શક્તિ છે.</u>**એ જ પુરુષ ને <u>નિત્ય પ્રવૃત્તિ કરવામાં કારણ-રૂપ</u> બને છે,
આ વિક્ષેપ-શક્તિ જ સ્થૂળ શરીર થી માંડી લિંગ-શરીર સુધીના “કેવળ ખોટા-સર્વ પદાર્થો ને”
સત્ય-સ્વરૂપ આત્મામાં <u>ઉત્પન્ન</u> કરે છે.  (૪૯૧)

જેમ પ્રમાદ(આળસ) વિનાના મનુષ્ય ને પણ નિંદ્રા ઢાંકી (દબાવી) દે છે,
તેમ આ શક્તિ (આવરણ-વિક્ષેપ) પણ પ્રત્યગાત્મા (આત્મા) ને ઢાંકી દે છે,
આવરણ શક્તિ જયારે અંદર (બુદ્ધિમાં) ફેલાય છે,ત્યારે વિક્ષેપ શક્તિ ને ઢાંકી દે છે. (૪૯૨)

“આવરણ” નામની આ મોટી શક્તિ છે,તેને લીધે મનુષ્ય નું નિર્મળ સ્વરૂપ ઢંકાઈ જાય છે,
એટલે મોહ ને લીધે મનુષ્ય, “અનાત્મ-બુદ્ધિ” ને  “આ હું જ છું”એવી “આત્મ-બુદ્ધિ” કહે છે. (૪૯૩)

જેમ સ્વપ્ન માં દેખાતા શરીરમાં “આ હું છું” એમ પોતાના આત્મા-પણાની બુદ્ધિ કરે છે,
તેમ,મનુષ્ય જાગ્રત અવસ્થામાં પણ
જન્મ,નાશ,ભૂખ,તરસ,શ્રમ-વગેરે અનાત્મા ના ધર્મોને “આત્મા” માં આરોપે છે. (૪૯૪)

મનુષ્ય “વિક્ષેપ” શક્તિ થી પ્રેરણા પામે છે,ત્યારે શુભ-અશુભ બંને પ્રકારનાં કર્મો કરે છે.
અને તે કર્મો દ્વારા ગ્રહણ કરેલાં તેનાં ફળ ને ભોગવ્યા કરે છે.
અને એમ સંસાર સમુદ્રમાં ભટક્યા કરે છે.  (૪૯૫)

આ “અધ્યાસ” ના દોષ ના લીધે જ પ્રત્યગાત્મા (આત્મા) ને સંસાર-રૂપ પ્રબળ બંધન આવ્યું છે,
જેને લીધે,ગર્ભવાસ,જન્મ,મરણ-વગેરે ના કલેશના ભય થી તે નિરંતર પીડાય છે. (૪૯૬)

"અધ્યાસ" એટલે જે વસ્તુ જે સ્વરૂપમાં હોય,તેને તેથી જુદા (વિપરીત) સ્વરૂપે ગ્રહણ કરવી (જોવી),
આ "અધ્યાસ" સ્વાભાવિક ભ્રાંતિ નું મૂળ છે અને સંસાર નું પ્રથમ કારણ છે. (૪૯૭)

આત્મા-રૂપ (સત્ય) વસ્તુને તેથી જુદા (અસત્) સ્વરૂપે ગ્રહણ કરવી (જોવી),
એ "અધ્યાસ" તો સર્વ અનર્થો નું બીજ છે.
તેથી જ "ક્લેશોની પરંપરા-રૂપ લક્ષણવાળા" આ "સંસાર" માં પડવાનું થાય છે. (૪૯૮)

અધ્યાસ થી જ સંસાર દેખાય છે,પણ અધ્યાસ નાશ પામતા તે દેખાતો નથી જ.
આ બંને વાતને તું "સંસાર માં બંધાયેલા" અને "સંસાર થી છુટેલા" પુરુષો માં તું સ્પષ્ટ જોઈ શકશે.(૪૯૯)

પુરુષ ને "પ્રવૃત્તિ"થી સંસારમાં બંધાયેલો તારે સમજી લેવો,અને "નિવૃત્તિ" થી મુક્ત સમજવો,
**"પ્રવૃત્તિ" એ જ "સંસાર" છે,અને "નિવૃત્તિ" એ જ "મોક્ષ" છે.** (૫૦૦)

આત્મા નો આ અધ્યાસ, એ મિથ્યા અજ્ઞાન ને જ આગળ કરી ને થયેલો હોય છે,તે લગભગ જુઠ્ઠો છે,
તો પણ દોરડીમાં દેખાતા સર્પ ની પેઠે,સંસાર ને વિસ્તારે છે. (૫૦૧)

## પ્રશ્ન----જીવ ની પેઠે પરમાત્મા ને કેમ બંધન નથી?

જીવ ની પેઠે પરમાત્મા ને ઉપાધિ નો સંબંધ તો સરખો જ છે,
તો પણ એ બંને ની ઉપાધિમાંથી –પરમાત્મા ની ઉપાધિ માં ઘણો તફાવત છે.અને
તેથી જ પરમાત્મા ને બંધન નથી,અને તેનું (બંધન નું) કોઈ કાર્ય પણ નથી. (૫૦૨)

**શુદ્ધ "સત્વગુણ" જેમાં મુખ્ય છે,એવી "માયા" આ "પરમાત્મા" ની "ઉપાધિ" છે.**
જેમાં એમને "અલ્પતા" (ઓછા-પણું) હોતી નથી.સત્વગુણ ની જ ઉત્કૃષ્ટતા (વધુ-પણું) રહે છે.
તેથી તેમને બંધન નથી.અને એ માયા એ કરેલો લેશમાત્ર પણ વિક્ષેપ (આકર્ષણ) નથી. (૫૦૩)

"દેવ"-પરમાત્મા સર્વજ્ઞ છે,તેમનો જ્ઞાન-વૈભવ ક્યાંય અટકેલો નથી.
તેથી જ એ પ્રભુ પોતે,પોતાના સ્વ-ભાવ થી નિશ્ચળ રહી,પોતાની માયા નો આશ્રય કરીને,
સ્વતંત્ર વૃત્તિએ,પોતાની ઇચ્છાથી,જગત ની ઉત્પત્તિ,પાલન,સંહાર,સર્વમાં પ્રવેશ,સર્વ ને વશ રાખવાં,
વગેરે સર્વ પ્રકાર નો વ્યાપાર કરે છે. અને પોતાની શક્તિથી,
રજોગુણ તથા તમોગુણ-બંને ને પોતાનામાં પ્રવેશતા અટકાવી ને જ ક્રીડા કરે છે. (૫૦૪)

તેથી એ રજોગુણ અને તમોગુણ એ પરમેશ્વરને આવરણ કે વિક્ષેપ કરી શકતા નથી.
ઉલ્ટા,એ પરમાત્મા જ તે રજોગુણ અને તમોગુણ ની પ્રવૃત્તિ માં કે નિવૃત્તિમાં સ્વતંત્ર છે.
અને એ પોતાની ઈચ્છા અનુસાર એ ગુણો ને બધે જોડે છે-કે-રોકે છે. (૫૦૫)

એને જ શ્રુતિ "ધીકર્મ"કહે છે.(એટલે કે –રજોગુણ અને તમોગુણ ને પોતાની ઈચ્છા અનુસાર જોડવા કે રોકવા
એ પરમેશ્વરનું જ્ઞાન-પૂર્વક નું કર્મ છે-એમ વેદ કહે છે)
કારણકે કોઈને નિગ્રહ(શિક્ષા) કે કોઈને અનુગ્રહ (કૃપા) કરવો તે અથવા તો-
રજોગુણ થી કોઈનું આવરણ કરવું કે-તમોગુણ થી કોઈનો વિક્ષેપ કરવો તે-પરમેશ્વર ની શક્તિ છે.(૫૦૬)

હરકોઈ મનુષ્ય માં સત્વગુણ ઓછો થવાથી,રજોગુણ અને તમોગુણ ની પ્રબળતા થાય છે.
જીવ ની ઉપાધિમાં તથા જીવમાં એ રજોગુણનું તથા તમોગુણ નું કાર્ય વધારે બળવાન હોય છે.(૫૦૭)

એણે લીધે જ આ જીવ ને બંધન છે,અને આ સંસાર પણ તેણે જ કરેલો (બનાવેલો) પ્રાપ્ત થયો છે,
જેમાં એ જીવ હમેશાં વારંવાર દુઃખ ને જુએ છે. (૫૦૮)

<u>આ સંસાર નું કારણ અધ્યાસ છે,બ્રહ્મ-રૂપ વસ્તુમાં વિપરીતતા જોવી,એ અધ્યાસ નું સ્વરૂપ છે.</u>
અને આવરણ-રૂપ લક્ષણ વાળા અજ્ઞાન ને એ અધ્યાસ નું "મૂળ" કહે છે. (૫૦૯)

<u>જ્ઞાન થી જ અજ્ઞાન દૂર થાય છે,કર્મ થી દૂર થતું નથી,</u>કેમ કે કર્મ અજ્ઞાન નું વિરોધી નહિ હોવાથી,
અજ્ઞાન ને દૂર કરી શકે નહિ. (૫૧૦)

કર્મ થી પ્રાણી જન્મે છે,અને કર્મ થી જ નાશ પામે છે,અને
આ જન્મ-મૃત્યુ ની પરંપરા એ કર્મ નું જ કાર્ય છે. (૫૧૧)

આથી જુદું અને જુદા લક્ષણ-વાળું કર્મનું બીજું કોઈ કાર્ય જ નથી,
અને આ <u>"કર્મ" એ "અજ્ઞાન" નું કાર્ય છે</u>. કારણ કે અજ્ઞાન થી તે (કર્મ) વધે છે. (૫૧૨)

જે વસ્તુ (અજ્ઞાન) જેનાથી (કર્મથી) વધતી હોય,તેનાથી (કર્મથી) તેનો (અજ્ઞાનનો) નાશ થઇ શકે નહિ,
અને જેની સાથે જે રહેતું હોય તે તેને અટકાવવા સમર્થ થાય નહિ,
(અજ્ઞાન થી કર્મ વધે છે અને બંને સાથે રહે છે એટલે કર્મ અજ્ઞાન ને દૂર કરી શકે નહિ) (૫૧૩)

એ બંને માં કોણ કોનો નાશ કરવા સમર્થ થાય?
કેમ કે હરકોઈ કર્મ સર્વ-કાળે અજ્ઞાન નું વિરોધી હોતું જ નથી. (૫૧૪)

એથી કર્મ વડે અજ્ઞાન નો નાશ થઇ શકતો જ નથી,પરંતુ
--જેનો સંયોગ.જે ક્ષણે,જેનો નાશ કરનાર થાય છે,તે જ વસ્તુ તે ક્ષણે હોવી જોઈએ. અને જો
--બે વસ્તુ એકબીજા થી જુદા સ્વભાવવાળી હોય છે,તેઓ નું જ પરસ્પર વિરોધી પણું ઘટે છે.
જેમ,અંધારું ને પ્રકાશ એકબીજા થી જુદા સ્વભાવવાળા અને એક બીજા ના વિરોધી છે,
તેમ,અજ્ઞાન અને જ્ઞાન,એ બે નું જ વિરોધીપણું દેખાય છે,(બંને નો સ્વભાવ એક બીજા થી જુદો છે)
તેથી જ્ઞાન વિના અજ્ઞાન નો નાશ બીજા કોઈથી સિદ્ધ થતો નથી. (૫૧૫-૫૧૭)

માટે ઉત્તમ બુદ્ધિવાળા મનુષ્યે અજ્ઞાન નો નાશ કરવા માટે જ્ઞાન મેળવવું જોઈએ, અને
એ જ્ઞાન,આત્મા અને અનાત્મા ને જુદા સમજ્યા વિના બીજા કોઈ પ્રકારે સિદ્ધ થતું નથી. (૫૧૮)

આથી,યુક્તિ વડે,આત્માનું અને અનાત્માનું પૃથક્કરણ કરવું જોઈએ,જેથી,
અનાત્મા માં થયેલી આત્માપણા ની બુદ્ધિરૂપી ગાંઠ છૂટી જાય છે. (૫૧૯)

હવે આત્મા તથા અનાત્મા માટે નો આ વિવાદ જણાવવામાં આવે છે,જેથી
આત્મા અને અનાત્મા નું "તત્વ: જુદુ જુદું અતિ સ્પષ્ટ થાય છે. (૫૨૦)

જેઓએ વેદાંત સાંભળ્યું નથી,અને જેઓ પોતાને પંડિત માની બેઠા છે,એવા મૂઢ લોકો,
ઈશ્વરની કૃપા વિનાના અને સદગુરૂ થી પણ વિમુખ હોય છે,

તેઓ જે પ્રકારે વિવાદ ચલાવે છે-તે હું આદરપૂર્વક કહું છું તે તુ સાંભળ. (૫૨૧)

કોઈ અત્યંત “પામર-વાદી” એ –પુત્ર એ આત્મા છે–એમ માને છે.કારણ કે
આત્મા ની પેઠે પોતાના પુત્ર પર પણ પ્રબળ પ્રીતિ દેખાય છે.
વળી “પુત્ર પુષ્ટ થવાથી હું પુષ્ટ બન્યો અને પુત્રના નાશ થી હું નાશ પામ્યો”-
એ અનુભવ ના બળ થી,યુક્તિથી અને શ્રુતિનો આધાર લઈને પણ તે (ખોટી રીતે) પુત્ર ને આત્મા કહેતાં.
કહે છે કે-“પુત્ર ના નામે તુ જ આત્મા છે-આત્મા વૈ પુત્રનામાસિ” એમ શ્રુતિ કહે છે.
—વળી--
“એક દીવામાં થી બીજો દીવો પ્રકટે છે,તેમ પિતાથી પુત્ર ઉત્પન્ન થાય છે.અને બીજમાંથી થયેલા અંકુર ની
પેઠે,પિતામાંથી ઉત્પન્ન થયેલા પુત્રમાં પણ પિતા જેવા જ ગુણ દેખાય છે”
આ પ્રમાણે સમજી અતિશય ભ્રાંતિ માં પામેલો એ પામર-વાદી
“પુત્ર એ આત્મા છે” એમ માને છે. (પહેલો મત)
જયારે આ મત ને વળી બીજો “વાદી” (ચાર્વાક-વાદ) આ પ્રમાણે દૂષિત ઠરાવી કહે છે કે-
“પુત્ર આત્મા કેમ હોઈ શકે?” (૫૨૨-૫૨૬)

માત્ર “પુત્ર ઉપર ની પ્રીતિ” પરથી પુત્ર આત્મા હોય તેમ માનવું તે યોગ્ય નથી.
પ્રીતિ તો ધન,મિલકત-વગેરે બીજા પદાર્થો પર પણ હોય છે (તેથી એ બધાં આત્મા હોઈ શકે નહિ)
વળી, પ્રાણી માત્ર ને તો પુત્ર કરતાં પણ પોતાના શરીર પર વધારે પ્રીતિ હોય છે.
જયારે ઘર સળગ્યું હોય તો તે પુત્ર ને (ઘરમાં જ) ત્યજી ને પોતાની જાત ને બચાવવા નાસી જાય છે.
તેમજ, પોતાના દેહ માટે (ભૂખમરાથી બચવા) તે પુત્ર ને વેચી પણ નાખે છે.અને
જો પુત્ર પ્રતિકૂળ હોય તો તેને મારી પણ નાખે છે,તેથી પુત્ર આત્મા હોઈ શકે જ નહિ. (૫૨૭-૫૨૯)

વળી,ઘણી વખત -પિતાના ગુણ-રૂપ ની સમાનતા પુત્રમાં હોતી નથી.
પિતા ખોડ-ખાંપણ વિનાનો હોય,છતાં કોઈ વેળા પુત્ર ખોડ-ખાંપણ વાળો જન્મે છે.
પિતા ગુણવાન હોય છતાં પુત્ર દુર્ગુણી જન્મે છે,
માટે “પુત્ર આત્મા છે” એમ માનવામાં જે યુક્તિઓ અને વચનો પ્રમાણ-રૂપે કહ્યાં છે
તે બધાં માત્ર આભાસ-રૂપ જ છે, અને સાચાં નથી.

તેમ જ “પુત્ર નામે તુ આત્મા જ છે” એમ જે વેદમાં કહ્યું છે-તે તો –
ઘરમાં બધા કાર્યોમાં તથા ઘરની બધી વસ્તુઓમાં પિતાની પેઠે પુત્રની પણ માલિકી છે –
એમ જણાવવા માટે જ એ પુત્ર પર આત્મા-પણા નો આરોપ જ કર્યો છે.
તત્વ-બુદ્ધિ થી “પુત્ર આત્મા છે” એમ વેદ કહેતો જ નથી.
માટે પુત્ર ઉપરનું આત્માપણું એ કેવળ આરોપિત જ છે.(તેથી પુત્ર નહિ પણ દેહ આત્મા છે-ચાર્વાક મત)
“હું” એ “પદ” ના જ્ઞાન નો વિષય “દેહ” જ છે,બીજો નથી,એવો પ્રત્યક્ષ નિશ્ચય થાય છે.

વળી શ્રુતિ પણ “આ પુરુષ અન્ન ના રસમય છે-એષ પુરુષોન્ન રસમય”
એમ કહી ને-“પોતાનો દેહ જ આત્મા છે” (આવું અર્થ ઘટન કરી ને)
એવો નિશ્ચય ચાર્વાકે (ચાર્વાક-મતે) કર્યો. (બીજો મત) (૫૩૦-૫૩૫)

પણ આ મત ને બીજા સામાન્ય લોકો સહન કરતાં નથી,અને તે મત ને દૂષિત ઠરાવતાં કહે છે –કે-
દેહ આત્મા કેમ હોય?એ તો પરતંત્ર અને અચેતન જ છે,ઇન્દ્રિયો એને ચલાવે છે ત્યારે તે ચાલે છે,
પોતાની મેળે તો તે કોઈ વખતે પણ કોઈ ચેષ્ઠા કરી શકતો નથી.
જેમ,ઘર એ ગૃહસ્થો ના આશ્રય રૂપ છે,તેમ ચક્ષુ આદિ ઇન્દ્રિયો ને રહેવા મતે દેહ આશ્રય રૂપ જ છે.

વળી બાળપણ-યુવાની-ઘડપણ –વગેરે અનેક જાત ની તેની અવસ્થાઓ છે.
અને વીર્ય તથા લોહીમાંથી તેની ઉત્પત્તિ થાય છે,તેથી દેહ નું આત્મા-પણું કદી સાચું નથી.(૫૩૬-૫૩૮)

પરંતુ “હું બહેરો છું,કાણો છું,મૂંગો છું” એવા અનુભવ થી “ઇન્દ્રિયો આત્મા છે” (ત્રીજો મત)
વળી,તેઓ ને વિષયોનું જ્ઞાન છે,અને તેમના માં ચેતનપણું છે. એમ  શ્રુતિએ પણ જણાવ્યું છે.
“દેહમાં રહેલી ઇન્દ્રિયો એ પ્રજાપતિ પાસે જઈને એમ કહ્યું”
આ રીતે <u>ઇન્દ્રિયોમાં આત્મા-પણું માનવું યોગ્ય છે  (ત્રીજો મત)</u>
પણ આ મતના આ નિશ્ચય ને પણ બીજા સામાન્ય લોકો સહન કરતાં નથી અને
આ મત ને દૂષિત ઠરાવતાં કહે છે કે-  (૫૩૯-૫૪૧)

ઇન્દ્રિયો વળી આત્મા કેમ હોય? એ તો કુહાડા-વગેરે જેવા માત્ર સાધનો જ છે.
કુહાડા-વગેરે માં ચેતન-પણું દેખાતું નથી,
શ્રુતિએ પણ “ઇન્દ્રિયો પર તેમના દેવો નો જ આરોપ કર્યો છે પણ ઇન્દ્રિયો ને સાક્ષાત ચેતન કહી જ નથી”
જેમ,દીવો વગેરે અચેતન છે,છતાં પદાર્થો ના પ્રકાશક થઇ શકે છે,
તેમ,ચક્ષુ આદિ ઇન્દ્રિયો પણ જડ છે છતાં પદાર્થો ની પ્રકાશક થઇ શકે છે.માટે,
<u>ઇન્દ્રિયો નહિ પણ “પ્રાણ આત્મા છે” (ચોથો મત)</u>    (૫૪૨-૫૪૪)

ઇન્દ્રિયો ને ચેષ્ટા આપનાર આ “પ્રાણ” જ છે (ચોથો મત)
તે જ પ્રાણ પાંચવૃત્તિઓવાળો (પ્રાણ-અપાન-સમાન-વ્યાન-ઉદાન) હોઈને,
સર્વ અવસ્થાઓમાં એક જ સ્થિતિ વાળો રહે છે.માટે તે આત્મા હોવાને યોગ્ય છે.
વળી “હું ભૂખ્યો છું-તરસ્યો છું” એવો અનુભવ પણ થાય છે.અને
વેદ પણ “આ પ્રાણ-મય અંતરાત્મા બધાથી જુદો છે” આમ કહી ને પ્રાણ ને જ આત્મા કહે છે,
માટે પ્રાણ ને જ આત્મા માનવો યોગ્ય છે.પણ
“સાધન” (કરણ) નામને ધારણ કરનારી ઇન્દ્રિયો કદી આત્મા હોઈ શકે નહિ. (૫૪૫-૫૪૬)

આવા (ચોથા) મતવાદીઓના નિશ્ચય ને વળી જડ-મતવાદીઓ દૂષિત ઠરાવતાં કહે છે કે-
આ પ્રાણ આત્મા કેવી રીતે હોઈ શકે?એ તો અંદરનો વાયુ જ છે અને
ધમણ ના વાયુ ના પેઠે વારંવાર તે બહાર જાય છે અને અંદર આવે છે.
વળી,તે હિત-અહિત અથવા પોતાને-બીજાને –એવું કંઈ જાણતો નથી.
તે જડ સ્વભાવ વાળો,ચપળ અને સર્વદા કર્મ થી યુક્ત છે.

આ પ્રાણ નું ભાન જો મન હોય તો જ દેખાય છે,પણ મન સૂઈ ગયું હોય તો દેખી શકાતું નથી.
મન તો સર્વ જાણે છે અને બધા અનુભવો માં તે જ કારણ છે-માટે “મન-એ આત્મા છે” (પાંચમો મત)
પ્રાણ કદી આત્મા હોઈ શકે જ નહિ.
વળી “હું સંકલ્પ-વિકલ્પવાળો ને વિચાર-વાળો છું” આવો અનુભવ થાય છે.
શ્રુતિ કહે છે કે-“અંતરાત્મા બધાથી જુદો હોઈ મનોમય છે” એમ,મન ને આત્મા માનવામાં પ્રમાણ છે.
માટે <u>મન ને જ આત્મા માનવો યોગ્ય છે. (પાંચમો મત)</u>
આવા આ મત ને વળી બીજો જડ-મતવાદી દૂષિત ઠરાવતાં કહે છે કે- (૫૪૭-૫૫૨)

મન આત્મા કેમ હોઈ શકે?એ તો ચક્ષુ-આદિ ની જેમ તે એક ઇન્દ્રિય (કરણ-સાધન) જ છે.
જે કરણ હોય તે તો બીજા કોઈ કર્તા વડે જ પ્રેરણા પામનારું હોય છે.તે પોતાની મેળે પ્રવૃત્તિ કરી શકતું નથી.
માટે કરણ ને જે પ્રેરણા આપનાર જે કર્તા હોય તેને જ આત્મા માનવાને યોગ્ય છે.
કરણ,આત્મા સ્વતંત્ર પુરુષ હોવાથી બીજા દ્વારા પ્રેરણા પામવાને કદી યોગ્ય ના હોય.

વળી,"હું કર્તા છું,ભોક્તા છું,સુખી છું"આવો અનુભવ પણ થાય છે માટે "બુદ્ધિ જ આત્મા છે" (છઠ્ઠો મત)
કેમ કે-"હું" આવો જે અહંકાર કરવો તે બુદ્ધિનો ધર્મ છે.
વેદ પણ કહે છે કે-"અંતરાત્મા બધાથી જુદો હોઈ વિજ્ઞાનમય (બુદ્ધિ-રૂપ) છે (આમ બુદ્ધિ ને આત્મા કહે છે)
આ વિજ્ઞાનમય (બુદ્ધિ-રૂપ) આત્મા મન થી જુદો અને કર્તા-રૂપ છે.અને તેથી જ તે યજ્ઞ-વગેરે કર્મો કરે છે."
આમ શ્રુતિ પણ સ્વ-મુખે આ બુદ્ધિ નું કર્તા-પણું સિદ્ધ કરે છે.
માટે <u>બુદ્ધિ ને આત્મા માનવો યોગ્ય છે.આવો બૌદ્ધ-મતે (બૌદ્ધ-છઠ્ઠો મત) નિશ્ચય કર્યો છે</u>.

પણ તેમના એ નિશ્ચય ને પ્રભાકર અને તર્ક-શાસ્ત્રકારો –એ બંને સહન કરી શકતા નથી,અને
તે મતને દૂષિત ઠરાવતાં કહે છે કે-બુદ્ધિ આત્મા કેમ હોઈ શકે? (૫૫૩-૫૫૮)

બુદ્ધિ તો અજ્ઞાન નું કાર્ય છે,ક્ષણે-ક્ષણે નાશ પામનારી છે,અને બુદ્ધિ-વગેરે સર્વ નો અજ્ઞાન માં જ
લય થતો દેખાય છે,વળી "હું અજ્ઞાની છું" આવો અનુભવ સ્ત્રી-બાળક વગેરે ને પણ થાય છે,
માટે "અજ્ઞાન જ આત્મા છે" પણ બુદ્ધિ કદી આત્મા નથી.
વેદ પણ "બધાથી જુદો અંતરાત્મા આનંદમય છે" આમ કહી બુદ્ધિ થી જુદો આનંદમય પરમાત્મા કહે છે.

સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિ આદિ બધું અજ્ઞાન માં લય પામી જાય છે,
દુઃખી હોય તેને પણ એ સુષુપ્તિ (અજ્ઞાન) માં આનંદમય-પણું જણાય છે,અને તેને લીધે જ
"ઊંઘમાં હોઈ મને કંઈ ખબર ના રહી" આવો અનુભવ દેખાય છે.
માટે <u>અજ્ઞાન ને જ આત્મા-પણું માનવા યોગ્ય છે.(સાતમો-મત)</u>
આવા પ્રભાકર-આદિ ના મત ને કુમારિલ ભટ્ટ ના અનુયાયીઓ દૂષિત ઠરાવતાં કહે છે કે- (૫૫૯-૫૬૪)

કેવળ અજ્ઞાન જ કેમ આત્મા હોય?જ્ઞાન પણ અનુભવાય છે,જ્ઞાન ના હોય તો,"હું અજ્ઞાની છું"
એમ પોતાના અજ્ઞાની-પણા ને લોકો કેવી રીતે જાણી શકે?
ઉંઘી ને જાગેલા લોકો માં "હું સુખ-પૂર્વક સૂઈ ગયો હતો,તે વેળા હું કંઈ જાણતો નહોતો"
આવું અજ્ઞાન-પૂર્વક નું જ્ઞાન પણ જોવામાં આવે છે.

વળી,"આનંદમય અને પુષ્કળ જ્ઞાનમય જ આત્મા છે"
એમ શ્રુતિ પોતે પણ આત્મા ને જ્ઞાન-અજ્ઞાન બંને સ્વ-રૂપ જ કહે છે.
માટે જ્ઞાન અને અજ્ઞાન બંને સ્વરૂપ વાળો જ આત્મા છે અને તેને જ અમે આત્મા માન્યો છે (આઠમો મત)
આમ કેવળ અજ્ઞાન-મય જ અહીં પણ <u>જ્ઞાન-અજ્ઞાન-મય ને (કુમારિલ –મત) આત્મા કહે છે (આઠમો મત)</u>
અને કહે છે કે-જો માત્ર અજ્ઞાન-મય જ આત્મા હોય તો-ઘડો-ભીંત વગેરે ની પેઠે કેવળ જડ જ હોય.
આવા આ નિશ્ચયને પણ બીજો જડ-મતવાદી દૂષિત ઠરાવતાં કહે છે કે- (૫૬૫-૫૬૮)

આત્મા જ્ઞાન-અજ્ઞાન-મય કેમ હોઈ શકે?એ તો પ્રકાશ અને અંધકારની પેઠે પરસ્પર વિરુદ્ધ છે.
અને તેથી જ એ જ્ઞાન-અજ્ઞાન નું પ્રકાશ-અંધકાર ની જેમ એક જગ્યાએ રહેવું,અથવા એકબીજા સાથે જોડાવું,
કે એકબીજા નો આશ્રય –એ સિદ્ધ થતો જ નથી.
વળી જ્ઞાન-અજ્ઞાન-બુદ્ધિ વગેરે અને તેમના ગુણો, અથવા જે કંઈ અનુભવનાર –વગેરે છે,
તે પણ સુષુપ્તિ માં જણાતું જ નથી.
અને ઉંઘી ને ઉઠેલા બધા લોકો,"હું ઉંઘી ગયો ત્યારે હું પણ હતો નહિ" એમ શૂન્ય ને જ યાદ કરે છે.
અને શૂન્ય ને જ અનુભવે છે માટે "શૂન્ય એ આત્મા છે" (નવમો-મત)
જ્ઞાન-અજ્ઞાન-રૂપ લક્ષણ-વાળો આત્મા છે જ નહિ.

વળી વેદ પણ "આ જગત પહેલાં અસત્ (શૂન્ય) જ હતું" એમ સ્પષ્ટ કહે છે,

માટે શૂન્ય ને જ અમે આત્મા માન્યો છે. (નવમો મત)
ઘડો-વગેરે તેની ઉત્પત્તિ પહેલાં શૂન્ય (અસત્) રૂપ જ હોય છે,અને પછી થી તે ઉત્પન્ન થયેલો દેખાય છે,
એ ઘડો પ્રથમ પોતાના માં હતો,ને પછી પ્રકટ થાય છે.-એવું તો કંઈ છે જ નહિ.
માટે માણવું પડે છે કે-સર્વ કંઈ આ સત્-રૂપે જે જણાય છે તે બધું અસત્ (શૂન્ય) માંથી જ ઉત્પન્ન થયું છે,
આમ સર્વ રીતે "શૂન્ય" ને જ આત્મા માનવો યોગ્ય છે. (નવમો મત) (૫૬૯-૫૭૬)

આમ પોતાને પંડિત માનતા તે તે મતવાદીઓ એક બીજા નો વિરોધ કરીને,
પોતપોતાના મતને અનુકૂળ,યુક્તિઓ,અનુભવો અને શ્રુતિઓમાંથી થોડાંક વાક્યો નો આધાર લઇ,
પોતાના મત નો નિર્ણય કરેલો છે.

પરંતુ એ સર્વ મતવાદીઓ એ સ્વીકારેલી યુક્તિ,અનુભવો અને શ્રુતિઓ ના વાક્યો ને બાધ કરી ને,
બીજી અનેક યુક્તિઓ,અનુભવો અને શ્રુતિઓના વાક્યો નો આશ્રય કરીને,
પંડિતો એ તે સર્વ મતો (ઉપર બતાવેલા નવ મતો) નું ખંડન કર્યું છે.અને
**પુત્ર થી માંડી ને શૂન્ય સુધી નું –એ કોઈ જ આત્મા નથી એ સારી રીતે સિદ્ધ કર્યું છે**. (૫૭૭-૫૭૯)

જે વસ્તુ નું બીજાં પ્રમાણો થી ખંડન થયું હોય તેને મહાપુરુષો સાચાં તરીકે સ્વીકારતા નથી.
અને આ સર્વ મતો નું ખંડન થયેલું છે એટલે તે ઉપરથી,
પુત્ર થી માંડી શૂન્ય સુધીનું કેવળ-**અનાત્મ-તત્વ**- જ છે એમ સારી રીતે સ્પષ્ટ થયું છે. (૫૮૦)

શિષ્ય અહીં શંકા કરતાં કહે છે કે-સુષુપ્તિ ના સમયે બધું વિલય પામી જાય છે,ત્યારે શૂન્ય વિના બીજું કંઈ આ
જગતમાં જણાતું નથી,અને શૂન્ય તો આત્મા હોય જ નહિ,તો પછી,
એનાથી જુદો આત્મા નામનો કયો પદાર્થ અનુભવાય છે?જો આત્મા છે તો તે જણાતો કેમ નથી?
સુષુપ્તિમાં પણ તે આત્મા રહે છે તેનું શું પ્રમાણ છે? એ આત્મા નું લક્ષણ શું છે?
અહંકાર વગેરે સર્વ પદાર્થો નો સુષુપ્તિમાં બાધ અથવા લય થઇ જાય છે,
છતાં એ આત્મા કેમ લય (બાધ) પામતો નથી?

હે ગુરુદેવ,મારા આ સંશયો નો સમુદાય હૃદયમાં એક જાતની ગાંઠ જેવા લક્ષણ-વાળો છે તેને આપ,
યુક્તિ-રૂપી તલવારની ધારથી કૃપા કરીને કાપી નાખો. (૫૮૧-૫૮૩)

ત્યાર ગુરુદેવ સમાધાન કરતાં કહે છે કે-આ તારો પ્રશ્ન અતિશય સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે.
અને તે પ્રશ્ન ને હું યોગ્ય જ માનું છું,કારણકે-સૂક્ષ્મ પદાર્થો નું દર્શન સૂક્ષ્મ બુદ્ધિ ને જ દેખાય છે (૫૮૪)

તેં જે જે પૂછ્યું છે તેના જવાબરૂપે હું બધું જ કહું છું તે તુ સાંભળ,
આ પરમ રહસ્ય છે અને મુમુક્ષુઓએ તે જાણવા જેવું છે. (૫૮૫)

બુદ્ધિ -આદિ બધા પદાર્થો સુષુપ્તિ સમયે પોતાના "કારણ" એવા "અવ્યક્ત" (માયા) માં જોકે લય
પામી જાય છે,તો પણ
જેમ,વડ ના બી માં અવિકૃત (અસ્પષ્ટ) સ્વરૂપે આખો વડ રહેલો હોય છે,
તેમ,એ બુદ્ધિ -આદિ તત્વો એ "અવ્યકત" (માયા)માં અવિકૃત (અસ્પષ્ટ) સ્વરૂપે રહેલાં જ હોય છે.
એટલે એવા (અસ્પષ્ટ) સ્વરૂપે આ જગત રહેલું જ હોય છે,શૂન્ય જેવું થતું નથી.

જેમ,વડ કોઈ વખતે અંકુર (કે વડ)-રૂપે તો કોઈ વખતે બી-રૂપે રહેલો હોય છે,
તેમ,આ જગત પણ કોઈ વખત કાર્ય કે કોઈ કારણ-રૂપે રહે જ છે,તેનો સંપૂર્ણ વિલય થતો જ નથી.

અને તેને જ શ્રુતિ, જગત ની અવિકૃત-અસ્પષ્ટ- અવ્યાકૃત અવસ્થા કહે છે.
સુષુપ્તિ આદિ અવસ્થાઓમાં આ જગત એ અવ્યાકૃત રૂપે જુદાજુદા સ્વરૂપે રહ્યું હોય છે,
એમ છતાં શ્રુતિઓ અને યુક્તિઓથી નિર્ણય કરેલા એ અર્થ ને સમજ્યા વિના,
જગતના એ "અદર્શન" ને-એ રહસ્ય ને નહિ જાણનારા એને "શૂન્ય" એમ કહે છે. (૫૮૬-૫૮૯)

અસત્ (શુન્ય) માંથી સત્ (પ્રત્યક્ષ દેખાતી વસ્તુ) ની ઉત્પત્તિ કદી સંભળાતી કે દેખાતી નથી.
મનુષ્ય ના શીંગડામાંથી શું ઉત્પન્ન થાય છે? કે આકાશના પુષ્પમાંથી શું થશે? (એટલે કે મનુષ્ય નું શીંગડું અને આકાશ નું પુષ્પ મૂળ માં છે જ નહિ-અસત્ છે,તો તેમાંથી શું થવાનું છે?) (૫૯૦)

જો માટી ના હોય તો ઘડો ઉત્પન્ન થતો જ નથી. એકલી માટી કે એકલા પાણી થી –કે-એ બંનેના
ભેગાં મળવાથી પણ (માટી વિના) કોઈ રીતે ઘડો થતો જ નથી,
માટે જે વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય છે,તેમાં એ વસ્તુ નો જ સ્વભાવ હોય છે. (૫૯૧)

જો એમ ના હોય તો સર્વ શાસ્ત્રોમાં અને સર્વ લોકો માં
કાર્ય અને કરણ નું લક્ષણ ચોક્કસ વિપરીત જ થાય. (૫૯૨)

એટલે આમ,અસત માંથી સત્ કેવી રીતે ઉત્પન્ન થાય?(ન જ થાય)
આવા અભિપ્રાય થી જ શ્રુતિ (વેદ) પણ એ વસ્તુ નો નિષેધ કરે છે,કે અસત્ માંથી સત્ ની ઉત્પત્તિ ઘટતી જ નથી,કેમકે શૂન્ય (અસત્) શબ્દનો અર્થ મિથ્યા જ છે. (૫૯૩)

આ જગતમાં "અવ્યક્ત" (અસ્પષ્ટ)શબ્દ થી કહેવતો છતાં પ્રાજ્ઞ (પ્ર+આ+જ્ઞ=સારી રીતે ચોતરફ જાણનારો)
આત્મા હયાત છે,છતાં
હે, ભ્રમિત ના શિરોમણી,એ આત્મા નું શૂન્ય-પણું કેવી રીતે સિદ્ધ થાય છે?
વળી "સુષુપ્તિ માં શૂન્ય જ હોય છે" તેવું તને કયા પુરુષે કહ્યું? કયા હેતુ થી તેં એનું અનુમાન કર્યું છે?
અને તે શૂન્ય ને તેં જાણ્યું કેવી રીતે?
અને આમ જો પૂછવામ આવે તો એ "શૂન્ય-વાદી" શો ઉત્તર આપશે? (કોઈ જ નહિ)
"સુષુપ્તિમાં શૂન્ય જ હોય છે" એ વાતની સિદ્ધી ને અનુસરતો કોઈ હેતુ (કે પ્રમાણ) નથી,
અને એમ કહેનારો (અનુભવનારો) પણ (સુષુપ્તિમાં) કોઈ હોતો નથી.
તો પછી એ "શૂન્ય" ને જાણનારો –આત્મા-સિવાય બીજો કોણ હોઈ શકે? (૫૯૪-૫૯૬)

સુષુપ્તિ ના સમયે જે "શૂન્ય-પણું" રહેલું હોય છે,તેને તે પોતેજ અનુભવે છે,અને તે પોતે જ કહે છે,
તેમ છતાં એ મૂઢ (શૂન્ય-વાદી) તે સુષુપ્તિમાં પોતાની હયાતી ને ન જોઈ ને તેને
પોતાનું શૂન્ય-પણું કહે છે !!!! (૫૯૭)

પોતે (આત્મા) "બીજા લોકોથી નહિ જણાઈને" સુષુપ્તિ ના "ધર્મ" ને સાક્ષાત (પ્રત્યક્ષ) જાણે છે,
એમ એ સુષુપ્તિમાં –બુદ્ધિ-વગેરે ના "અભાવ" ને જે જાણે છે-**તે-જ નિર્વિકાર આત્મા છે**. (૫૯૮)

જેના પ્રકાશ થી આ બધું પ્રકાશે છે,તે સ્વયં-જ્યોતિ જેવા(જેમ કે-સૂર્ય-જેવા)
"આત્મા" ને પ્રકાશિત કરનાર શું છે? (કંઈ જ નથી-સૂર્ય ને પણ પરમાત્મા પ્રકાશ આપે છે!!)
આ શરીરમાં બુદ્ધિ વગેરે બધું જ જડ છે,
જેમ, સૂર્ય ને પ્રકાશિત કરનારું પૃથ્વી પર કંઈ દેખાતું નથી,
તેમ,આત્મા ને પ્રકાશિત કરનારું કોઈ પણ નથી.અને
આત્મા સિવાય બીજો કોઈ અનુભવ કરનાર કે જાણનાર પણ નથી. (૫૯૯)

જાગ્રત-સ્વપ્ન-અને સુષુપ્તિમાં જેને લીધે બધું અનુભવાય છે,તે આ સંપૂર્ણ જાણનારા આત્મા ને કોણ કેવી રીતે જાણવાને યોગ્ય છે? (૬00)

જેમ અગ્નિ ને બાળનારો છે,પણ અગ્નિ ને બાળનારો બીજો કોઈ નથી,તે જ પ્રમાણે,
આત્મા બધાને જાણનારો છો,પણ તેને પોતાને જાણનારો કોઈ પણ દેખાતો નથી. (૬૦૧)

આ આત્મા પોતે જ બધું મેળવનાર-જાણનાર અથવા અનુભવનાર છે,
તેથી તે પોતે કોના વડે મેળવાય,જણાય કે અનુભવાય? (૬૦૨)

સુષુપ્તિમાં બુદ્ધિ -વગેરે જાણવાલાયક સર્વ પદાર્થો નો વિલય થઇ જાય છે,
ત્યારે "આત્મા" એકલો જ રહે છે, તેથી જ તે કંઈ જોતો નથી,સાંભળતો નથી અને જાણતો નથી,
<u>કેવળ સુષુપ્તિ ના અંધકાર ને માત્ર પોતે "સાક્ષી" થઈને,</u>
<u>નિર્વિકલ્પ (સંકલ્પ-વિકલ્પ વિનાનો) સ્થિતિવાળો તે (આત્મા) સુખે થી રહે છે.</u> (૬૦૩)

સુષુપ્તિમાં "આત્મા" હોય છે-તે વિષે ઉત્તમ પંડિતો, "હું સુખે થી સૂતો હતો"
આવા પોતાના અનુભવ જ્ઞાન ને જ પ્રમાણ તરીકે માને છે.
અને બાળકથી માંડીને વૃદ્ધ સુધી સહુ કોઈ તે સાથે સંમત છે,કેમકે તે વસ્તુ નો સર્વ કોઈને અનુભવ થાય છે.

અને "સ્મરણ (યાદ)"  કરાતી  "વસ્તુ નું હોવું" –એ જ –એમાં માત્ર "હેતુ-રૂપ" હોઈને,
તેનું બરોબર "અનુમાન" પણ કરાવે છે.
વળી,જેને પૂર્વે અનુભવી ના હોય  તે વસ્તુ નું સ્મરણ (યાદ) કેવી રીતે થઇ શકે?(ના થઇ શકે)
આવા તર્કની યુક્તિ થી પણ આત્માની,સુષુપ્તિમાં હયાતી પ્રમાણભૂત સમજી શકાય છે (૬૦૪-૬૦૬)

"જે માં આત્મા ને ---કોઈ પણ વસ્તુ ની ઈચ્છા કરનાર તરીકે ની બુદ્ધિ હોતી નથી,અને
કોઈ સ્વપ્ન ની પણ જરૂર રહેતી નથી,એ સુષુપ્તિ કહેવાય છે"
આમ કહી ને શ્રુતિ પણ આત્મા ની સુષુપ્તિમાં હયાતી જણાવે છે-તેથી શ્રુતિ પણ આમાં પ્રમાણ છે.(૬૦૭)

જો આત્મા (સુષુપ્તિમાં) હોય જ નહિ,તો "નહિ ઇચ્છનાર-પણું" અને સ્વપ્ન થી દર્શન તેને કેમ ઘટે?
માટે સુષુપ્તિમાં પણ આત્મા નું અસ્તિત્વ જણાય છે. (૬૦૮)

આવા ઉપર જણાવેલ પ્રમાણો પરથી વિદ્વાનો એ "સુષુપ્તિમાં પણ આત્મા સાક્ષી-રૂપે રહ્યો હોય છે"
એમ જાણેલ છે,અને આ આત્મા કેવળ શુદ્ધ અને સચ્ચિદાનંદ-સ્વરૂપ લક્ષણ વાળો છે. (૬૦૯)

પ્રત્યગાત્મા (આત્મા) નું સત્-ચિત્-આનંદ આદિ સત્ય લક્ષણ ત્રણે કાળે અબાધિત રહે છે,
કેમ કે "નિત્ય-સ્વ-રૂપ" છે.  (૬૧૦)

આત્મા, જ્ઞાન-સ્વ-રૂપ છે,તેથી તે શુદ્ધ ચૈતન્ય-રૂપ "ચિત્ત" કહેવાય છે.અને
અખંડ-સુખ-રૂપ હોવાથી "આનંદ" કહેવાય છે.
જાગ્રત-સ્વપ્ન અને સુષુપ્તિ-એ-ત્રણે અવસ્થાઓમાં આત્મા પરોવાયેલો છે-તેથી તેની હયાતી હોય જ છે.

અને " હું છું" એમ અનુભવાય છે-તેથી એ નિત્ય અને નિર્વિકાર છે.

"હું સર્વ-કાળે હતો"એમ હરકોઈ સમયે પોતાના આત્મ-સ્વ-રૂપ નું અભેદ-જ્ઞાન દેખાય છે,પણ,
"કોઈ કાળે હું નહોતો" એમ જણાતું નથી-એટલે આત્માને "નિત્ય" માન્યો છે.

જેમ,ગંગા ના તરંગો ની પરંપરામાં,જળની સત્તાને –હયાતી (સત્તા)-રૂપે –અનુસરવું પડતું હોય છે,
તેમ, (૧) આવી ને ગયેલી,બાલ્ય-વગેરે અવસ્થાઓમાં—(૨) જાગ્રત-આદિ અવસ્થાઓમાં-અને
(૩) દૃષ્ટ કે અદૃષ્ટ બધી વૃત્તિઓમાં-"આત્મા" નું સત્તા-રૂપે (હયાતી-રૂપે) અનુસરણ જ હોય છે.
કેમ કે-તે સર્વ "સ્થિતિમાં" "હું-હું" એવી વૃત્તિ સદા સ્થિર હોય છે.તેથી,
"સાક્ષી" નું એક જ આત્મ-સ્વરૂપ છે. (૬૧૧-૬૧૪)

વળી અહંકાર-વગેરે તો પગલે પગલે જુદા જુદા જણાય છે,અને ક્ષણે ક્ષણે પરિણામ પામનારા છે,
તેથી તેઓ વિકારી છે,
પણ આત્મા નું કોઈ પરિણામ થતું જ નથી,કેમ કે તે નિષ્કલછે-અવયવ-રહિત છે.અને
તેથી જ આત્મા એ અવિકારી અને નિત્ય જ છે. (૬૧૫)

"જે હું સ્વપ્ન જોતો હતો-તે "હું" જ છું,
જે હું સુખથી ઊંઘતો હતો-તે "હું" જ છું-
અને હું જે જાણું છું તે-"હું" જ છું" આમ અવિચ્છિન્નપણે –નિરંતર અનુભવાય છે,
તેથી સર્વ-કાળે આત્મા ની હયાતી છે-એમાં સંશય જ નથી (૬૧૬)

વેદમાં જે સોળ કળાઓ (આત્માની ?) કહી છે,
તે ચિદાભાસ (ચૈતન્ય ના આભાસ-રૂપ –જીવ) ની સમજવી.આત્મા ની નહિ,
કેમકે –આત્મા તો નિષ્કલ-અવયવ રહિત છે,તેથી આત્મા ની નિત્યતા છે . (૬૧૭)

જેમ,જડ વસ્તુઓ નો પ્રકાશક સૂર્ય પ્રકાશ-સ્વ-રૂપ જ છે,સૂર્ય એ જડ નથી,
તેમ,બુદ્ધિ –આદિ નો પ્રકાશક –આત્મા-ચૈતન્ય-સ્વ-રૂપ જ છે,જડ નથી. (૬૧૮)

જેમ, ભીંત-વગેરે જડ વસ્તુઓ નું જ્ઞાન સૂર્ય વગેરેના પ્રકાશ વિના સંભવ નથી,
તેઓ (ભીંત-વગેરે) થી પોતાથી જ તેમનું જ્ઞાન થવું સંભવ નથી (અંધારામાં ભીંત નું જ્ઞાન થાય નહિ)
તેમ,આત્મા વિના બુદ્ધિ-વગેરે જડ પદાર્થો નું સ્ફુરણ (જ્ઞાન) તેમનાથી પોતાથી,લેશમાત્ર પણ ઘટતું નથી,
(માત્ર-આત્મા ના પ્રકાશ થી જ બુદ્ધિ-વગેરે નું સ્ફુરણ થઇ શકે છે)

માટે-જેમ,સૂર્ય કાંતિમય છે તેમ આ આત્મા કેવળ ચૈતન્ય-મય છે-એમ શ્રુતિઓએ માન્યું છે. (૬૧૯)

જેમ,પોતાને અથવા બીજા પદાર્થો ને પ્રકાશિત કરવામાં સૂર્ય બીજાના પ્રકાશ ને લેશમાત્ર ઈચ્છતો નથી.
તેમ,ચૈતન્ય-રૂપ –આ પરમાત્મા પોતાને (કે બીજા અહંકાર વગેરેને) જાણવામાં,
બીજા કોઈની જરૂર જરા પણ ઈચ્છતો નથી. (૬૨૦)

આ આત્મા બીજા-કોઈના પ્રકાશ ની લગાર પણ દરકાર કર્યા વિના પોતાની મેળે જ ચારે બાજુ પ્રકાશે છે,
તેથી તે સ્વયં-જ્યોતિ અને ચૈતન્ય-સ્વ-રૂપ છે.
આવા આત્મા ને પ્રકાશિત થવામાં બીજાના પ્રકાશ ની જરૂર નથી. (૬૨૧)

જેમ,સૂર્ય,ચંદ્ર અને વીજળીઓ પ્રકાશિત કરી શકાતાં નથી,તો,
અમુક મર્યાદિત પ્રમાણ ની જ કાંતિ-વાળો અગ્નિ તેમને કેવી રીતે પ્રકાશિત કરી શકે? (ન જ કરી શકે)

તેમ,આ આત્મા કે જેના પ્રકાશ થી આ સમગ્ર જગત પ્રકાશે છે, તેને જગત પ્રકાશિત ના કરી શકે,
અને તે આત્મા જ સર્વ દિશાઓમાં પોતાની મેળે જ સ્ફૂરે છે. (૬૨૨)

આત્મા સુખ-રૂપ છે,તેથી આનંદ એ જ પોતાનું (આત્માનું) લક્ષણ છે,
આ આત્મા બીજાઓના પ્રેમ નું સ્થાન છે,તેથી તે “સુખ-રૂપ” છે. (૬૨૩)

સર્વ પ્રાણીઓને “સુખનાં કારણો” ઉપર જે પ્રેમ હોય છે,તે અમુક અવધિ (સમય) સુધી નો જ હોય છે,
પરંતુ પોતાના આત્મા ઉપર જે પ્રેમ હોય છે તેનો તો કોઈ કાળે અવધિ (સમય) હોતો જ નથી (૬૨૪)

જેની ઇન્દ્રિયો ક્ષીણ થઇ હોય,જે ઘરડો થઇ ગયો હોય,અને જેનું મરણ આવી પહોંચ્યું હોય,
તેને પણ જીવવાની આશા હોય છે,કારણકે આત્મા સૌથી વધારે વહાલો છે. (૬૨૫)

આથી જણાય છે કે-સર્વ પ્રાણીઓને પોતાનો આત્મા જ પરમ પ્રેમનું સ્થાન છે,
અને આત્મા સિવાય બધી વસ્તુઓ બાકી તરીકે સ્વીકારવા યોગ્ય બને છે.
(એટલે કે આત્મા પહેલો અને તે પછી બીજી બધી વસ્તુઓ)    (૬૨૬)

આ આત્મા જ પુત્ર કરતાં અને ધન કરતાં પણ વધારે વહાલો  છે.
બીજી સર્વ વસ્તુઓથી પણ આ આત્મા અતિશય અંતર નો છે. (૬૨૭)

વિપત્તિ માં કે સંપત્તિમાં મનુષ્યોને જેવો આત્મા પ્રિય હોય છે તેવો બીજો કોઈ પદાર્થ પ્રિય હોતો નથી.,
બીજી જે વસ્તુ પ્રિય તરીકે મનાઈ હોય છે,તે પણ આત્મા ની પેઠે સદાકાળ પ્રિય રહેતી નથી. (૬૨૮)

પ્રાણીઓ ને આત્મા જ સૌ કરતાં વધારે પ્રિય હોય છે,અને સ્ત્રી,પુત્ર,મિત્રો,ઘર,ધન વગેરે પદાર્થો અને
વેપાર,ખેતી,ગૌપાલન ,રાજસેવા,વૈદું –વગેરે જાત જાતની ક્રિયા ઓ આત્મા માટેજ ઉપયોગી છે.(૬૨૯)

વળી,પ્રવૃત્તિ,નિવૃત્તિ અને બીજી જેટલી પણ ચેષ્ટાઓ કરવામાં આવે છે,તેપણ આત્મા માટેજ લોકો કરે છે,
કોઈ બીજ ને માટે કરતુ નથી,આથી જણાય છે કે-આત્માથી બીજો કોઈ વધારે પ્રિય નથી. (૬૩૦)

આ કારણથી જ આત્મા ને કેવળ આનંદ-રૂપ અને સર્વ વસ્તુઓ કરતાં વધારે પ્રિય કહ્યો છે.
જે મનુષ્ય આત્મા સિવાયની બીજી વસ્તુ ને પ્રિય માને છે એ જ વસ્તુ થી શોક ભોગવે છે.(૬૩૧)

શિષ્ય શંકા કરતાં પૂછે છે કે-હે,પ્રભુ ક્ષમા કરજો,હું આ બીજો પ્રશ્ન કરું છું,પણ મહાત્માઓ અજ્ઞાની ની વાણી ને
અપરાધ-રૂપે ગણતા નથી.પણ માને અહીં લાગે છે કે-આત્મા જુદો છે અને સુખ એનાથી જુદું છે.અને આત્મા
સુખ-રૂપ હોઈ શકે નહિ.આત્મા તો સુખ ની આશા રાખે છે,તેથી જ લોકો આત્માના સુખ માટે યત્ન કરે છે,
જો આત્મા સુખ-રૂપ હોય તો પ્રાણીઓ સુખ માટે પ્રયત્ન શું કામ કરે? આ મારો સંશય છે તે –
હે,પ્રભુ કૃપા કરીને દૂર કરો. (૬૩૨-૬૩૪)

ત્યારે શ્રીગુરૂ,પ્રશ્ન નું સમાધાન કરતાં કહે છે કે-
સામાન્ય લોકો આત્માને આનંદ-રૂપ નહિ સમજી ને જ આત્માની બહાર સુખ માટે યત્ન કરે છે.પણ આત્મા ને
સુખ-રૂપ સમજતો કોઈ વિદ્વાન આત્માની બહાર સુખ માટે યત્ન કરતો નથી. (૬૩૫)

પોતાના ઘરમાં જ ખજાનો છે,તે ખજાના ને ના જાણી ને દુર્મતિ મનુષ્ય ભિક્ષાને માટે ભટકે છે,
પરંતુ પોતાના ઘરમાં જ રહેલા ખજાના ને જાણ્યા પછી,કયો સદબુદ્ધિ વાળો મનુષ્ય ભિક્ષા માટે ભમે?(૬૩૬)

સ્થૂળ અને સૂક્ષ્મ શરીર સ્વભાવથી જ દુઃખ-રૂપ છે,છતાં અજ્ઞાની મનુષ્ય તેને (શરીર ને)
પોતાના આત્મા તરીકે સ્વીકારી લઇ ને આત્મા નું સુખ-સ્વરૂપ ભૂલી જાય છે,અને
જે દુઃખ દે છે તેવા શરીર વગેરે પદાર્થો દ્વારા સુખ ને ઈચ્છે છે. (૬૩૭)

જે વસ્તુ પોતે જ દુઃખ-દાયી હોય,તે સુખ આપવા સમર્થ થતી નથી,
જે મનુષ્ય ઝેર પીએ,તેને શું તે ઝેર અમર-પણું આપે છે?(નહિ જ) (૬૩૮)

“આત્મા જુદો છે અને સુખ જુદું છે” આવો નિશ્ચય કરીને જ પામર મનુષ્ય,આત્માની બહાર સુખ માટે
યત્ન કરે છે,આ વાત સત્ય જ છે,એમાં સંશય નથી. (૬૩૯)

આ લોકમાં સર્વ પ્રાણીઓ ને –કોઈ ઇષ્ટ વસ્તુ ના ધ્યાન-દર્શન-કે ઉપભોગ કરતાં મનમાં જે આનંદ જણાય છે તે
આનંદ તે –તે વસ્તુ નો ધર્મ નથી, (તે વસ્તુમાં આનંદ નથી)
તે વસ્તુ નો આનંદ મનમાં જણાય છે પણ તે વસ્તુનો  ધર્મ કેવી રીતે જણાય?(ના જણાય)
વળી એક વસ્તુમાં રહેલા ધર્મો કદી બીજામાં દેખાતા નથી.
માટે આ આનંદ આ વસ્તુ નો ધર્મ કદી હોઈ જ શકે નહિ. (૬૪૦-૬૪૨)

તેમ જ એ આનંદ એ “મન” નો પણ ધર્મ નથી.
કેમકે જો (આનંદ આપનાર )પદાર્થ હોતો નથી તો આનંદ પણ (મનમાં ક્યાંય) દેખાતો નથી.
કોઈ કદાચ એમ કહે કે-
આનંદ ને પ્રગટ કરનાર પદાર્થ જયારે હોય નહિ તો પ્રગટ થનારો આનંદ ઉત્પન્ન થતો નથી.
તો તેની સામે એ કહે છે કે-કોઈ વેળા આનંદ પેદા કરનાર પદાર્થ સામે હોય તો પણ
આનંદ ઉત્પન્ન થતો નથી તેનું કેમ?

આનંદ પ્રગટ કરનાર પદાર્થ હોય તેમ છતાં તેમાંથી પ્રગટ થનારો (આનંદ)ઉત્પન્ન થાય નહિ,
એ તો કોઈને પણ માન્ય જ નથી.
કોઈ કદાચ એમ કહે કે-આનંદ ને પ્રગટ કરનાર વસ્તુ હોય પણ,તેમાંથી પ્રગટ થનારો આનંદ જો ના જણાય
તો,તેને અટકાવનાર દુષ્ટ-દૈવ વગેરે કોઈ કારણ હશે.
તો તેના જવાબ માં કહે છે કે-આનંદ ને અટકાવનાર જો દુષ્ટ-દૈવ જ કારણ હોય તો એ પ્રિય વસ્તુ ની
પ્રાપ્તિ જ ના થાય.પણ પ્રિય વસ્તુ નો લાભ થયો છે-તો દુષ્ટ દૈવ સિદ્ધ થતું નથી.

માટે આનંદ એ મન નો ધર્મ નથી, અને તે જ રીતે
આત્મા તો નિર્ગુણ હોવાથી આત્માનો ધર્મ પણ હોઈ શકે નહિ.
પણ પુણ્ય ના સાનિધ્ય થી,ઇષ્ટ વસ્તુ સમીપ માં પ્રાપ્ત થવાથી,સત્વગુણ જેમાં મુખ્ય છે તેવા ચિત્તમાં,
જેમ,સ્વચ્છ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે,તેમ આનંદરૂપ લક્ષણવાળો,
આત્મા જ પ્રતિબિંબ રૂપે (તે ચિત્તમાં) પડે છે.(૬૪૩-૬૪૭)

ચિત્તમાં જે પ્રતિબિંબ-રૂપે પડેલો હોય છે,એવો તે આનંદ આભાસ-રૂપે જ હોય છે.
કેમકે પુણ્ય ની વધઘટ થવાથી,આનંદ પોતે પણ વધે છે ને ઘટે છે. (૬૪૮)

ચક્રવર્તી રાજાથી માંડી બ્રહ્મા સુધી ના જીવો ને જે આનંદ હોય છે,તેને શ્રુતિએ નાશવંત જણાવ્યો છે.
કેમ કે તે ઉતરોત્તર ચઢિયાતો હોવા છતાં “કારણ”  નો નાશ થતાં નાશ પામે છે.
એ બધો વિષયો નો આનંદ છે.તેમાં “સાધન-રૂપે” કેવળ પુણ્ય જ હોય છે.

જે પુણ્ય કરનારાઓ વિષયો નો આનંદ ભોગવે છે, તેઓને એ આનંદ ના ભોગ-કાળે પણ કોઈ વેળા
દુઃખ ને ભોગવવું પડે છે.
માટે વિષયો ના સંબંધવાળું સુખ તે વિષના સંબંધ વાળા અન્ન જેવું છે.
એ સુખ ભોગ ના સમયે (કોઈકવાર) દુઃખ અને ભોગના અંતે દુઃખ જ આપે છે.કેમકે-
બ્રહ્મા વગેરે પદને પામેલા જીવો ને પણ વધારે ને ઓછું સુખ હોય છે.અને એ નાશવંત છે,
તેથી ભવિષ્યમાં થનારા નાશનો પણ ભય રહે છે.
તેમ જ બીજાનું વધારે સુખ જોઈને પણ દુઃખ થાય છે.
માટે વિદ્વાન પુરુષોએ વિષયો નું સુખ ઈચ્છવા યોગ્ય નથી. (૬૪૯-૬૫૪)

**જે આનંદ "બિંબ-રૂપ" છે તે જ આનંદ-રૂપ લક્ષણ-વાળો "આત્મા" છે.**
એ શાશ્વત,અદ્વૈત,પૂર્ણ અને નિત્ય છે, તે "એક" જ છે તો પણ "નિર્ભય" છે. (૬૫૫)

એ બિંબ-રૂપ આનંદ તેના પ્રતિબિંબ-રૂપ અને આભાસ રૂપ આનંદ પરથી જાણી શકાય છે.
જે પ્રતિબિંબ હોય છે તેનું મૂળ બિંબ જ હોય છે,બિંબ વગર પ્રતિબિંબ કદી હોતું નથી. (૬૫૬)

આ રીતે જે બિંબ-રૂપ આનંદ છે,તે એના પ્રતિબિંબરૂપ આનંદ ઉપરથી જણાય છે.
અને એ જ યુક્તિથી પંડિત લોકો તે બિંબ-આનંદ ને જાણે છે,પ્રત્યક્ષ કદી અનુભવતા નથી (૬૫૭)

આવો પૂર્વોક્ત લક્ષણવાળો (બિંબ-આનંદ)આત્મા,અવિદ્યાના કાર્ય,શરીર,ઇન્દ્રિય-આદિ સમુદાયમાં
જાગ્રત અને સ્વપ્ન માં પણ હોય ચેજ,છતાં તે પ્રત્યક્ષ જાણતો નથી.
પરંતુ,દુઃખ-રૂપ,શરીર (સ્થૂળ અને સૂક્ષ્મ) જયારે લય પામે છે,ત્યારે
"સુષુપ્તિમાં" અંદરના આનંદરૂપ લક્ષણવાળો એ આત્મા પ્રકાશે છે. (૬૫૮-૬૫૯)

એ "સુષુપ્તિ" માં કોઈ વિષય હોતો નથી તેમ જ બુદ્ધિ-વગેરે પણ કંઈ હોતું નથી,
કેવળ,આનંદ-સ્વ-રૂપ અને એકલો આત્મા જ રહેલો હોય છે. (૬૬૦)

ઉંઘી ને ઉઠેલા સર્વ લોકો,આ આત્માને માત્ર સુખ-રૂપે (હું સુખે થી સૂતો હતો-એવા અનુભવ-રૂપે)
જણાવે જ છે,માટે એમાં સંશય કરવાને યોગ્ય નથી. (૬૬૧)

ઉંઘી ને ઉઠેલા,તે પોતે,પણ,"હું સુખે થી ઊંઘતો હતો" એમ,જે,જાગ્યા પછી કહે છે,તે ,
તેમણે આત્મા ને સુખરૂપે અનુભવ કર્યો તે જ કહે છે.(એમ આત્મા સર્વ ને પ્રત્યક્ષ થાય છે જ.) (૬૬૨)

પૂર્વ-કાળ ના કોઈ "વાદી" એ-"દુઃખ નો અભાવ એ જ સુખ છે" (એટલે સુખ-રૂપે આત્મા ના હોઈ શકે)
એમ જે વચન કહ્યું છે તે ખોટું અને અસાર છે.તેણે ઉપનિષદ ની ગંધ પણ લીધી નથી. (૬૬૩)

દુઃખ નો અભાવ તો માટીનું ઢેફું-વગેરે માં પણ છતાં તેમાં સુખ નો લેશ પણ અનુભવ થતો નથી,
આ વાત સર્વ લોકો ને પ્રત્યક્ષ જ છે. (૬૬૪)

શ્રુતિ પણ "આ આત્મ સત્ય-સ્વ-રૂપ જ છે" એમ આરંભ કરી ને,
"આ આત્મા સત્ય-રૂપે અસ્તિત્વમય છે અને કેવળ ચૈતન્યમય તથા આનંદ-સ્વ-રૂપ જ છે."
એમ કહી આ પ્રત્યગાત્મા (આત્મા) ને કેવળ આનંદમય-સ્વરૂપ કહે છે. (૬૬૫)

વળી સજ્જનો માં ઉત્તમ,બ્રહ્મ ને જાણનારા અને ધન્યવાદ ને પાત્ર એવા,ધીર મહાત્માઓ,
પણ **સમાધિમાં કેવળ આનંદ-સ્વ-રૂપે (અપરોક્ષપણે-પ્રત્યક્ષ) અનુભવે છે.**
એમ આ આત્મા વિષે સંશય જ નથી. (૬૬૬-૬૬૭)

બ્રહ્માથી માંડીને સર્વ પ્રાણીઓ,પોતપોતાની ઉપાધિ પ્રમાણે,આ આત્મા ના જ આનંદ-રૂપ એક અંશનો
અનુભવ કરી રહ્યા છે.(સર્વ ને જે કંઈ આનંદ નો અનુભવ થાય છે તે આત્મા નો જ છે) (૬૬૮)

જેમ, ખાવાના પદાર્થોમાં જે મધુર રસનો સ્વાદ જણાય છે તે ગોળનો જ રસ છે,બીજા કોઈ (તીખા-ખાટા)
પદાર્થ ની એ મીઠાશ નથી,
તેમ,વિષયો ના સામીપ્યથી જે આનંદ જણાય છે,તે બિંબ-રૂપ આનંદ (આત્મા) ના અંશ નું
પ્રતિબિંબ (પ્રકાશ) જ છે, જડ વિષયો નો એ આનંદ નથી. (૬૭૦)

એટલું જ નહિ,પણ જે કોઈ પદાર્થ ના સંબંધ થી જે કોઈ સ્થળે આનંદ દેખાય છે,
તે પર-બ્રહ્મ ની સ્ફૂર્તિ એટલે કે પ્રતિબિંબ (અથવા પ્રકાશ) છે. (૬૭૧)

જેમ ચંદ્ર-વિકસી કમળોનું ખીલવું,તે ચન્દ્ર ના નિર્મળ પ્રકાશ થી જ થાય છે,
તેમ,સર્વ પ્રાણીઓ ને જે આનંદ પ્રકટે છે તે,પરબ્રહ્મ-રૂપ વસ્તુ ના પ્રકાશથી જ પ્રકટે છે. (૬૭૨)

સત્-ચિત્ અને આનંદ-એ પરમાત્મા નું “સ્વ-રૂપ” છે,પણ એ તેમના ગુણો નથી,
કેમ કે પરમાત્મા નિર્ગુણ છે,તેથી તેમણે અને ગુણો ને સંબંધ ન જ હોય.

વળી સત્-ચિત્-આનંદ  એ પરમાત્મા નાં વિશેષણ પણ નથી,કેમકે-
કોઈ બીજું દ્રવ્ય હોય તો તેનાથી અલગ પાડવા વિશેષણ અપાય છે.પણ પરમાત્મા એક અને અદ્વિતીય છે.
અને આ દેખાતો પ્રપંચ (માયા) તો મિથ્યા જ છે,

શ્રુતિ પણ “કેવલો નિર્ગુણમ્-પરમાત્મા એક જ અને નિર્ગુણ છે” એમ કહે છે.તેથી તે સત્-ચિત્-આનંદ
પરમાત્મા ના ગુણો હોય એમ ઘટતું જ નથી.

માટે જેમ ઉષ્ણતા અને પ્રકાશ એ અગ્નિ નું જ સ્વ-રૂપ છે,
તેમ સત્-ચિત્-આનંદ,એ પરમાત્મા નું જ સ્વરૂપ છે,એમ વેદોએ નિશ્ચય કર્યો છે.
અને આજ કારણથી,પરમાત્મા-રૂપ અદ્વિતીય વસ્તુમાં સજાતીય કે વિજાતીય વગેરે લક્ષણ વાળો
પણ કોઈ ભેદ નથી.
પ્રપંચ-રૂપ (માયા-રુપ) આ સંસાર નો તો “અપવાદ” કરેલો છે,તેથી તે વિજાતીય ભેદ મનાતો નથી.
એ કેવી રીતે? તો તેનો પ્રકાર હું કહું છું તે તું આદર-પૂર્વક સાંભળ. (૬૭૩-૬૭૮)

જેમ,દોરી તે સાપ નથી,છતાં ભ્રાંતિથી તે સાપ દેખાય,એ દોરીમાં સાપ નો વિવર્ત (ભ્રમ) છે,
ખરી રીતે તે સાપ નથી.માત્ર દોરી જ છે, આમ સમજવું તે “અપવાદ” છે,
તેમ,વિવર્ત (ભ્રમ)રૂપ આ જગત ને માત્ર સત્ (બ્રહ્મ)સ્વરૂપે જોવું ,તેને પણ
અદ્વૈત બ્રહ્મવેત્તાઓ “અપવાદ” કહે છે.(૬૭૯-૬૮૦)

સૂક્ષ્મ બુદ્ધિવાળા પુરુષોએ,ભ્રાંતિ થી જણાયેલા વિવર્ત-રૂપ આ જગતને તેની “ઉત્પત્તિ” ના
ઉલ્ટા ક્રમ થી તપાસવું અને ઉત્તમ પ્રકારની યુક્તિઓથી માત્ર સત્ (બ્રહ્મ) સ્વરૂપે જોવું. (૬૮૧)

ચાર પ્રકારનાં (જરાયુજ-અંડજ-સ્વેદજ-ઉદ્ભિજ્જ) સર્વે સ્થૂળ શરીરો,તેના ખોરાક-રૂપ અન્ન વગેરે,
તેનો આશ્રય વગેરે અને આખું બ્રહ્માંડ અતિશય સ્થૂળ છે.
અને પંચીકરણ પામેલાં પંચ મહાભૂતો માત્ર જ છે –તેમ જોવું.
જો વિચારવામાં આવે તો
આ જગતમાં જે જે વસ્તુ કાર્ય-રૂપે દેખાય છે તે તે બધી માત્ર કારણ-રૂપ જ હોય છે, ઘડો-વગેરે પદાર્થો,
માટી ના કાર્ય-રૂપે અલગ દેખાય છે,પણ તેમ છતાં તે માટી થી જુદા નથી જ.(૬૮૨-૬૮૩)

ઘડો-વગેરે જે પદાર્થો દેખાય છે તે અંદર-બહાર માટી જ છે,માટીથી જુદું છે જ નહિ.
માટે "કાંઠલા વગેરે આકારવાળો ઘડો છે" એમ કહેવું ન જ જોઈએ,પણ
"આ માટી જ છે,બીજું કંઈ નથી" એમ કહેવું જોઈએ. (૬૮૪)

આમ ઘડો-વગેરે પદાર્થો સ્વરૂપ-દ્રષ્ટિએ માટી જ છે,તેમ છતાં મૂઢ લોકો,તેં "ઘડો" વગેરે નામથી કહે છે.
તે વિષે વિચારવામાં આવે તો,નામ નો જ ભેદ દેખાય છે,વસ્તુ નો ભેદ દેખાતો નથી. (૬૮૫)

કેમ કે હે,ભાઈ,હરકોઈ કાર્ય તેના કારણથી જુદું હોતું જ નથી.તેથી આ જગતમાં જે જે ભૌતિક પદાર્થો છે,
તે બધા યે માત્ર ભૂતો (પંચ-મહાભૂતોથી બનેલા) જ છે.-તેઓથી જુદા નથી. (૬૮૬)

એ જ પ્રમાણે,પંચીકરણ પામેલાં સર્વ ભૂતો,તેમના પોતાના શબ્દ-વગેરે ગુણો,અને સૂક્ષ્મ શરીરો—
આ બધું પણ પંચીકરણ નહિ પામેલા પંચ મહાભૂતો જ છે.(૬૮૭)

એ જ પ્રમાણે,તે અપંચીકૃત મહાભૂતો પણ રજોગુમ-તમોગુણ-સત્વગુણ ની સાથે માત્ર-
અવ્યક્ત-પ્રધાન-પ્રકૃતિ જ છે,અને તે અવ્યક્ત-પ્રધાન-પ્રકૃતિ પોતે તથા આ જગત,
પણ "સ્વ-રૂપ-દૃષ્ટિ" એ કેવળ આભાસ જ છે. (૬૮૮)

ખરી રીતે શુદ્ધ બ્રહ્મ જ સર્વના આધારરૂપ છે. કે જે સર્વ ના આદિ,સત્ય-સ્વરૂપ અને એક જ છે.
તે જ માત્ર સત્-વસ્તુ છે, એ સત્ થી જુદો કોઈ ભેદ (વિકલ્પ) છે જ નહિ,
સર્વ થી પર,કેવળ એ (બ્રહ્મ) જ વસ્તુ છે. (૬૮૯)

જેમ,ચંદ્ર એક જ વસ્તુ છે,છતાં મનુષ્ય ની દૃષ્ટિ ના દોષથી તે –બે-રૂપે દેખાય છે,
તેમ,બ્રહ્મ એક જ વસ્તુ છે પણ બુદ્ધિના દોષથી તે બે દેખાય છે.
પરંતુ એ દોષ નાશ પામતાં,એક જ વસ્તુ (બ્રહ્મ) પ્રકાશે છે. (૬૯૦)

જેમ, દોર્દીના સ્વરૂપ નું જ્ઞાન થતા,એ દોરડીમાં ભ્રમ થી થયેલી,સર્પ ની બુદ્ધિ વિલીન થાય છે,
તેમ,બ્રહ્મ નું જ્ઞાન થતાં જ અજ્ઞાનથી જણાયેલી જગત ની ભ્રાંતિ દૂર થાય છે. (૬૯૧)

તે જ પ્રમાણે,જો ઉપાધિ (માયા) હોય,તો જ એ ઉપાધિ સાથે એકરૂપ થયેલો આત્મા ભાસે છે,
અને તેથી,તે સજાતીય –ભેદવાળો-હોય તેવો જણાય છે,પરંતુ
સ્વપ્ન માં જોયેલા પદાર્થ ની પેઠે એ ઉપાધિ મિથ્યા જ છે,
તેથી તે (ઉપાધિ) જયારે જણાતી નથી,
ત્યારે આ આત્મા પોતે જ બ્રહ્મ સાથે એકતાને પામે છે.અને જુદો જણાતો જ નથી,
અને "બ્રહ્મ અને આત્મા" એવો સજાતીય ભેદ પણ બ્રહ્મ-વિષે રહેતો નથી.(૬૯૩)

જેમ ઘડાનો નાશ થતાં,તેની અંદર નું આકાશ (ઘડાકાશ) બહારના આકાશ (મહાકાશ) સાથે મળી જઈ,

એકરૂપ થઇ જાય છે,
તેમ,ઉપાધિ (માયા) નો નાશ થતા,આ આત્મા પોતે જ કેવળ બ્રહ્મ બની રહે છે.
ઘડો હોય કે ના હોય –ત્યારે પણ આકાશ તો સદા પૂર્ણ જ છે,
નિત્ય-પૂર્ણ આકાશ નો,કઈ વસ્તુ થી વિચ્છેદ-વિનાશ-કે વિભાગ થઇ શકે તેમ છે? (નથી જ થતો)
તે જ રીતે ઘડામાં રહેલું આકાશ ખરી રીતે તો છેદ કે વિભાગ ને પામેલું જ નથી હોતું,
તેમ છતાં એ વિભાગ પામ્યું હોય એમ પામર અજ્ઞાનીઓ ને જણાય છે.

વળી આવીજ રીતે,
જેમ, જમીન બધી એક જ છે,છતાં-ગામ,ખેતર-વગેરે અવધિ ઓથી વિભાગ પામી કે
જુદીજુદી થઇ હોય તેમ લાગે છે,
તેમ,મોટી વસ્તુઓ કરતાં પણ અતિશય મોટા,પરબ્રહ્મ,
ભ્રાંતિ થી,કલ્પી કાઢેલી વસ્તુઓ ને લીધે,જાણે વિભાગ અથવા જુદા સ્વરૂપ ને
પામ્યા હોય તેમ જણાય છે,(ખરી રીતે તે પૂર્ણ પરબ્રહ્મ એક જ છે) (૬૯૪-૬૯૭)

માટે બ્રહ્મ અને આત્મા નો ભેદ કલ્પિત જ છે,વાસ્તવિક નથી.
આવા અભિપ્રાય થી જ શ્રુતિ “તત્વમસિ” ઈત્યાદી વાક્યો થી વારંવાર બ્રહ્મ-આત્મા ની એકતા કહે છે.
તત્વમસિ એ વાક્યનાં ”તત્” અને ‘ત્વમ” એ પદો નો વાચ્યાર્થ ઉપયોગી નથી,
કેમ કે તેમાં પ્રત્યક્ષ આદિ પ્રમાણ નો વિરોધ આવે છે,પરંતુ,એ બંને પદો નો લક્ષ્યાર્થ જ ઉપયોગી છે,
અને એમ લક્ષ્યાર્થ-રૂપે જ જીવ (આત્મા) તથા બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે.(૬૯૮-૬૯૯)

શિષ્ય પ્રશ્ન કરતાં કહે છે કે-હે,પ્રભુ,”તત્” અને “ત્વમ” એ પદો નો અર્થ કેટલા પ્રકારનો માન્યો છે?
વાચ્યાર્થ ને એક ગણતાં કયો વિરોધ આવે છે,અને લક્ષ્યાર્થ ને એક માનતાં એ વિરોધ કેવી રીતે દૂર થાય છે?
લક્ષ્યાર્થ ની એકતા કહેવામાં કઈ લક્ષણા સ્વીકારી છે ?તે કૃપા કરી સમજાવો. (૭૦૦-૭૦૨)

ગુરૂ કહે છે કે-હે,સુજ્ઞ શિષ્ય,તુ સાવધાન થઇ ને સાંભળ,આજે તારું તપ ફળ્યું છે,
એ વાક્ય નો અર્થ સાંભળવાથી જ તને ઉત્તમ પ્રકારનું જ્ઞાન થશે. (૭૦૩)

તત્-અને-ત્વમ-એ બંને પદો નો અર્થ જ્યાં સુધી સારી રીતે વિચારતો નથી,ત્યાં સુધી,જ,
મનુષ્યો ને મૃત્યુ-રૂપ સંસાર જેનું લક્ષણ છે –એનું બંધન રહે છે. (૭૦૪)

સત્-ચિત્-આનંદ-અને અખંડ એકરસ જેનું સ્વ-રૂપ છે એવી અવસ્થા –તે જ મોક્ષ છે.અને
તત્વમસિ- એ વાક્યના અર્થ નું અપરોક્ષ જ્ઞાન થવાથી સજ્જનો ને મોક્ષ પ્રાપ્ત થાય છે.(૭૦૫)

મુમુક્ષુઓએ સંસારથી છુટવા સારું એ વાક્યનો અર્થ જ જાણવો જોઈએ.માટે,
તુ એકાગ્ર થઈને સાંભળ,હું તને સંક્ષેપ માં તે કહું છું. (૭૦૬)

ઉત્તમ પંડિતોએ વાચ્ય,લક્ષ્ય,-વગેરે ભેદો થી અનેક જાતના અર્થો કહ્યા છે,
તેમાંથી પ્રસંગ પૂરતું હું કહું છું તે તુ સાંભળ. (૭૦૭)

તત્વમસિ- એ વાક્ય માં –તત્-ત્વમ-અસિ-એમ ત્રણ પદો છે.
તેમાં પ્રથમ રહેલા -તત્- પદ નો અર્થ કહું છું. (૭૦૮)

શાસ્ત્ર નો અર્થ જાણનારા પંડિતો એ આ- તત્-પદ ના બે અર્થ કહ્યા છે.

(૧) વાચ્ય -અને (૨) લક્ષ્ય. તેમાં નો વાચ્યાર્થ પ્રથમ કહું છું.તે તુ સાંભળ. (૭૦૯)

--જયારે,સમષ્ટિ-રૂપ "અજ્ઞાન" –એ આભાસ-સહિત અને સત્વગુણ ની અધિકતા વાળું હોય છે,
ત્યારે, આકાશ થી માંડી વિરાટ સુધી,પોતાના "કાર્ય" થી યુક્ત બને છે.
--એ "સમષ્ટિ-અજ્ઞાન" થી યુક્ત જે ચૈતન્ય છે,તે-સત્ય,જ્ઞાન આદિ "લક્ષણ-વાળું" છે.
--અને, સર્વજ્ઞ-પણું,ઈશ્વર-પણું,અંતર્યામી-પણું—વગેરે "ગુણો" થી યુક્ત છે.
--જગતનું સ્ત્રષ્ટા-પણું (સર્જન),રક્ષક-પણું,તથા સંહારક-પણું –વગેરે તેના "ધર્મો" છે.
--તે ચૈતન્ય સ્વ-રૂપે ભાસે છે,તે ગુણો થી અમાપ (માપી ના શકાય તેવું) છે,અવ્યક્ત (અપ્રગટ) છે,
--અને તે "પર-બ્રહ્મ" કહેવાય છે-
--તેવું આ **"ચૈતન્ય" (ઈશ્વર) તે "તત્" પદ નો વાચ્યાર્થ કહેવાય છે.** (૭૧૦-૭૧૨)

પરંતુ (જો તત્વમસિ-એ આખા શબ્દ નો વાક્યાર્થ જોવા માં આવે તો)
--જેવો, "નીલમ ઉત્પલમ-કાળું કમળ" એ વાક્ય માં –આખા વાક્યનો અર્થ બંધબેસતો થાય છે,
--તેવો, "તત્વમસિ" એ વાકયમાં –આખા વાક્ય નો અર્થ (વાક્યાર્થ) બંધબેસતો થતો નથી.
કેમકે,
--"કાળા" શબ્દ ને "કમળ" શબ્દ સાથે –"વિશેષણ" રૂપે જોડવાથી કમળ,બીજા (સફેદ) કમળ થી જુદું પડે છે.
--અને "કમળ" શબ્દ ને "કાળા" શબ્દ સાથે "વિશેષ્ય" રૂપે જોડવાથી,
કમળ એ "કાળું ધોળું" નહિ-પણ કાળા કમળ-રૂપે (સફેદ) કમળથી જુદું પડે છે.
--એમ,એ બંને વિશેષણ અને વિશેષ્ય –એકબીજાથી જુદા પદાર્થ ને જુદા પાડીને,
(૧) વિશેષણ-વિશેષ્ય સંબંધથી અથવા (૨) બીજા અભેદ સંબંધથી –
પરસ્પર જોડાઈને વાક્ય નો અર્થ બંધબેસતો કરે છે.
--અને તેમાં બીજા કોઈ "પ્રમાણ" નો "વિરોધ" નથી-
આથી આખા વાકય નો અર્થ કોઈ જાતની હરકત વિના સારી રીતે (બંધબેસતો) ઘટાવી શકાય છે.

પણ એ રીતે-
--**"તત્વમસિ"** એ વાક્ય માં આખા વાક્ય નો અર્થ (વાક્યાર્થ) બરોબર (બંધબેસતો) ઘટતો નથી,
--કેમ કે-
--**"તત્"** પદનો મુખ્ય "વાચ્યાર્થ" –"પરોક્ષ-પણું –આદિ ધર્મો વાળું" –"ચૈતન્ય" **(ઈશ્વર)** એવો થાય છે,અને,
--**"ત્વમ"** પદનો "વાચ્યાર્થ" –"અપરોક્ષ-પણું-આદિ ધર્મો વાળું-"ચૈતન્ય" **(જીવ)**—એવો થાય છે.
એટલે,
--આ બંને નો (૧) વિશેષણ-વિશેષ્ય સંબંધ અથવા (૨) બીજો અભેદ સંબંધ –
લઇ ને –જો આખા વાક્ય નો અર્થ (વાક્યાર્થ) કરવામાં આવે –તો-
--"પ્રત્યક્ષ"-આદિ પ્રમાણો નો "વિરોધ" આવે છે અને વાક્ય નો અર્થ બરાબર (બંધબેસતો) ઘટતો નથી,

આ વિરોધ કેવી રીતે આવે છે? તે હું તને કહુ છું. (૭૧૩-૭૨૦)

--**"તત્"** પદનો વાચ્યાર્થ છે-કે-
-સર્વેશ્વરપણું,સ્વતંત્રપણું,સર્વજ્ઞપણું-આદિ ગુણો થી સર્વ કરતાં ઉત્તમ,
-સત્ય કામનાવાળા અને સત્ય સંકલ્પવાળા –જે **"ઈશ્વર"** છે તે-
--**"ત્વમ"** પદનો વાચ્યાર્થ છે કે-
-અલ્પ જ્ઞાનવાળો,દુઃખી જીવનવાળો,પ્રાકૃત લક્ષણોવાળો,તથા
-સંસારમાં જે ગતિ કરવાવાળો-જે- છે તે-**"સંસારી જીવ"**

--આમ હવે આ બંને (તત્=ઈશ્વર  અને ત્વમ=જીવ ) એ વિપરીત ગુણવાળા છે,
તો પછી તેમની એકતા કેવી રીતે ઘટી શકે? કેમ કે-બંને માં "વિરોધ" એ "પ્રત્યક્ષ" જણાય જ છે.
--જેમ,અગ્નિ અને હિમ (બરફ) એ એકબીજાથી વિરુદ્ધ ધર્મવાળા અને વિરુદ્ધ લક્ષણવાળા હોઈ.
શબ્દ અને અર્થ થી પણ જુદાજુદા છે,
--તેમ,જીવ અને ઈશ્વર પણ એક-બીજાથી વિરુદ્ધ ધર્મવાળા,હોઈ,
શબ્દ અને અર્થ થી પણ પરસ્પર જુદાજુદા (વિલક્ષણ) છે.
--તેથી જો એ બંનેને (ઈશ્વર-જીવ ને) એક માનવામાં આવે તો-
"પ્રત્યક્ષ" આદિ પ્રમાણો નો વિરોધ જ આવે છે.
અને-
--જો તે બન્ને (ઈશ્વર-જીવ) ની એકતા ને જો ત્યજી દેવામાં આવે તો-
શ્રુતિ અને સ્મૃતિઓ નાં વચન સાથે પણ "વિરોધ" આવે છે.  (૭૨૧-૭૨૫)

આમ છતાં પણ, એ બંને (ઈશ્વર-જીવ) ની એકતા છે,
એવા  "તાત્પર્ય" થી (અર્થથી) "તત્વમસિ"  -એ વાક્ય ને શ્રુતિ વારંવાર ઉચ્ચારે છે,
તેથી એ શ્રુતિ-વચન ને સ્વીકારવું જ જોઈએ.(માનવું જ જોઈએ)  (૭૨૬)

કારણકે –આખા વાક્ય (તત્વમસિ) ના અર્થ માં (ઉપર જણાવ્યું તેમ)
--(૧) વિશેષણ-વિશેષ્ય –અથવા- (૨) અભેદ સંબંધ
બરાબર બંધ-બેસતો થતો નથી.
--માટે આ વાક્યાર્થ "શ્રુતિ" ને માન્ય નથી  (૭૨૭)

પરંતુ, "અખંડ-એકરસપણે" વાળો -આખો ય વાક્યાર્થ શ્રુતિ ને માન્ય છે.અને તે માટે જ,
--શ્રુતિ,સ્થૂળ પ્રપંચ અને સૂક્ષ્મ-પ્રપંચ ને વારંવાર,માત્ર, સત્ (બ્રહ્મ) સ્વરૂપે દર્શાવે છે.
--સુષુપ્તિ માં જીવ તથા બ્રહ્મ ની એકતા સિદ્ધ કરી બતાવે છે, અને
--કેવળ "એક જ સત્-વસ્તુ" છે,એમ બતાવવાની ઇચ્છાથી "આ સર્વ જગત એક આત્મા-રૂપ જ છે"
એમ કહીને
--"બ્રહ્મ"ની "અદ્વૈત" સિદ્ધિ માટે (બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ કરવા માટે)
"જીવાત્મા" અને "પરમાત્મા" ની "એકતા" કહે છે.  (૭૨૮-૭૩૦)

પ્રપંચ-સંસાર અથવા જીવ --જો હોય તો –બ્રહ્મ નું અદ્વૈત-પણું ક્યાંથી સિદ્ધ થાય?
માટે જીવ અને બ્રહ્મ નું એકપણું જ શ્રુતિ ને માન્ય છે. (૭૩૧)

**"તત્" અને "ત્વમ" પદનો "લક્ષ્યાર્થ"**

"તત્" અને "ત્વમ"  પદ ના વાચ્યાર્થ માં જે વિરુદ્ધ અંશ છે તેનો ત્યાગ કરવાથી,
"પ્રત્યક્ષ" આદિ પ્રમાણમાં વિરોધ આવે નહિ,અને
આમ આવો -અવિરુદ્ધ અંશ ગ્રહણ કરવાથી શ્રુતિ સાથે પણ વિરોધ થાય નહિ,
તે માટે "તત્વમસિ" એ વાક્ય ના અર્થની સિદ્ધિ માટે "લક્ષણા" સ્વીકારવી જોઈએ.(લક્ષ્યાર્થ?)

જયારે કોઈ પદનો કે વાક્યનો વાચ્યાર્થ ઘટતો ના હોય,ત્યારે "લક્ષણા" નો સ્વીકાર થાય છે.
અને આમ "લક્ષણા" સ્વીકારવી તેવું પંડિતો કહે છે. (૭૩૨-૭૩૩)

(નોંધ-હવે તે લક્ષણા ના પ્રકારોમાં (૧) જહલ્લક્ષણા અને (૨) અજહલ્લક્ષણા નો પણ સ્વીકાર ના કરતાં, (૩) ભાગત્યાગલક્ષણાનો સ્વીકાર કરવામાં આવે છે તે સિદ્ધ કરવામાં આવ્યું છે)

--જેમ "ગંગાયાં ઘોષ: = ગંગામાં ઘોષ" (ગંગામાં રબારી નો નેસ)
એ વાકયમાં **જહલ્લક્ષણા** માની છે તેમ આ "તત્વમસિ" વાક્યમાં જહલ્લક્ષણા ઘટતી નથી.
--ઉપરના દૃષ્ટાંત માં ગંગા એ ઘોષ (નેસ) નો આધાર છે,અને ઘોષ (નેસ) આધેય (આધાર પર રહેનાર) છે, એટલે આ બંને પદનો "આધાર-આધેય" નો સંબંધ છે.
--વાચ્યાર્થ પ્રમાણે –ગંગાના જળના પ્રવાહમાં નેસડો કદી હોઈ શકે નહિ (પ્રત્યક્ષ પ્રમાણ થી વિરુદ્ધ છે) પણ –ગંગાના કાંઠા પર રબારી નો નેસ-એવા અર્થ વાળી જહલ્લક્ષણા મુજબ વાક્યાર્થ બંધબેસતો છે.
--આ ઉદાહરણમાં રહેલું "ગંગા" પદ એ પોતાના સંપૂર્ણ વાચ્યાર્થ (જળ-પ્રવાહ) નો ત્યાગ કરી ને જહલ્લક્ષણા થી જે "કાંઠો=કિનારો" –એવો અર્થ જણાવે છે,તેમ,
--તેમ,તત્ અને ત્વમ –પણ પોતાના મૂળ વાચ્યાર્થ નો સંપૂર્ણ ત્યાગ કરીને-જો- બીજા લક્ષ્યાર્થ ને જણાવે, તો જ એ જહલ્લક્ષણા ની પ્રવૃત્તિ થઇ –એમ કહેવાય.
--પણ સંપૂર્ણ વાચ્યાર્થ ત્યજી દેવામાં અહીં કંઈ ફળ નથી,કારણકે –
તત્ અને ત્વમ-પદના વાચ્યાર્થમાં પરોક્ષ અને અપરોક્ષ પણું –વગેરે અમુક જ ભાગ વિરુદ્ધ જણાય છે.
સંપૂર્ણ વાચ્યાર્થ વિરુદ્ધ નથી.
જેમ,નારિયેળનું ફળ કઠણ હોય છે છતાં લોકો તેનો સંપૂર્ણ ત્યાગ કરતા નથી,તેના કઠણ ભાગને જ ત્યજી દે છે.
તેમ જહલ્લક્ષણા સ્વીકારીને તત્-ત્વમ નો સંપૂર્ણ વાચ્યાર્થ ત્યાગ કરવો ઘટતો નથી.
એટલે જહલ્લક્ષણા ને અહીં સ્વીકારી નથી. (૭૩૪-૭૪૧)

અહીં સજ્જનોએ એવી શંકા ન કરવી કે "જાણીતા અર્થ માં લક્ષણા હોતી જ નથી,તત્ અને ત્વમ પદ તો શ્રુતિમાં સંભળાય છે અને જણાય પણ છે,તો તેના અર્થ માટે તેમાં લક્ષણા કેવી રીતે પ્રવર્તે?" (૭૪૨)

જહલ્લક્ષણા ની પેઠે આ "તત્વમસિ" વાક્યમાં "શોણો ધાવતિ=લાલ દોડે છે" એ વાક્ય ની જેમ,
**"અજહલ્લક્ષણા"** પણ ઘટતી નથી.
--કેમ કે –આ અજહલ્લક્ષણા તો વળી વાચ્યાર્થ નો ત્યાગ કર્યા વિના બીજો જ અર્થ "લાલ ઘોડો દોડે છે" એવો લક્ષ્યાર્થ જણાવે છે.
--પરંતુ અહીં "તત્વમસિ" વાક્ય તો બ્રહ્મ અને જીવાત્મા ની એકતા –જણાવનારું હોઈ,
પરોક્ષ અને અપરોક્ષ પણું-આદિ ગુણોવાળાં બે ચૈતન્ય ની એકતા-રૂપ અર્થ ને જ જણાવે છે.
અને તે વાચ્યાર્થના "વિરુદ્ધ ભાગનો ત્યાગ" કર્યા વિના ઘટે તેમ નથી.
--માટે એ અજહલ્લક્ષણા ને અહીં માની નથી. (૭૪૩-૭૪૭)

'તત્' પદ અને 'ત્વમ' પદ –પોતાના વાચ્યાર્થ નો વિરોધી ભાગ ત્યજી દઈ,
અવિરોધી ભાગ સાથે જ 'તત્' ના અર્થ ને અને 'ત્વમ' ના અર્થ ને અહીં જણાવે છે,
--અને એ 'ભાગત્યાગલક્ષણા' થી જ બની શકે.
--આ ભાગત્યાગલક્ષણા થી કયું સાધ્ય સિદ્ધ થાય છે તેવી શંકા ના કરવી,કેમ કે-
'અવિરુદ્ધ બીજા પદાર્થ નો અંશ' અને 'પોતાનો અંશ'- એ બંને -ઉપર દર્શાવેલી બંને (જહ અને અજહ) લક્ષણાથી કેવી રીતે જણાવી શકે?
--**માટે જ આ 'તત્વમસિ' વાક્યમાં આખા વાક્યાર્થ નું 'સત્-પણું' અને 'અખંડ-એકરસ-પણું' જાણવા સારું 'ભાગત્યાગલક્ષણા' ને માનવામાં આવી છે.** (૭૪૮-૭૫૨)

જેને લીધે વિરુદ્ધ ભાગનો ત્યાગ કરીને, વાક્યમાં અવિરોધ જણાય,

તેને લક્ષણ-વેતા પંડિતો **‘ભાગત્યાગલક્ષણા’** કહે છે. (૭૫૩)

----**જેમ** ‘સોડયં દેવદત્ત=તે આ દેવદત્ત’ વાક્ય નો જે વાચ્યાર્થ છે,
તે તેના વાક્યાર્થ ‘દેવદત્ત નામે એક વ્યક્તિ’ ને બરાબર સમજાવી શકતું નથી.
માટે દેશ-કાળ –આદિની વિશેષતા-રૂપ ‘વિરુદ્ધ અંશ’ નો ત્યાગ કરીને,માત્ર,
‘દેવદત્ત ના શરીર-રૂપ’ –’’અવિરુદ્ધ અંશ’ ને આ ‘ભાગત્યાગ લક્ષણા’ જ બરાબર સમજાવી શકે છે.
----**તેમ**,’તત્વમસિ’ એ વાક્ય અથવા એ વાક્ય નો અર્થ
‘પરોક્ષ-અપરોક્ષ-પણું’ ગુણવાળા –બે –ચૈતન્યની એકતા-રૂપ વાક્યાર્થ ને પણ
આ ‘ભાગત્યાગ લક્ષણા’ જ બરાબર સમજાવી શકે છે.

કેમકે,વાક્યના મૂળ અર્થમાં રહેલું,પરોક્ષપણું,અપરોક્ષપણું,સર્વજ્ઞપણું –આદિ ‘વિરુદ્ધ અંશ’ નો ત્યાગ કરી,
‘શુદ્ધ ચૈતન્ય’ રૂપ (અવિરુદ્ધ અંશ) વસ્તુને જણાવે છે.
અને તે વસ્તુ –કેવળ સત્યમાત્ર,નિર્વિકલ્પ અને નિરંજન છે.એમ,
આ ‘ભાગત્યાગ લક્ષણા’ જ બરાબર સમજાવી શકે છે.

તે પછી-સર્વ-ઉપાધિ રહિત,સચ્ચિદાનંદ સ્વરૂપ,અદ્વૈત,વિશેષ રહિત,આભાસ વિનાનું,આવું કે તેવું નહિ,
અમુક સ્વરૂપે બતાવવું અશક્ય,આદિ-અંત રહિત,અનંત,શાંત,મરણ-ધર્મ રહિત,તર્કમાં આવવું અશક્ય,
અને જાણવું મુશ્કેલ---**એવું નિર્ગુણ બ્રહ્મ જ બાકી રહે છે.** (૭૫૪-૭૬૧)

બ્રહ્મ અને જીવમાં –જે વિરોધ જણાય છે –તે ઉપાધિ (માયા) ની વિશેષતા ના લીધે જ કરાયેલો છે.
પરંતુ એ બંનેની એકતાનું ‘જ્ઞાન’ થતાં,ઉપાધિ ની વિશેષતા દૂર થાય છે.
અને પછી એ બંને માં કોઈ વિરોધ રહેતો જ નથી.

જીવ અને બ્રહ્મ ની ઉપાધિ,એ ઉપાધિથી યુક્ત-પણું,એ ઉપાધિના ધર્મો અને પરસ્પર વિલક્ષણતા-
એ બધું ‘ભ્રાંતિ’ ને લીધે કરાયું છે.
ખરી રીતે સ્વપના માં જોયેલા પદાર્થો,જેમ જાગ્રત અવસ્થામાં સાચા નથી,
તે જ પ્રમાણે,જીવ-બ્રહ્મ ને તે ઉપાધિ વગેરે નો સંબંધ જુઠો જ છે.(અને તે બંને જુદા નથી)

જેમ નિંદ્રામાં સ્વપ્ન આવતાં તે સ્વપ્ન માં ઉત્પન્ન થયેલું શરીર-તેના ધર્મ,સુખ-દુઃખ,વગેરે પ્રપંચ -જુઠું છે,
તે જ પ્રમાણે જાગ્રત અવસ્થામાં પણ તે બધું- અને- જીવ-ઈશ્વર ભેદ- વગેરે જુઠો જ છે.
તેને કોઈ કાળે સત્ય કરી શકાતો નથી.

વળી માયાથી કલ્પાયેલા,દેશ,કાળ,જગત,ઈશ્વર-વગેરે નો ભ્રમ પણ તેવી જ રીતે મિથ્યા છે.
અને આમ ઈશ્વર અને જીવ-એ બંને માં કોઈ ભેદ નથી અને તે એકબીજાથી જુદા નથી.(૭૬૨-૭૬૪)

દ્રષ્ટા-દૃશ્ય-દર્શન –વગેરે ભેદો કેવળ ભ્રમથી જ ઉત્પન્ન થયેલા છે, અને તેને લીધે,
સ્વપ્ન કે જાગ્રત-એ બંને અવસ્થાઓમાં કોઈ કાળે વિશેષતા દેખાતી નથી,
આથી જેમ સ્વપ્ન મિથ્યા છે તેમ જાગ્રત અવસ્થા પણ મિથ્યા છે. (૭૬૫)

સ્વપ્ન તથા જાગ્રત એ બંને અવિદ્યાનાં કાર્ય છે,અને તેથી બંને સમાન જ છે,
કેમકે,દ્રષ્ટા-દૃશ્ય-દર્શન –ની કલ્પના બંને માં સરખી જ છે. (૭૬૬)

સુષુપ્તિમાં એ બંને (સ્વપ્ન-જાગ્રત) અવસ્થાઓ હોતી નથી,એમ બધા લોકો અનુભવે છે,

માટે એ બંને (સ્વપ્ન-જાગ્રત) માં તફાવત નથી,અને તેથી જ તે બંને ખોટી છે. (૭૬૭)

હે,વિદ્વાન શિષ્ય,સજાતીય આદિ લક્ષણવાળો ભેદ-બ્રહ્મ વિષે ભ્રાંતિ થી જ કરાય છે,
ખરી રીતે ત્રણે કાળે પણ બ્રહ્મ વિષે કોઈ ભેદ નથી. (૭૬૮)
શ્રુતિ પણ 'જ્ઞાની પુરુષ બ્રહ્મ વિષે બીજું કંઈ જોતો નથી' એમ કહી દ્વૈત વસ્તુ નો નિષેધ કરે છે,
અને તે 'પરબ્રહ્મ માં ભ્રમ થી કલ્પેલું બધું મિથ્યા જ છે,' તે સમજાવવા માટે જ કહે છે. (૭૬૯)

બ્રહ્મ સદા અદ્વિતીય છે,તેથી જ વિકલ્પ કે ભેદ થી રહિત,ઉપાધિ રહિત,નિર્મળ,નિરંતર,આનંદ થી વ્યાપ્ત,
નિસ્પૃહ,ચેષ્ટા રહિત,કોઈ પણ સ્થાનથી રહિત અને –એક- જ છે. (૭૭૦)

તે બ્રહ્મ માં કોઈ જાતનો ભેદ નથી,ગુણો જણાતા નથી,વાણી ની પ્રવૃત્તિ નથી,મન ની પ્રવૃત્તિ નથી.
જે કેવળ,પરમ શાંત,અનંત-આદિથી જ રહેલ છે,અને માત્ર તે આનંદ-સ્વરૂપ,અદ્વિતીય હોઈ
સત્ (હયાતી) રૂપે જ પ્રકાશે છે.(૭૭૧)

જે આ સત્-ચિત્-સુખ સ્વરૂપ છે, તે જ પરમ સત્ય તું છે,
એ જરા-જન્મ-મરણ થી રહિત હોઈ નિત્ય છે,આ મારું વચન સત્ય છે. (૭૭૨)

તું કોઈ કાળે આ દેહ નથી,પ્રાણ નથી,ઇન્દ્રિયો નથી,મન,બુદ્ધિ કે અહંકાર નથી કે -
એ બધાં નો સમુદાય પણ તું નથી, હે, વિદ્વાન શિષ્ય,તું મારું શ્રેષ્ઠ વચન સાંભળ,
એ દેહ વગેરેનો સાક્ષી,અને નિર્મળ સ્ફૂર્તિ-રૂપ 'તત્વમસિ' તે તું જ છે. (૭૭૩)

જે વસ્તુ જન્મે છે,તે જ વધે છે,અને તે જ સમય થતા મૃત્યુ ને પામે છે,પણ,
તું તો નિત્ય,વ્યાપક અને અજન્મા (આત્મા) છે,તેથી તારો જન્મ નથી કે મૃત્યુ પણ નથી. (૭૭૪)

આ દેહ કર્મ ના યોગ થી જન્મ્યો છે,તેથી જ તે વધે છે અને નાશ (મૃત્યુ) પામે છે,
તું તો એ બધી અવસ્થાઓમાં સાક્ષી-રૂપે અને માત્ર જ્ઞાન-રૂપે રહેલો છે. (૭૭૫)

જે સ્વયં પ્રકાશ,સર્વ ના આત્મા-રૂપ (અથવા સર્વસ્વ-રૂપ) અને
સુષુપ્તિ અવસ્થા સુધી,"હું-હું" એમ એક જ આત્મા રૂપે નિત્ય પ્રકાશે છે,
વળી પોતે વિકારી નથી પણ બુદ્ધિ ના સમગ્ર વિકારોને જાણે છે,ને જ્ઞાન સ્વરૂપ છે-તે તું છે. (૭૭૬)

જેનું જ્ઞાન કદી અસ્ત પામતું નથી,જેના પોતાના સ્વરૂપમાં આકાશ-વગેરે સર્વ જગત કલ્પાયેલું છે,
અને તે સર્વ ને જે પોતાના પ્રકાશથી સતા આપે છે,તેમાં સ્ફૂર્તિ વધારે છે,
પણ પોતે માત્ર બોધ-રૂપ છે-તે તત્વમસિ સાક્ષાત બ્રહ્મ તું છે. (૭૭૭)

ઉત્તમ પ્રકારની સમાધિમાં તત્પર રહેનારા અને નિર્મળ અંતઃકરણ વાળા પરમહંસોના સમુહો,
અપાર સુખમય જે આત્મતત્વ ને સાક્ષાત જોઈને નિરંતર સંતોષ પામે છે,
અને જે કેવળ જ્ઞાન-સ્વરૂપ છે, તે 'તત્વમસિ બ્રહ્મ' તું છે. (૭૭૮)

જે પોતે અંદર અને બહાર-અખંડિત-એક-રૂપ જ છે,
છતાં મૂઢ-બુદ્ધિ-અજ્ઞાની ને, તે આરોપિત પદાર્થ જેવું જણાય છે,પણ,
ખરી રીતે જે માટી વગેરે પદાર્થો ની જેમ વિક્રિયા રહિત છે,અને માત્ર સ્વાનુભવથી જ જાણવા યોગ્ય છે,
એ જ્ઞાન-સ્વરૂપ 'તત્વમસિ બ્રહ્મ' તું છે. (૭૭૯)

વેદમાં જેને નિર્વિકાર,અનંત,અવિનાશી,આદિ-મધ્ય-અંત-રહિત,અવ્યક્ત,અક્ષર,આશ્રય રહિત,અપ્રમેય,
આનદ તથા સત્યથી વ્યાપ્ત,રોગ કે દોષ રહિત,અને અદ્વિતીય કહેલ છે,
એ જ્ઞાન-સ્વરૂપ 'તત્વમસિ બ્રહ્મ' તું છે. (૭૮૦)

તારામાં આ શરીર,તેનો સંબંધ અને તેના ધર્મો-વગેરેનો જે આરોપ થયો છે-
તે ભ્રાંતિ ને લીધે જ થયો છે.ખરી રીતે એ કંઈ છે જ નહિ,
આથી તું અજન્મા છે,તને મૃત્યુ નો ભય ક્યાં છે?તું તો પૂર્ણ છે. (૭૮૧)

તેં પોતાની ભ્રમિત દ્રષ્ટિથી જે જે જોયું છે,તે તે –સારી રીતે વસ્તુ-દ્રષ્ટિથી જોતાં તું જ છે.
આ લોકમાં તારાથી જુદી કોઈ વસ્તુ જ નથી,તું બીજા પદાર્થ થી રહિત જ છે.
તેથી તને કોનો ભય હોય? (૭૮૨)
'આ બધું હું જ છું' એમ સર્વ ને જે આત્મારૂપે જુએ અને જાણે,તેણે કોનાથી ભય થાય?
પોતાથી પોતાને કદી ભય હોય નહિ. (૭૮૩)

માટે તું નિર્ભય,નિત્ય,કેવળ આનંદ-રૂપ લક્ષણ-વાળો,અવયવરહિત,ક્રિયારહિત,શાંત અને
અદ્વય (બીજા પદાર્થ થી રહિત) બ્રહ્મ જ છે. (૭૮૪)

જે જ્ઞાતા,જ્ઞાન અને જ્ઞેય-એ ભેદો થી રહિત છે,જે જ્ઞાતા થી જુદું નથી,અખંડ જ્ઞાન-રૂપ છે,અને
જ્ઞેય-અજ્ઞેય પણું –વગેરે ધર્મો થી રહિત છે,શુદ્ધ અને બુદ્ધ છે –તે જ તું તત્વ છે, (૭૮૫)

જે અંતઃપ્રજ્ઞ -આદિ ભેદો થી રહિત છે,માત્ર દર્શન-રૂપ અને સત્તા-સ્વરૂપ છે,સમાન-એક જ રસવાળું,
અને એક જ છે-તે શુદ્ધ અને બુદ્ધ તત્વ તું છે. (૭૮૬)

જે સર્વ આકાર-રૂપ,સર્વ સ્વ-રૂપ,સર્વથી રહિત,સર્વ નિષેધો ના અવધિરૂપ,સત્ય,સનાતન,એક,
અનંત,શુદ્ધ અને બુદ્ધ તત્વ છે તે તું છે. (૭૮૭)

નિત્ય આનંદરૂપ,અખંડ,એકરસવાળું,અવયવરહિત,ક્રિયાશૂન્ય,નિર્વિકાર,પ્રત્યકરૂપે જુદું નહિ,સર્વશ્રેષ્ઠ,
અવ્યક્ત,શુદ્ધ,અને બુદ્ધ એવું જે તત્વ છે,તે તું છે. (૭૮૮)

સમગ્ર વિશેષો અથવા વિભાગો જેમાં દૂર થયા છે,અને જે આકાશની પેઠે અંદર ને બહાર પણ પૂર્ણ છે,
તે અદ્વૈત પરમબ્રહ્મ તું છે,તું જ એ શુદ્ધ બુદ્ધ તત્વ છે. (૭૮૯)

'હું જ બ્રહ્મ છું,હું જ નિર્વિકલ્પ (ભેદ રહિત)તથા સતવાદી ગુણો થી રહિત બ્રહ્મ છું.'
આવી અખંડ વૃત્તિ –થી એ નિષ્ક્રિય બ્રહ્મ માં તું સ્થિતિ કર. (૭૯૦)

આ જ અખંડ વૃત્તિ –પરમાનંદ ની લહેરો સાથે જોડનારી,દ્વિત જ્ઞાનનો વિનાશ કરનારી,અને નિર્મળ છે.
તેને છોડ્યા વિના અનુપમ સુખ-સ્વરૂપ અને પરબ્રહ્મ એવા પોતાના આત્મામાં તું રમણ કર.
અને આ સુખમય વૃત્તિમાં રહી,પ્રારબ્ધ કર્મ ને ખપાવી નાખ. (૭૯૧)

હે,મુનિ,હે,વિદ્વાન,બ્રહ્માનંદ ના રસ નો સ્વાદ લેવામાં જ તત્પર-
એવા ચિત્ત થી તું સદાકાળ સમાધિનિષ્ઠ રહે. (૭૯૨)

**<u>શિષ્ય નો પ્રશ્ન</u>**
આ અખંડ વૃત્તિ 'તત્વમસિ' આદિ વાક્યોનો માત્ર અર્થ સાંભળવાથી જ થાય છે,
તે સાંભળ્યા પછી,સાંભળનારને બીજી ક્રિયા કરવાની જરૂર રહે છે?
સમાધિ એ શું છે?તે કેટલા પ્રકારની છે?તેને સિદ્ધ કરવાનું સાધન કયું? અને એ સમાધિ સિદ્ધ કરતાં
કયાં વિધ્નો આવે છે? આ બધું મને સમજાવો. (૭૯૩-૭૯૪)
**<u>ગુરૂ નો ઉત્તર</u>**

આ તત્વજ્ઞાન ના વિષયમાં –મુખ્ય અને ગૌણ એવા બે અધિકારી હોય છે.
તેઓને પોતપોતાની બુદ્ધિ અનુસાર –અખંડ બ્રહ્માકાર વૃત્તિ જન્મે છે. (૭૯૫)

જે પુરુષે , જન્માંતરમાં જ,શ્રદ્ધા અને ભક્તિપુર –રસ,નિત્ય-નૈમિતિક કર્મો કરીને ઈશ્વર ને સંતોષ્યા હોય,
- તેને તે (કર્મો) દ્વારા તેમની (પ્રભુની) કૃપા નો મહિમા પ્રાપ્ત થયો હોય છે,અને
-તેથી તેમને આ જન્મમાં નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક,તીવ્ર વૈરાગ્ય,તથા સંન્યાસ આદિ સાધનો નો
યોગ થાય છે,
-આવા સાધનસંપન્ન,દ્વિજ વર્ણના પુરુષ ને વેદાંત શ્રવણ માં
મુખ્ય અધિકારી તરીકે સજ્જનોએ માન્યો છે. (૭૯૬)

એવા સજ્જન શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યને,આ લોકમાં કોઈ જ્ઞાની ગુરૂ,અધ્યારોપ,તથા અપવાદના ક્રમને
અનુસરી,તત્વમસિ –આદિ વાક્યોનો અર્થ સમજાવા માંડે,
-કે તરત જ તે નિત્ય,આનંદ-સ્વ-રૂપ,અદ્વિતીય,ઉપમા-રહિત,નિર્મળ અને સર્વ-શ્રેષ્ઠ –
જે-એક જ તત્વ છે, 'તે જ બ્રહ્મ હું છું' તેવી પરમ 'અખંડાકાર વૃત્તિ' તે મનુષ્યમાં પ્રગટે છે. (૭૯૭)

--એ 'અખંડાકાર વૃત્તિ' પ્રથમ તો 'ચિદાભાસ થી યુક્ત' હોય છે,અને
આત્મા થી અભિન્ન કેવળ 'પરબ્રહ્મને વિષય-રૂપ' કરીને જન્મેલી હોય છે.
--પછી ધીમે ધીમે એ વૃત્તિ 'આવરણ-રૂપ લક્ષણવાળા' અને તેમાં રહેલા 'અજ્ઞાન'ને દૂર કરે છે,
--પછી એ અખંડાકાર વૃત્તિ થી અજ્ઞાન જયારે દૂર થાય છે,ત્યારે તેની સાથે તે 'અજ્ઞાન નું કાર્ય'
પણ દૂર થઇ જાય છે.
--પછી જેમ તાંતણા બળી જતાં તેનું "કાર્ય" કપડું પણ બળી જાય છે, તેમ
એ અજ્ઞાન નો નાશ થતાં,તેના કાર્ય-રૂપે રહેલી જીવ-વૃત્તિ પણ નાશ પામે છે.
--જેમ સૂર્ય નું પ્રતિબિંબ સૂર્ય ને પોતાને પ્રકાશિત કરવા સમર્થ થતું નથી.
તેમ,ચૈતન્ય ના આભાસરૂપ –જીવ ચૈતન્ય –જ્યાં સુધી વૃત્તિરૂપે રહેલું હોય,
--ત્યાં સુધી તે સ્વયં-પ્રકાશ પરબ્રહ્મ ને પ્રકાશિત કરવા સમર્થિત થતું નથી. (૭૯૮-૮૦૨)

જેમ,પ્રચંડ સૂર્ય ના તાપ ની વચ્ચે,રહેલો દીવો તેના પોતાના તેજથી ઝાંખો થઇ નાશ પામેલી કાંતિ વાળો થાય છે,
તેમ,ચિદાભાસ –જીવ,ચૈતન્ય પરબ્રહ્મ (બિંબ) ના તેજથી,નિસ્તેજ બની,એ સત્ (પરબ્રહ્મરૂપ બિંબ)માં
લીન થઇ જાય છે.
અને એ રીતે ઉપાધિરહિત થવાથી (તે જીવ) કેવળ-માત્ર બિંબરૂપ પરબ્રહ્મ –જ બની રહે છે.

જેમ,દર્પણ ને ખસેડી લેતાં તેમાં પ્રતિબિંબ રૂપે દેખાતું મોઢું ,દર્પણ રૂપી ઉપાધિ નો નાશ થવાથી,
દૂર થાય છે અને માત્ર (પોતાનું ) મોઢું (બિંબ) જ બાકી રહે છે.
તેમ,પ્રતિબિંબ-જીવ ચૈતન્ય પણ ઉપાધિ નો નાશ થવાથી,બિંબ-પરબ્રહ્મ રૂપે જ થઇ રહે છે.
જેવી રીતે,ઘડાનું અજ્ઞાન,તેમાં વ્યાપેલી અંતઃકરણ ની વૃત્તિ થી જયારે દૂર થાય છે,ત્યારે,
ચિદાભાસ -જીવચૈતન્ય પોતાના તેજથી (આ ઘડો છે-તે જ્ઞાનથી) ઘડાને પ્રકાશિત કરે છે,પણ,

તેવી રીતે,તે (ચિદાભાસ) સ્વયંપ્રકાશ બ્રહ્મ ને પ્રકાશિત કરવામાં ઉપયોગી થતો નથી, (૮૦૩-૮૦૬)

આ કારણથી જ સત્પુરુષો નો આવો મત છે કે-દરેક વસ્તુ અંતઃકરણ ની વૃત્તિ થી વ્યાપ્ય છે.
પણ તે વસ્તુઓ ફળ-વ્યાપ્ય (ફળ-રૂપે વ્યાપ્ય) નથી,તેથી શ્રુતિમાં પરસ્પર વિરોધ જણાતો નથી.
માટે 'બ્રહ્મ' સૂક્ષ્મ બુદ્ધિ થી જ જાણવા યોગ્ય છે.

પરંતુ જેઓમાં બુદ્ધિની મંદતા હોય છે,તેમને મનન-વગેરે વિના માત્ર શ્રુતિના આશ્રયથી જ –
અખંડાકાર વૃત્તિ થતી નથી.
એટલે તેઓએ નિરંતર તત્પર થઇ,પ્રથમ તો શ્રવણ,મનન.અને ધ્યાન (નિદિધ્યાસન) કરવું જોઈએ.
જેથી બુદ્ધિમાં સૂક્ષ્મ-પણું પ્રાપ્ત થાય છે.અને પછી તે બુદ્ધિમાં વસ્તુ (આત્મા) જણાય છે. (૮૦૭-૮૧૦)

"વેદાંત નાં સર્વ વાક્યોનું --છ હેતુઓ દ્વારા—"સત્ય-અદ્વૈત-પરબ્રહ્મ" -ને કહેવામાં જ તાત્પર્ય છે"
અને આવો નિશ્ચય સાંભળવો,તેને **'શ્રવણ'** કહે છે.
પછી સાંભળેલી તે વસ્તુ "અદ્વૈત-પ્રત્યગાત્મા-આત્મા"નું વેદાંત ના વાક્યો ને અનુસરતી,
યુક્તિઓ દ્વારા ચિંતન કરવું-તેને **"મનન"** કહે છે.
આવું "મનન" તે સાંભળેલા (શ્રવણ કરેલા) અર્થ નો સાક્ષાત્કાર (અનુભવ) કરવામાં કારણ પણ છે.

પછી,વિજાતીય-જ્ઞાન (અનેક પ્રકારનું વિવિધ અને વિરુદ્ધ જ્ઞાન- શરીર –આદિ વિવિધ પદાર્થો નું જે જ્ઞાન)
નો ત્યાગ કરી ને સજાતીય (એકતા) "આત્મ"-વૃત્તિ નો તેલની ધાર જેવો,
અવિચ્છિન્ન (અખંડ) પ્રવાહ કરવો—તેને "ધ્યાન" (નિદિધ્યાસન) કહે છે. (૮૧૧-૮૧૪)

પોતાની બુદ્ધિમાં **"પ્રમાણો"**(આત્મ-પ્રમાણો) સંબંધે જે સંશય હોય,તે જ્યાં સુધી દૂર ના થાય –ત્યાં સુધી,
સદા પ્રયત્ન-પૂર્વક "શ્રવણ" કરવું જોઈએ.
તે જ પ્રમાણે,
પ્રમાણો થી જાણવા યોગ્ય **"પ્રમેય"** (બ્રહ્મ-પરમાત્મા-આત્મા)-સંબંધે જ્યાં સુધી સંશય હોય,
ત્યાં સુધી "આત્મ-વસ્તુ"નો નિશ્ચય કરવા,શ્રુતિઓની યુક્તિઓ ના સાધનથી વારંવાર "મનન" કરવું જોઈએ.
અને તે જ પ્રમાણે,
મનમાં રહેલી **વિપરીત આત્મ-બુદ્ધિ** (વિજાતીય- શરીર આદિ પદાર્થો નું વિવિધ-વિરુદ્ધ જ્ઞાન) નાશ ના પામે,
ત્યાં સુધી મોક્ષને ઇચ્છતા મનુષ્યે નિરંતર "ધ્યાન" કરવું જોઈએ.

આ દૃશ્ય-પ્રપંચ (માયા-સંસાર),તર્ક ના દ્વારા જો દૂર થઇ ગયો હોય,તો પણ,
"અપરોક્ષ-બ્રહ્મ-જ્ઞાન" દ્વારા તેનો (દૃશ્ય-પ્રપંચ-માયા-સંસાર) વિલય ન થાય ત્યાં સુધી,
મુમુક્ષુ એ આ ધ્યાન -વગેરે અવશ્ય કરવાં જ જોઈએ. (૮૧૫-૮૧૮)

સમાધિ ના બે પ્રકાર છે.સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પ સમાધિ.
તેમાં સવિકલ્પ સમાધિ નું લક્ષણ હું કહું છું તે સાંભળ.

"જ્ઞાન" –વગેરે નો--નાશ થયા વિના જ-- "જ્ઞેય" (અદ્વૈત-બ્રહ્મ) માં ચિત્ત-વૃત્તિ તદાકાર સ્વ-રૂપે –જે-રહે,
તેને જ સત્પુરુષો "સવિકલ્પ" સમાધિ કહે છે.

જેમ,'માટી નો હાથી,માટી જ છે' તેવું 'જ્ઞાન' હોવાં છતાં,માટી નો હાથી પણ જણાય (દેખાય) તો છે જ,
તેમ,'જગતના દરેક પદાર્થો બ્રહ્મ છે' તેવું જ્ઞાન થયા છતાં,જ્ઞાન-જ્ઞાતા અને જ્ઞેય-એ ત્રિપુટી જણાય,
(એટલે કે-આ ત્રિપુટી –જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય-નો બ્રહ્મ-સ્વ-રૂપે (બ્રહ્મમાં) વિલય થયો હોતો નથી)

તો તેવી સમાધિ ને **'સવિકલ્પ સમાધિ"** કહેવાય છે. (૮૧૯-૮૨૨)

પરંતુ,જેમાં જ્ઞાન ના જ્ઞાતા તરીકે નો ભાવ પણ બિલકુલ છૂટી જાય,અને માત્ર "જ્ઞેય" (બ્રહ્મ)
સ્વ-રૂપે જ મન ની દૃઢ સ્થિતિ થઇ જાય,તે **"નિર્વિકલ્પ-સમાધિ"** કહેવાય છે.
આને **"યોગ"** (બ્રહ્મ સાથે યુગ્મતા) પણ કહે છે. (૮૨૩)

જેમ પાણીમાં નાખેલું મીઠું,તે પાણીમાં ઓગળી જઈ ને (તે મીઠું) માત્ર પાણી-રૂપે જ જણાય છે,
જુદું જણાતું નથી,
તે જ પ્રમાણે,અંતઃકરણ ની વૃત્તિ માત્ર "બ્રહ્મ-સ્વ-રૂપે" જ રહે છે,જુદીજુદી જણાતી નથી.
અને છેવટે કેવળ (એક-માત્ર) અદ્વૈત બ્રહ્મ જ પ્રકાશે છે.
આ (નિર્વિકલ્પ) સમાધિમાં જ્ઞાતા-જ્ઞાન ની કલ્પના હોતી નથી,તેથી તેને નિર્વિકલ્પ માની છે.

આ,રીતે-જેમાં અંતઃકરણ ની વૃત્તિ-જ્ઞાન ના જ્ઞાતા-સ્વરૂપે હોય છે-તે સવિકલ્પ-સમાધિ.
અને જેમાં રહેતી જ નથી હોતી તે નિર્વિકલ્પ સમાધિ.આવો ભેદ માન્યો છે. (૮૨૪-૮૨૫-૮૨૬)

સમાધિ-અને સુષુપ્તિ –એ બંને માં એવો તફાવત છે કે-
સમાધિમાં "જ્ઞાન હોય છે"—અને-- સુષુપ્તિમાં "જ્ઞાન-હોતું નથી" (અજ્ઞાન જ હોય છે)
માટે સુષુપ્તિને સમાધિ કહિ શકાય નહિ.

આ –સવિકલ્પ અને નિર્વિકલ્પ –બંને સમાધિ, હૃદયમાં રહેલી વિપરીત (વિરુદ્ધ) ભાવના દૂર કરવા માટે,
મુમુક્ષુએ યત્ન-પૂર્વક કરવી જોઈએ.
આ સમાધિ કરવાથી,દેહાદિ-વગેરે પર ની વિપરીત (વિરુદ્ધ) આત્મા-ભાવના દૂર થાય છે,
જ્ઞાન અસ્ખલિત થાય છે અને નિત્ય નો આનંદ સિદ્ધ થાય છે.

દૃશ્ય પદાર્થો ના સંબંધવાળી **(દ્રશ્યાનુવિદ્ધ)** અને શબ્દ ના સંબંધવાળી **(શબ્દાનુવિદ્ધ)** –
એમ **બે પ્રકારની –સવિકલ્પ સમાધિ**-માની છે, એ બંને નાં લક્ષણ હું કહું છું તે તું સાંભળ

જેમાં કામ-આદિ (હું-મારું-આ-વગેરે કામ-ક્રોધ ની વૃત્તિઓ) "દૃશ્ય" પદાર્થો ના "જ્ઞાન" નો સંબંધ-
દ્રષ્ટા (જ્ઞાતા) ને દેખાય છે,તે --**દ્રશ્યાનુવિદ્ધ-સવિકલ્પ સમાધિ**—છે.(શ્લોક ૮૨૭ થી ૮૬૫ સુધી-વર્ણન)
(ખરેખર તો અવિકારી "આત્મા" એ સર્વ-વૃત્તિઓનો દ્રષ્ટા છે,)

આમ જે –પોતાને—સાક્ષીરૂપે—જાણે છે,તે નિષ્ક્રિય જ રહી ને (આત્મા ની માફક) એ વૃત્તિઓને જુએ છે,
જેમ કે-હું તો કામાદિ-વૃત્તિઓનો સાક્ષી છું,(એટલે કે સાક્ષાત જોનારો દ્રષ્ટા છું),
તેથી –મારા દ્વારા—કામાદિ-વૃત્તિઓ દેખાય છે (એટલેકે દૃશ્ય-રૂપે પ્રગટે છે)
એમ એ –પોતાને—સાક્ષી-રૂપે ગણે છે.

પણ પછી એ જ્ઞાની-પુરુષ, 'પોતાના એ સાક્ષી-રૂપને" તથા "કામાદિ-વૃત્તિઓના –દ્રશ્યને"
પોતાના શુદ્ધ આત્મા માં જ લય પમાડી દે છે. (૮૨૭-૮૩૪)

આત્મા માં –દૃશ્ય-નો –લય કરવાની રીત
"હું દેહ નથી,પ્રાણ નથી,ઇન્દ્રિયો નો સમુદાય નથી,અહંકાર નથી,મન નથી કે બુદ્ધિ પણ નથી,
પણ,તેઓની તથા,તેમના વિકારોની –અંદર –સાક્ષી તરીકે રહેનારો પ્રત્યગાત્મા (આત્મા) જ છું" (૮૩૫)

“હું વાણી નો સાક્ષી,પ્રાણ ની વૃત્તિઓનો સાક્ષી,બુદ્ધિ નો સાક્ષી,બુદ્ધિની વૃત્તિઓ નો સાક્ષી,
ચક્ષુ-વગેરે ઇન્દ્રિયો નો સાક્ષી છું,નિત્ય છું,પ્રત્યગાત્મા (આત્મા) જ છું” (૮૩૬)

હું સ્થૂળ નથી સૂક્ષ્મ નથી,લાંબો-ટૂંકો,બાળક-યુવાન-વૃદ્ધ,કાણો-મૂંગો કે નપુંસક નથી,
હું તો સાક્ષી-નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. (૮૩૭)

હું આવનારો કે જનારો નથી,હણનારો કે કરનારો નથી,પ્રયોગ કરનાર જે જોડનાર નથી,
બોલનાર કે ભોગવનાર નથી,સુખી કે દુઃખી નથી.
હું તો સાક્ષી-નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. (૮૩૮)

હું યોગી કે વિયોગી નથી,રાગી,ક્રોધી,કામી કે લોભી નથી,બંધાયેલો નથી,કોઈની સાથે જોડાયેલો નથી કે
કોઈથી છુટો થયેલો નથી-- હું તો સાક્ષી-નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. (૮૩૯)

હું અંદરના જ્ઞાનવાળો કે બહારના જ્ઞાનવાળો નથી,ઘણો જ્ઞાની કે ઘણો અજ્ઞાની પણ નથી,
હું સાંભળનારો,મનન કરનારો કે બોધ પામનારો પણ નથી,
હું તો સાક્ષી-નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. (૮૪૦)

મને દેહ,ઇન્દ્રિયો કે બુદ્ધિ સાથે કોઈ સંબંધ નથી,મારામાં પુણ્ય નો કે પાપનો લેશ-પણ અંશ નથી,
ક્ષુધા-તૃષા-વગેરે છ ઉર્મિઓથી હું દૂર છું,સદા અતિશય મુક્ત છું,અને કેવળ ચૈતન્ય સ્વરૂપ છું.(૮૪૧)

મને હાથ નથી,પગ નથી,વાણી નથી,ચક્ષુ નથી,પ્રાણ-મન-બુદ્ધિ નથી,હું તો આકાશ જેવો પૂર્ણ છું,
અતિશય નિર્મળ છું,સદા એક-રૂપ છું,અને કેવળ ચૈતન્ય સ્વરૂપ જ છું.(૮૪૨)

એમ પોતાના આત્મા ના દર્શન કરતો અને જણાતા સર્વ પદાર્થો નો લય પમાડતો જ્ઞાની,
શરીર –આદિ ને આત્મા-માની લેવા-રૂપ-વિપરીત (વિરૂદ્ધ) ભાવનાનો ત્યાગ કરે છે,
કે જે ભાવના સ્વાભાવિક ભ્રાંતિ થી જ જણાયેલી હોય છે. (૮૪૩)

દેહાદિ-થી વિપરીત –આત્માના સ્વ-રૂપ નો જે પ્રકાશ થવો-એ જ-**“મુક્તિ”** કહેવાય છે.
આ મુક્તિ સદા સમાધિમાં જ રહેનારા મનુષ્ય ને જ સિદ્ધ થાય છે,બીજી કોઈ રીતે નહિ (૮૪૪)

કેવળ અખંડ ચિદાત્મા-રૂપે જે સ્થિતિ છે-એ જ મુક્તિ છે.
આત્મા ની એ મુક્તિ જુદા-જુદા વેશ અથવા ભાષાઓથી થતી નથી.પણ-
એ મુક્તિને માટે તો પોતાના આત્મ-સ્વરૂપ માં જ સદા સ્થિતિ કરવી જોઈએ.
અને અહંતા-મમતા (અહંકાર અને આસક્તિ) નો ત્યાગ કરવો જોઈએ. (૮૪૫)

પોતાના આત્મ-તત્વ નો આશ્રય કરીને પ્રકૃતિ નો નાશ કરવો, કેમ કે તેથી જ મનુષ્ય મુક્ત થઇ શકે છે,
બીજી કોઈ રીતે કે કરોડો કર્મો કરવાથી પણ મનુષ્ય મુક્ત થતો નથી. (૮૪૬)

“આત્મા-રૂપ ‘દેવ’ ને જાણ્યા પછી,સર્વ બંધન-રૂપ પાશો છૂટી જાય છે,અને ‘ક્લેશો ના નાશ’ થયા પછી,
જનમ-મરણ થી પણ સંપૂર્ણ છુટકારો થાય છે.” આમ વેદવાણી કહે છે. (૮૪૭)

જન્મ-આદિ નો ફરી પ્રસંગ જ ના થવો-એ જ સંપૂર્ણ મુક્તિ છે.

ક્લેશો નો નાશ થતાં –ફરી જન્મ-આદિ થતાં જ નથી.અને ક્લેશો નો નાશ થવાનું કારણ એક આત્મ-નિષ્ઠા જ છે.માટે મુમુક્ષુએ આત્મ-નિષ્ઠા જ કરવી જોઈએ. (૮૪૮)

વાસનાઓ એ જ ક્લેશો છે.અને તેઓ જ પ્રાણી ને જન્મ નુ કારણ બને છે.
પણ જ્ઞાન-નિષ્ઠા-રૂપ અગ્નિથી એ વાસનાઓ બળી જાય છે,ત્યારે જન્મ નુ કોઈ કારણ રહેતું જ નથી,
જેમ,અગ્નિ થી શેકાઈ ગયેલાં બીજ ઉગતાં નથી,તેમ,જ્ઞાન વડે ક્લેશો બળી (શેકાઈ) જાય છે,
ત્યારે આત્મા ને ફરી જન્મ લેવો પડતો નથી. (૮૪૯-૮૫૦)

માટે મુમુક્ષુએ,વાસનાઓનો સંપૂર્ણ નાશ થાય તે માટે,અને દેહાદિ ઉપરની વિપરીત- આત્મ-ભાવના,
દૂર કરવા સારું,પ્રયત્ન થી જ્ઞાન-નિષ્ઠા કરવી જોઈએ. (૮૫૧)

જ્ઞાન-નિષ્ઠા માં તત્પર થયેલા ને કર્મ ઉપયોગી જ નથી,અને
કર્મ નું તથા જ્ઞાનનું સાથે રહેવું બની શકતું જ નથી. (૮૫૨)

કેમ કે જ્ઞાન અને કર્મ –એ બંને પરસ્પર વિરુદ્ધ છે,એ બંને નો સ્વભાવ જુદો છે.
કર્મ,કર્તાપણા ની ભાવના પૂર્વક જ થાય છે,ત્યારે જ્ઞાન તેથી વિલક્ષણ છે.
(જ્ઞાન માં કર્તાપણા ની ભાવના ને ત્યજવાની હોય છે) (૮૫૩)

વળી,જ્ઞાન એ દેહ ઉપરની આત્મ-બુદ્ધિ નો નાશ કરવાને ઉપયોગી છે,
ત્યારે કર્મ તેનો (દેહ પરની આત્મ-બુદ્ધિનો) વધારો કરવાને માટે ઉપયોગી છે.કર્મ નું મૂળ અજ્ઞાન છે,
જયારે જ્ઞાન તો અજ્ઞાન નો અને કર્મ નો-એ બંને નો નાશ કરનાર છે. (૮૫૪)

જ્ઞાન અને કર્મ એક-બીજાનાં શત્રુ છે,તેથી જ્ઞાન સાથે કર્મ નો યોગ સિદ્ધ કેવી રીતે થાય?(ન જ થાય)
જેમ,અંધકાર અને પ્રકાશ નું સાથે રહેવું ઘટે નહિ,અથવા આંખ નું મીંચાવું ને ઉઘડવું –એ બંને સાથે હોઈ શકે નહિ,
તે જ પ્રમાણે જ્ઞાન સાથે કર્મ નું હોવું સંભવે જ નહિ.
જે લોકો પશ્ચિમ દિશા તરફ જોઈ રહ્યા હોય તેઓ ને પૂર્વ દિશા કેવી રીતે દેખાય? (ન જ દેખાય)
તેવી રીતે જેનું ચિત્ત પ્રત્યગાત્મા તત્પર બન્યું હોય,તેની કર્મ માં યોગ્યતા થાય જ નહિ. (૮૫૫-૮૫૬)

કેવળ જ્ઞાન-નિષ્ઠા માં જ તત્પર રહેતા મુમુક્ષુ માટે કર્મ ના તંત્ર નો અવકાશ જ નથી.
એના માટે તો તે જ્ઞાન જ કર્મ છે,એ જ સંધ્યા છે,અને એ જ બધું જ છે.
એનાથી બીજું વધુ એણે કંઈ જ કરવાનું નથી. (૮૫૭)

બુદ્ધિએ કલ્પી કાઢેલી,મલિનતા ધોઈ નાખવી,એ જ આત્મા નું સ્નાન છે,એ દ્વારા જ આત્મા ની શુદ્ધિ થાય છે,
માટી થી કે જળથી આત્મા ની શુદ્ધિ થતી નથી. (૮૫૮)

આત્મ-સ્વરૂપ માં જ મન સ્થિર કરે તે જ મુમુક્ષુ નું અનુષ્ઠાન (કર્તવ્ય-કર્મ) છે.
બાકીનાં મન,વચન કર્મ થી થતાં બધાં કર્મ જુઠ્ઠાં હોવાથી મિથ્યા છે. (૮૫૯)

બધા દૃશ્ય પદાર્થો નો નિષેધ કરી,આત્મ-સ્વરૂપે જ સ્થિતિ કરવી,
એ જ સંધ્યા છે,એ જ અનુષ્ઠાન છે,એ જ દાન છે,એ જ ભોજન છે. (૮૬૦)

જેઓએ પરમાર્થ વસ્તુ જાણી હોય,અને જેઓનાં અંતઃકરણ અને આત્મા શુદ્ધ હોય,
તેવા યતિઓ માટે,આત્માનુસંધાન વિના બીજું કયું અનુષ્ઠાન છે? (૮૬૧)

માટે યતિએ બીજી ક્રિયાઓ ત્યજી ને જ્ઞાન-નિષ્ઠા માં જ તત્પર થવું,ઉત્તમ આત્મનિષ્ઠા માં જ નિશ્ચળ રહેવું,
અને તેનો જ પરમ આશ્રય કરવો. (૮૬૨)

જેને તત્વજ્ઞાન યોગ પર આરૂઢ થવાની ઈચ્છા હોય,તેણે પોતાને યોગ્ય,શ્રવણ-મનનાદિ કર્મ કરવાં જોઈએ,
પણ જે યોગ પર ચઢી રહ્યો હોય,તેને માટે યજ્ઞ-યાગાદિ કર્મો,
એ યોગ-માર્ગ ઉપર ચઢાવનારાં માન્યાં નથી. (૮૬૩)

જે મુમુક્ષુ યોગ પર ચઢી રહ્યો હોય,તેણે બીજી કોઈ પણ ક્રિયા કરવી,તે લગારે યોગ્ય નથી,કેમકે,
એ મનુષ્ય બીજી ક્રિયાઓ માં આસક્ત મન વાળો થાય, એટલે તાડના ઝાડ ઉપર ચઢવા જનાર મનુષ્ય ની પેઠે તે અવશ્ય પડે જ છે. (૮૬૪)

તો પછી,જે બુદ્ધિમાન પુરુષ,યોગારૂઢ બની સિદ્ધ અને કૃત-કૃત્ય થઇ ચુક્યો હોય તેની દ્રષ્ટિ,
આત્મા સિવાય બહાર હોતી નથી,પછી તેણે કર્મો કરવાની વાત જ ક્યાં રહે છે?
આ રીતે (દૃશ્ય-યુક્ત સવિકલ્પ સમાધિ) - **દ્રશ્યાનુવિદ્ધ-સવિકલ્પ સમાધિ-** કહી. (૮૬૫)

**શબ્દાનુવિદ્ધ -સવિકલ્પ-સમાધિ નો શબ્દ “ભાવ”** (શ્લોક ૮૬૬ થી ૮૭૨ સુધી નું વર્ણન)
હું શુદ્ધ છું,હું બુદ્ધ છું,પ્રત્યગાત્મા સ્વરૂપે હું નિત્ય સિદ્ધ છું,હું શાંત છું,હું અનંત છું,અને
સારી રીતે વ્યાપેલા પરમાનંદ નો સમુદ્ર હું જ છું. (૮૬૬)

હું આદિમાં “હોનાર” છું,હું અનાદિ કાળનો છું,હું વાણી અને મનથી સધાતી હરકોઈ વસ્તુરૂપ છું,
વેદ ના વચનો થી જાણવા યોગ્ય વસ્તુ હું છું,હું જાણેલું અને નહિ જાણેલું-એ બંને થી જુદો છું,
માયા અને તેનાં કાર્યોના લેશથી પણ રહિત છું,કેવળ દ્રષ્ટા-રૂપ છું,હું જ્ઞાન-સ્વરૂપ છું,અને
હું કેવળ એક જ વાર પ્રકાશેલો છું. (૮૬૭-૮૬૮)

હું અપર (સર્વથી જુદો)છું અને અન-અપર (સર્વ થી જુદો નહિ તેવો) પણ છું,
હું બહાર અને અંદર પૂર્ણ જ છું,હું અજર (ઘડપણ વિનાનો) છું, હું અક્ષર (અવિનાશી) છું,
હું નિત્ય આનંદ સ્વરૂપ છું,અને હું અદ્વિતીય –એક- જ છું. (૮૬૯)

જે ‘પ્રત્યક’ (દરેકમાં વ્યાપેલા) તત્વ થી જુદું નથી,અખંડ છે,સત્ય-જ્ઞાન આદિ લક્ષણ વાળું છે,
શુદ્ધ છે,શ્રુતિ દ્વારા જાણી શકાય છે ને ‘સત્ય’ છે,તે પરમ જ્યોતિ ‘બ્રહ્મ’ હું જ છું. (૮૭૦)

એમ માત્ર ‘સત્’ વસ્તુમાં પ્રવેશેલી વૃત્તિ વડે,માત્ર એ ‘સત્’ વસ્તુ ને જ ગ્રહણ કરાવનારા –“શબ્દો” દ્વારા,
યતિએ ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થયેલી,વસ્તુ (સત્ય) નું નિશ્ચળ થઈને ધ્યાન ધરવું. (૮૭૧)

કામાદિ દૃશ્ય ભાવો નો લય કરવાપૂર્વક હું શુદ્ધ છું” ઈત્યાદિ-પૂર્વોક્ત “શબ્દો” સાથે,
દ્રષ્ટા-આત્મામાં જ સ્થિતિવાળા પુરુષ નો એવો જે ભાવ છે,
તેને **શબ્દાનુવિદ્ધ -સવિકલ્પ-સમાધિ** કહેલ છે, (૮૭૨)

**નિર્વિકલ્પ સમાધિ** –
આત્મા-જ દૃશ્ય પદાર્થો નો સાક્ષી છે,એવા ભાવ-પૂર્વક –એ દૃશ્ય-પદાર્થો ને આત્મામાં જ લય કરી દઈ,
અને દૃશ્ય પદાર્થો તરફ જતી અટકાવનારી મન ની જે અવસ્થા છે તે **નિર્વિકલ્પ-સમાધિ** કહેવાય છે (૮૭૩)

**<u>જે મનુષ્ય લાંબા કાળ સુધી સંસ્કાર-પૂર્વક નિરંતર સવિકલ્પ સમાધિ નો અભ્યાસ કરે છે,</u>**
**<u>તેને નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ થાય છે.</u>** (૮૭૪)

જે મનુષ્ય નિર્વિકલ્પ સમાધિમાં નિષ્ઠા-પૂર્વક રહે છે,તેની અવશ્ય 'નિત્યતા' થાય છે,
તેનાં જન્મ-વગેરે જતાં રહે છે,અને તેને અસ્ખલિત,નિત્ય,નિશ્ચલ,અનંત શાંતિ પ્રાપ્ત થાય છે. (૮૭૫)

એ નિર્વિકલ્પ સમાધિમાં આરૂઢ થયેલાને 'હું વિદ્વાન છું કે હું જગતરૂપ છું' એવો કોઈ પણ પ્રકારનો,
બહારનો કે અંદરનો અનુભવ રહેતો નથી,એવો કોઈક જ પુરુષ આત્મા ના આનંદ-રૂપ,અમૃત-સાગર માં
મગ્ન થઈને અનન્ય (કેવળ આત્મા સ્વરૂપે) શાંત-મૂંગો બેસી રહે છે. (૮૭૬)

જેઓ નિર્વિકલ્પ પરબ્રહ્મ માં જ સ્થિતિવાળા હોઈ નિર્વિકલ્પ સમાધિમાં જ આરૂઢ થયા હોય છે,
તેઓ ખરેખર 'ધન્ય' છે,તેઓ બાહ્યદ્રષ્ટિવાળાઓની -નજરે જીવતા હોવા છતાં મુક્ત જ છે. (૮૭૭)

<u>આંતર-સમાધિ ની પેઠે બાહ્ય-સમાધિ ની પણ જરૂર છે.</u>

જેમ પૂર્વોક્ત 'ત્રણ' સમાધિ યત્ન-પૂર્વક હૃદયમાં કરાય છે,તે જ પ્રકારે,
હૃદય થી બહારના પ્રદેશમાં પણ દ્વૈતભાવ દૂર કરવા માટે સમાધિ કરવી જોઈએ. (૮૭૮)

હવે તેનો પ્રકાર સંક્ષેપમાં કહું છું તે સાંભળ.
સચ્ચિદાનંદ-રૂપ લક્ષણ વાળું,પરબ્રહ્મ –એ અધિષ્ઠાન (સર્વ નો મૂળ આશ્રય) છે.
તેમાં નામ-રૂપ વાળું આ જગત અધ્યાસ (અજ્ઞાનથી કલ્પી કાઢેલું-ખોટું) પામેલું ભાસે છે.
<u>સત્-ચિત્-આનંદ</u> એ ત્રણ <u>બ્રહ્મ</u> ના સ્વરૂપો છે. અને <u>નામ-રૂપ</u>-એ બે અધ્યાસ પામેલાં <u>જગત</u>નાં સ્વરૂપો છે.

આ સત્-ચિત્-આનંદ-નામ-રૂપ---એ પાંચે ને ભ્રમ થી એક-રૂપ કરી મૂર્ખાઓ એને 'આ જગત છે' એમ કહે છે.

જેમ,શીતળતા,ધોળાશ,રસ,પ્રવાહી-પણું અને તરંગ –એ પાંચ ને એક કરી 'આ તરંગ છે' એમ કહે છે,
પણ ખરી રીતે તરંગ કોઈ વસ્તુ છે જ નહિ,મૂળ તો જળ જ છે.,
તે પ્રમાણે જગત એ કોઈ વસ્તુ છે જ નહિ,મૂળ તો બ્રહ્મ જ છે.
બ્રહ્મ જ સત્ વસ્તુ છે,અને તેમાં જગત ના નામ-રૂપ નો આરોપ જ કરાયો છે.કે જેનો ત્યાગ કરી,
માત્ર સ્વરૂપ (બ્રહ્મ) ને જ ગ્રહણ કરવું. આ પહેલી **<u>બાહ્ય સમાધિ</u>** છે.

મુમુક્ષુ, બ્રહ્મ માંથી નામ-રૂપ ને અલગ કરીને તેઓનો એ બ્રહ્મ માં જ લય કરી દે છે,અને પછી,
સચ્ચિદાનંદ અને સર્વ ના મૂળ,અધિષ્ઠાન (આશ્રય-સ્થાન રૂપ) જે અદ્વૈત પરબ્રહ્મ બાકી રહે છે,
તે જ-- હું છું એવા નિશ્ચિત રૂપવાળો થાય છે. (૮૭૯-૮૮૫)

આ પૃથ્વી સત્ નથી,પાણી સત્ નથી,તેજ સત્ નથી,વાયુ સત્ નથી,આકાશ સત્ નથી, -અને-
આ પાંચે ભૂતો નાં જે કર્યો છે તે પણ સત્ નથી.
પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાન-ભૂત –અતિ શુદ્ધ- તત્વ- છે, તે જ –
એક સત્ –અને સર્વથી પર છે-અને તે સત્ હું જ છું. (૮૮૬)

શબ્દ સત્ નથી,રૂપ સત્ નથી,સ્પર્શ સત્ નથી,રસ સત્ નથી,ગંધ સત્ નથી,-

કે બીજો કોઈ પણ પદાર્થ સત્ નથી,
પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાન-ભૂત –અતિ શુદ્ધ- તત્વ- છે,તે જ –
એક સત્ –અને સર્વથી પર છે-અને તે સત્ હું જ છું (૮૮૭)

દ્રવ્યો નો સમૂહ સત્ નથી,ગુણો સત્ નથી,ક્રિયાઓ સત્ નથી,જાતિ સત્ નથી,વિશેષ (ભેદ) સત્ નથી,
અને તે સિવાયનો બીજો કોઈ પદાર્થ પણ સત્ નથી,
પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાન-ભૂત –અતિ શુદ્ધ- તત્વ- છે,તે જ –
એક સત્ –અને સર્વથી પર છે-અને તે સત્ હું જ છું (૮૮૮)

દેહ સત્ નથી,ઇન્દ્રિયો સત્ નથી,પ્રાણવાયુ સત્ નથી,મન સત્ નથી,બુદ્ધિ સત્ નથી,ચિત્ત સત્ નથી,
અને અહમ-બુદ્ધિ પણ સત્ નથી,
પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાન-ભૂત –અતિ શુદ્ધ- તત્વ- છે,તે જ –
એક સત્ –અને સર્વથી પર છે-અને તે સત્ હું જ છું (૮૮૯)

દેશ સત્ નથી,કાળ સત્ નથી,દિશાઓ સત્ નથી,અથવા બીજાં કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ રૂપો પણ સત્ નથી,
પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાન-ભૂત –અતિ શુદ્ધ- તત્વ- છે,તે જ –
એક સત્ –અને સર્વથી પર છે-અને તે સત્ હું જ છું (૮૯૦)

નામ-રૂપાત્મક આ દૃશ્ય જગતનું અધિષ્ઠાન –બ્રહ્મ છે અને તે જ સદ- સત્ય છે,
એમ,જતાં,ઉભા રહેતા,અને સૂતાં-પણ વિદ્વાન પુરુષે,
આ નિત્ય, **બાહ્ય-દ્રશ્યાનુવિદ્ધ** –નામની આ સમાધિ કર્યા કરવી. (૮૯૧)

તેમ જ આરોપિત નામ તથા રૂપ-વગેરે નો બ્રહ્મ માં લય કરી દઈ,
" હું જ નિર્મળ,અદ્વૈત અને પરમ આનંદરૂપ બ્રહ્મ છું" આમ વિચાર્યા કરવું. (૮૯૨)

વિકાર રહિત,આકાર વિનાનું,નિર્લેપ,નિર્દોષ,અને આદિ-અંત રહિત,
પૂર્ણ બ્રહ્મ હું જ છું,એમાં સંશય નથી, આમ વિચાર્યા કરવું. (૮૯૩)

કલંક રહિત,રોગ અને ભય રહિત,ત્રણે પ્રકારના છેદ વિનાનું,આનદ-સ્વરૂપ,અવિનાશી અને મુક્ત-
બ્રહ્મ હું જ છું એમ ચિંતવ્યા કરવું. (૮૯૪)

વિશેષ-અવયવો કે ભેદ વિનાનું,મિથ્યા આભાસ વિનાનું,નિત્ય મુક્ત,વિકાર રહિત,ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ,
એક રસવાળું સત્ય બ્રહ્મ હું જ છું,એ વિચાર્યા કરવું. (૮૯૫)
શુદ્ધ,બુદ્ધ,તત્વ-રૂપે,સિદ્ધ,સર્વ-શ્રેષ્ઠ,સર્વમાં વ્યાપી રહેલ,અખંડ,સ્વયંપ્રકાશ અને પરમાકાશ-
બ્રહ્મ હું જ છું એમ ચિંતવ્યા કરવું. (૮૯૬)

અતિશય સૂક્ષ્મ,માત્ર અસ્તિત્વ-રૂપ,વિકલ્પો રહિત,અતિશય મહાન,કેવળ અને પરમ અદ્વૈત-
બ્રહ્મ હું જ છું, આવી ભવન કરવી. (૮૯૭)

એમ નિર્વિકાર આદિ-શબ્દ માત્ર થી સમર્પણ થયેલ,કેવળ બ્રહ્મ-તત્વનું ધ્યાન કરતા મનુષ્ય નું ચિત્ત,
એ બ્રહ્મ-સ્વરૂપ જ છે એવા લક્ષ્યમાં સ્થિર થાય છે. (૮૯૮)

એ રીતે બ્રહ્માનંદ ના રસ ના આવેશ થી કેવળ બ્રહ્મ-સ્વરૂપે જ એક થઇ જઈ,

વૃત્તિ ની જે નિશ્ચળ અવસ્થા છે,તેને **"અકલ્પક-સમાધિ"** (સંકલ્પ-વિકલ્પ વગરની) કહે છે, (૮૯૯)

નિયમશીલ મનુષ્યે,સમાધિ માંથી ઉઠીને કે સમાધિ માં રહીને પ્રમાદી નહિ બની જીતેન્દ્રિય થવું.અને સદાકાળે સાવધાન રહી ને પૂર્વોક્ત-બતાવેલી છ યે સમાધિઓ કર્યા કરવી. (૯૦૦)

વિપરીત 'વસ્તુ-બુદ્ધિ',જ્યાં સુધી સંપૂર્ણ દૂર ના થાય,અને આત્મસાક્ષાત્કાર (અસ્ખલિત સ્વરૂપની સ્ફૂર્તિ) બરાબર સિદ્ધ ન થાય,ત્યાં સુધી મોક્ષને ઇચ્છતા વિદ્વાન મનુષ્યે,પૂર્વે બતાવેલી છ યે સમાધિમાં જ નિરંતર સમય ગાળવો,તેમાં પ્રમાદ ના કરવો,કારણકે જો પ્રમાદ કરાય તો,
નિંદ્રા માં જેમ અંધારું પ્રગટ થાય છે તેમ,માયા પ્રગટી નીકળે છે. (૯૦૧-૯૦૨)

માટે વિદ્વાનો,સ્વાનુભવ (આત્માનુસંધાન) વિના એક ક્ષણ પણ રહેતા નથી.
કેમ કે તેમના માટે-સ્વાનુભવ માં પ્રમાદ,એ મૃત્યુ-રૂપ છે,બીજો કોઈ યમ નથી. (૯૦૩)

જે મનુષ્ય આ સમાધિ માટે પ્રયાસ કરે છે,તેને સંકલ્પ- વિકલ્પ (ભેદ દૃષ્ટિ) કદી થાય જ નહિ.
"આ સર્વ કેવળ આત્મા જ છે" એવો સર્વાત્મ-ભાવ આ સમાધિથી જ સિદ્ધ થાય છે.
અને <u>સર્વાત્મ-ભાવ એ જ કેવલપણું (કૈવલ્ય-સ્થિતિ) છે</u>. (૯૦૪)

સર્વ માં સમ-ભાવ એ જ જ્ઞાની ની બ્રહ્મ-વિદ્યા નું ફળ છે,અને આત્મ-સ્વરૂપના આનંદ નો અનુભવ,
એ જ જીવન-મુક્ત નું ફળ છે, એમ અનુભવીઓ કહે છે. (૯૦૫)

મિથ્યા વસ્તુઓ પર 'હું અને મારું' –વગેરે ભાવનાને જે ગ્રહણ કરાવે છે,એ જ વાસનામય ગ્રંથિ(ગાંઠ) છે.
તે અને કર્મ-બંધ એ બંને સમાધિ થી નાશ પામે છે,તેમ જ 'બ્રહ્મ એ આત્મા છે અને આત્મા એજ બ્રહ્મ છે'
આવું અસ્ખલિત જ્ઞાન સમાધિ થી જ થાય છે. (૯૦૬)

શુદ્ધ અંતઃકરણ વાળા મુમુક્ષુ એ એક સત્ વસ્તુનું જ બધે દર્શન કરવું.
એ જ મુક્તિનો તથા બ્રહ્મ-સ્વરૂપ સ્થિતિનો નિષ્કંટક માર્ગ છે. (૯૦૭)

માટે હે શિષ્ય,તું અપ્રમાદી થઇ ઉપર દર્શાવેલી સમાધિઓ કાર,અને વાસનામય ગાંઠ બાળી નાંખી,
બ્રહ્મ-સ્વરૂપ માં જોડાઈ જા,પછી બ્રહ્માનંદ અમૃત ના સમુદ્રમાં મગ્ન થઇ,
નિત્ય ક્રીડા કરતો,આનંદી થઇ રમ્યા કર. (૯૦૮)

આત્મ-સ્વરૂપમાં નિશ્ચળતા-રૂપ,લક્ષણવાળી જે વૃત્તિ છે-એ જ નિર્વિકલ્પ સમાધિ છે.
અને એને જ યોગશાસ્ત્ર નો અર્થ જાણનારા વિદ્વાનો **"યોગ"** કહે છે. (૯૦૯)

<u>**યમ,નિયમ,આસન,પ્રાણાયામ,પ્રત્યાહાર,ધારણા,ધ્યાન અને સમાધિ**-(અષ્ટાંગ-યોગ)</u>
<u>આ આઠ ને જ વિદ્વાનો "**યોગનાં અંગો**" કહે છે.</u>

--તેમાં 'બધું બ્રહ્મ છે' આવું જ્ઞાન થવાથી ઇન્દ્રિયો નો <u>સંયમ</u> થાય છે.એટલે એ જ **"યમ"** કહેવાય છે.
માટે તેનો વારંવાર અભ્યાસ કરવો,

--આત્મચિંતન (સજાતીય) નો પ્રવાહ ચાલુ રાખવો અને દેહાદિ (વિજાતીય) નો તિરસ્કાર કરવો-
એટલે કે આત્મસ્વરૂપ માં લય કરી દેવો-એ જ પરમાનંદ-સ્વરૂપ **"નિયમ"** છે.

--જે સ્થિતિમાં નિરંતર-સુખપૂર્વક-બ્રહ્મ-ચિંતન થઇ શકે –એણે જ **“આસન”** સમજવું.

--ચિત્ત આદિ સર્વ પદાર્થોમાં બ્રહ્મ-પણાની ભાવના કરવાથી,સર્વ વૃત્તિઓનો નિરોધ(કાબુ) થઇ જાય છે,
એટલે એ જ **“પ્રાણાયામ”** કહેવાય છે.
--તે પ્રાણાયામમાં પ્રપંચ (માયા) નો બ્રહ્મ-સ્વરૂપ માંથી નિષેધ કરવો-તે **“રેચક પ્રાણાયામ”** છે.
--“હું બ્રહ્મ જ છું” આવી વૃત્તિ તે **“પૂરક-પ્રાણાયામ”** છે.
--એ વૃત્તિ ની નિશ્ચળતા થવી તે **“કુંભક-પ્રાણાયામ”** છે.
--**બાકી શ્વાસોશ્વાસને પૂરવા,રોકવા ને કાઢવા –એ અજ્ઞાનીઓ નો પ્રાણાયામ છે**.

--વિષયો ઉપરની આત્મ-ભાવના ત્યજીને મન ને ચૈતન્ય-આત્મ-સ્વરૂપમાં મગ્ન કરવું-તે **“પ્રત્યાહાર”** છે.

--મન જ્યાં-જ્યાં જતું રહે ત્યાં-ત્યાં ,કેવળ બ્રહ્મ નું જ દર્શન કરવાથી,તે મન ને વશ કરી શકાય છે,
અને તે જ ઉત્તમ પ્રકારની **“ધારણા”** છે.

--“હું બ્રહ્મ જ છું” આવી સદવૃત્તિ થી નિરાલંબ (કોઈ પણ વસ્તુ ના આશ્રય વિના) સ્થિતિ કરવી
તેને **“ધ્યાન”** કહેવામાં આવે છે.અને એ જ પરમાનંદ આપનાર છે.

--એમ નિર્વિકાર અને બ્રહ્માકાર –વૃત્તિ થયા પછી,**એ વૃત્તિ ને પણ ભૂલી જવી,એ ઉત્તમ “સમાધિ” છે.**

આ સમાધિ કરવામાં આવે છે –ત્યારે-વિઘ્નો પણ બળથી (શક્તિથી) જરૂર આવે જ છે.
જેવાં કે-
બરાબર એકાગ્રતા ના થાય,આળસ થાય,ભોગો ની લાલસા થાય,ભય થાય,
અજ્ઞાન,અંધકાર કે તમોગુણ ફેલાય, વ્યગ્રતા કે વ્યાકુળતા થાય,મન આડું અવળું જતું રહે,
તેજ ના ઝબકારા જણાય અને શૂન્ય જેવી સ્થિતિ પણ થાય.

આવાં ઘણી જાતનાં વિઘ્નો આવે,પણ બ્રહ્મને જાણનારા,મનુષ્યો એ તેઓ ને ત્યજી દેવાં,અને
એ વિઘ્નોનો સંપૂર્ણ ત્યાગ કરીને પ્રમાદ-રહિત થવું,અને મન ને વશ કરવું.

એમ સમાધિ-નિષ્ઠ થઇ,સાક્ષાત “બ્રહ્મ” થવાને તું યોગ્ય છે. (૯૧૦-૯૨૩)

એ પ્રમાણે,ગુરૂનાં વચનથી તથા શ્રુતિ નાં પ્રમાણથી,એ શિષ્યે પરમ આત્મ-તત્વ જાણ્યું,
અને પછી,આત્મા સાથે જોડાઈ ને તેની ઇન્દ્રિયો શાંત બની,મન એકાગ્ર થયું,અને –
કોઈ સ્થળે-પર્વત જેવી સ્થિર સ્થિતિએ,આત્મ-નિષ્ઠ બની તે રહેવા લાગ્યો.

ત્યાં ઘણા કાળ સુધી તેણે આત્મ-સ્વ-રૂપ માં મન ને એકાગ્ર કરી સમાધિ કરી.
અને પછી સમાધિ દશામાંથી ઉઠી,આનંદ-પૂર્વક ફરી ગુરૂ પાસે આવીને,તે બુદ્ધિમાન શિષ્ય,
હર્ષ થી ગળગળો થઇ ગુરૂ ને પ્રણામપૂર્વક કહેવા લાગ્યો.  (૯૨૪-૯૨૫)

નિત્ય આનંદ-સ્વરૂપ, આપ ગુરુદેવ ને મારા વારંવાર નમસ્કાર હો,
સંગ નો ત્યાગ કરનાર,શાંત અને અહંભાવ ના ત્યાગી –એવા આપને મારા નમસ્કાર હો. (૯૨૬)

દયાના ધામ અને સર્વ થી શ્રેષ્ઠ આપણે મારા પ્રણામ હો, ખરેખર આપની મહિમા નો કોઈ પાર નથી,
કેમ કે આપના કૃપા-કટાક્ષ થી હું અદ્વૈત બ્રહ્મ જ થયો છું. (૯૨૭)

હું શું કરું? ક્યાં જાઉં?શું લઉં?અને શું ત્યજું? કારણકે –જેમ પ્રલય કાલે આખું વિશ્વ જળથી ભરાઈ જાય છે,
તેમ મારાથી જ જગત ભરાઈ ગયું છે. (૯૨૮)

સુખ અને જ્ઞાનના મહાસાગર-મારામાં-હજારો બ્રહ્માંડો-રૂપી પરપોટા,
માયામય પવન ને લીધે ઉત્પન્ન થી ને ફરી અદ્દશ્ય થાય છે. (૯૨૯)

હે,સદગુરૂ,આપની કૃપાથી હું અવિનાશી,આનંદ-સ્વરૂપ, હું જ આત્મા,હું પૂર્ણ,હું નિર્દોષ,અને
હું  કેવળ અદ્વૈત થયો છું. (૯૩૦)

હું અકર્તા છું,હું અભોક્તા છું,હું વિકાર-રહિત છું,હું ક્રિયા રહિત છું,કેવળ આનંદથી જ વ્યાપ્ત છું,સંગ-રહિત છું,
અને હું સદા-શિવ છું-સર્વકાળે મંગળ અને કલ્યાણ-રૂપ છું. (૯૩૧)

આપના કૃપા-કટાક્ષ-રૂપી શ્રેષ્ઠ ચંદ્રની ચાંદની,મારા પર પડી,તેથી સંસારના તાપથી થયેલો મારો શ્રમ દૂર થયો
છે.અને ક્ષણવાર માં અખંડ વૈભવ તથા આનંદમય અવિનાશી આત્મ-પદ ને પામ્યો છું. (૯૩૨)

જેમ મનુષ્યની છાયાને ગરમીનો,ઠંડીનો,સારી વસ્તુ નો,કે ખરાબ વસ્તુ નો સ્પર્શ થાય તો પણ,
મનુષ્ય ને કંઈ પણ સ્પર્શ કરતુ નથી,કેમ કે મનુષ્ય પોતાની છાયાથી વિલક્ષણ (જુદો) છે.
તે જ પ્રમાણે,સાક્ષી  આત્માને દૃશ્ય-એવા કોઈ પણ પદાર્થ ના ધર્મો સ્પર્શી શકતા નથી,
કેમ કે આત્મા એથી વિલક્ષણ (જુદો) જ છે.

વળી જેમ દીવાના પ્રકાશથી થતા ધર્મો દીવાની સાથે સંબંધ પામતા નથી,
તેમ દૃશ્ય કે કોઈ પણ વસ્તુ ના ધર્મ-આત્મા ના સાથે,સંબંધ પામતા નથી,
કેમ કે આત્મા વિકાર-રહિત અને ઉદાસીન છે.(તટસ્થ રહેનારો છે)  (૯૩૩-૯૩૪)

જેમ, હર કોઈ કર્મમાં --સૂર્યનું  જેવું સાક્ષી-પણું છે-ગરમ લોઢામાં રહેલ અગ્નિ જેવું દાઝવા-પણું છે,અને
દોરડીમાં ભ્રાંતિ થી કલ્પી કાઢેલી કોઈ વસ્તુ (સર્પ)નો જેવો સંગ છે,
તે જ પ્રમાણે,કુટસ્થ અને ચૈતન્ય-આત્મ-સ્વ-રૂપ મારું,
બધે સાક્ષી-પણું,પ્રકાશક-પણું અને નિઃસંગ-પણું છે.  (૯૩૫)

એમ કહી તે શિષ્યે ગુરુની સ્તુતિ કરી,વિનયથી પ્રણામ કર્યા અને પછી,
મુમુક્ષુઓ પર ઉપકાર કરવા માટે પૂછવાના પ્રશ્નો આ પ્રમાણે પૂછ્યા.
“હે,ભગવન,જીવન-મુક્ત નું,આત્મા ના અનુભવનું,તથા વિદેહ-મુક્ત નું લક્ષણ શું?
તે કૃપા કરી યથાર્થ મને કહો. (૯૩૬-૯૩૭)

ગુરુનો ઉત્તર-જ્ઞાન ની છ ભૂમિકાઓ

પ્રથમ તો હું તને જ્ઞાન ની સાત ભૂમિકાઓ નું લક્ષણ કહું છું.
કારણકે,તેં જે હમણાં મને પૂછ્યું,એ બધું જ્ઞાન થતા જણાઈ જાય છે.

(૧) શુભેચ્છા (૨) વિચારણા (૩) તનુમાનસી (૪) સત્ત્વાપત્તિ (૫) અસંસક્તિ
(૬) પદાર્થભાવના (૭) તુર્યગા   (૯૩૮-૯૪૦)

"શાસ્ત્રો અને સજ્જનો તો મારી સામે જોઈ રહ્યા છે.—છતાં હજુ  હું મૂઢ જ કેમ રહ્યો છું ?"
આવી વૈરાગ્યપૂર્વક ઈચ્છા થાય તેણે વિદ્વાનો **<u>"શુભેચ્છા"</u>** (શુભ-ઈચ્છા) કહે છે.  (૯૪૧)

શાસ્ત્રો અને સજ્જનો નો સંગ (સંબંધ) થવાથી,વૈરાગ્ય થાય અને તે પછી,
અભ્યાસ-પૂર્વક સદાચારમાં જે વૃત્તિ થાય,તેણે **<u>"વિચારણા"</u>** કહે છે.  (૯૪૨)

શુભેચ્છા અને વિચારણા (ઉપરની બે ભૂમિકાઓ) ના યોગ થી,ઇન્દ્રિયો ના વિષયો પર રાગ ના રહે અને,
'મન' ની સ્થિતિ એ વિષયો પર થી પાતળી પડી જાય,ત્યારે એ **<u>"તનુ-માનસી"</u>** કહેવાય છે. (૯૪૩)

ઉપરની ત્રણે ભૂમિકાઓના અભ્યાસથી,ચિત્તમાં પદાર્થો ઉપર વૈરાગ્ય થાય,અને તેને લીધે,
"શુદ્ધ-સત્વ-ગુણ-રૂપે" તે (મનુષ્ય) બની રહે,તે **<u>"સત્ત્વાપત્તિ"</u>** (સત્વ-આપત્તિ?) કહેવાય છે. (૯૪૪)

ઉપરની ચાર પ્રકારની ભૂમિકાઓના અભ્યાસથી,જેનામાં અસંગતતા –રૂપી ફળ થાય છે,અને
સત્વગુણ નો ચમત્કાર ખૂબ જામે છે,તે **<u>"અસંસક્તિ"</u>** નામેની જ્ઞાન-ભૂમિકા છે. (૯૪૫)

ઉપરની પાંચ ભૂમિકાઓના અભ્યાસથી,પોતાના આત્મામાં જ અતિશય રમણતા થાય છે,
બહાર ના કે અંદરના પદાર્થો જણાતા જ નથી,
અને બીજા કોઈ થોડા મનુષ્યોને ઘણો પ્રયત્ન કરે ત્યારે માંડમાંડ બહારના કે અંદરના પદાર્થો દેખાય છે,
આ **<u>"પદાર્થ-ભાવના"</u>** નામની છઠ્ઠી ભૂમિકા છે. (૯૪૬-૯૪૭)

ઉપરની છ ભૂમિકાઓનો લાંબો સમય અભ્યાસ કરવાથી,
કોઈ જાતનો "ભેદ" રહેતો (જણાતો) નથી,અને તેથી તેને  (મનુષ્યને)
કેવળ 'આત્મા-રૂપે' (અભેદ-રૂપે)  જ 'એક-નિષ્ઠા' પ્રાપ્ત થાય છે –આ **<u>"તુર્યગા"</u>** ભૂમિકા જાણવી.(૯૪૮)

**<u>અવસ્થાઓ</u>**

<u>જાગ્રત-માં ત્રણ અવસ્થાઓ</u>

(૧) દેખાતા સર્વ પદાર્થોમાં "આ મારું છે" એવી ભાવના જ ના રહે,તે **<u>"જાગ્રતમાં- જાગ્રત- અવસ્થા"</u>** છે.
એમ બ્રહ્મવેતાઓમાં શ્રેષ્ઠ પુરુષો કહે છે.
(૨) "દેખાતા પદાર્થો ની પરંપરા- સચ્ચિદાનંદ –મારામાં રહેલી છે" એમ જાણીને –
નામ-રૂપ નો ત્યાગ થઇ જાય –તે **<u>"જાગ્રતમાં-સ્વપ્ન-અવસ્થા"</u>** છે.
(૩) "પરિપૂર્ણ ચૈતન્યથી જ ચારે બાજુ પ્રકાશતા-ચિદાકાશ –મારામાં કેવળ જ્ઞાન-સ્વરૂપ વિના-
બીજું કંઈ નથી" એવા અનુભવને **<u>"જાગ્રતમાં-સુષુપ્તિ-અવસ્થા"</u>** કહે છે.  (૯૪૯-૯૫૧)

<u>સ્વપ્ન-માં ત્રણ અવસ્થાઓ</u>

(૧) "મારા મૂળ અજ્ઞાનનો નાશ થયો છે.તેથી કારણ-આભાસની ચેષ્ટાઓથી મને થોડું પણ બંધન નથી"
આવા અનુભવ ને-**<u>"સ્વપ્ન-જાગ્રત"</u>** અવસ્થા કહે છે.

(૨) અજ્ઞાન-રૂપ કારણ નો નાશ થવાથી,દ્રષ્ટા,દર્શન અને દૃશ્ય-રૂપ કોઈ કાર્ય જ રહ્યું નથી,
આવું જે જ્ઞાન છે તેને **"સ્વપ્ન-સ્વપ્ન"** અવસ્થા કહે છે.
(૩) અતિ સૂક્ષ્મ વિચારને લીધે પોતાની બુદ્ધિની વૃત્તિ,અચંચળ બની ને જયારે જ્ઞાન માં નાશ પામે છે,
ત્યારે તે અવસ્થા ને **"સ્વપ્ન-સુષુપ્તિ"** અવસ્થા કહે છે. (૯૫૨-૯૫૪)

સુષુપ્તિ-માં ત્રણ અવસ્થાઓ

(૧) ચૈતન્ય-મય આકાર વાળી બુદ્ધિ,તે બુદ્ધિની વૃત્તિના પ્રસારો સાથે,
કેવળ આનંદ ના અનુભવ-રૂપે જ પરિણમે-તેને **"સુષુપ્તિ- જાગ્રત"** અવસ્થા કહે છે.
(૨) લાંબા કાળથી અનુભવેલા અનાતારના આનંદાનુભવ-વાળી, સ્થિતિ જેનામાં હોય,અને
તેવી વૃત્તિ એકાત્મતા ને પામે,તે **"સુષુપ્તિ-સ્વપ્ન"** અવસ્થા કહેવાય છે.
(૩) આ આત્માની-દૃશ્ય વિશેની બુદ્ધિની વૃત્તિ- જયારે,કેવળ-એક-પણાની ભાવના-રૂપ બને, અને,
કેવળ 'એક' જ જ્ઞાન ની પ્રાપ્તિ થાય-તે **"સુષુપ્તિ-સુષુપ્તિ"** અવસ્થા કહેવાય. (૯૫૫-૯૫૭)

સર્વ અવસ્થાઓમાં કેવળ નિર્વિકાર-સ્વરૂપ, એક જ ધારા,પરબ્રહ્મ-રૂપે પ્રકાશે-
તે **"તુરીયા"** નામની અવસ્થા કહેવાય છે. (૯૫૮)

ઉપર જણાવેલી અવસ્થાઓ ના સ્વરૂપ ને બરાબર વિચારતો મનુષ્ય સુખી થઇ ને મુક્ત થાય છે.

શુભેચ્છા-વિચારણા-તનુમાનસી-એ પ્રથમ ની ત્રણ-જ્ઞાન-ભૂમિકાઓને "ભેદાભેદવાળી" કહી છે.
તેમાં જયારે ભેદ-બુદ્ધિ બરાબર હોય છે,ત્યારે તેને લીધે આ જગત "જાગ્રત-અવસ્થા-રૂપ" હોય છે.

પરંતુ,જયારે ચોથી ભૂમિકા (સત્ત્વાપત્તિ) નો ઉત્તમ યોગ થાય છે,અને,તેને લીધે અદ્વૈત સ્થિર થાય છે,
દ્વૈત સમી જાય છે,ત્યારે તે ભૂમિકા પર આરૂઢ થયેલા યોગીઓ જગત ને "સ્વપ્ન" જેવું જુએ છે.

પાંચમી ભૂમિકા (અસંસક્તિ) કે જેનું-સુષુપ્તિ-પદ-એવું બીજું નામ છે,એના પર આરૂઢ થઈને યોગી પુરુષ,
સમગ્ર વિશેષ અંશો ને શાંત થયેલા અનુભવે છે,ને કેવળ અદ્વૈત સ્વ-રૂપમાં સ્થિતિ કરે છે.

છઠ્ઠી ભૂમિકા (પદાર્થભાવના) પર આરૂઢ થયેલો યોગી,નિત્ય અંતર્મુખ જ રહે છે,તેથી,જાણે અત્યંત થાકીને,
ગાઢ નિંદ્રામાં પાડ્યો હોય તેવો જણાય છે,

આ છઠ્ઠી ભૂમિકા માં રહીને અભ્યાસ કરતો યોગી,સારી રીતે વાસના-રહિત થાય છે,અને પછી,અનુક્રમે,
તુરીયાવસ્થા-રૂપ સાતમી ભૂમિકા પર આવી પહોંચે છે.

એમાં પણ જે વિદેહ-મુક્ત થાય છે-તેને જ **"તુરીયાતીત દશા"** કહે છે. (૯૫૯-૯૬૪)

જયારે અસત્ ન જણાય ને સત્ પણ ના જણાય,અહંભાવ ન રહે અને અનહંભાવ પણ ના રહે,
મનન નાશ પામતાં,કેવળ અદ્વૈત સ્વરૂપમાં રહે,અત્યંત નિર્ભય થાય,
આકાશમાં રહેલા શૂન્ય ઘડાની પેઠે અંદર અને બહાર શૂન્ય બને,
સમુદ્રમાં રહેલા પૂર્ણ કળશની પેઠે,અંદર અને બહાર પણ પૂર્ણ બને,
આ બધું જગત,જેમ છે તેમ જ રહેલું હોઈ તેમાં બધો વ્યવહાર કરે, છતાં,
જેની દ્રષ્ટિએ બધું જ અસ્ત પામ્યું હોય,અને કેવળ આકાશ જ રહેલું હોય,
તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૬૫-૯૬૭)

જેના મનની લાગણી સુખમાં ઉદય પામતી નથી,અને દુઃખમાં અસ્ત પામતી નથી,પણ,
જે કંઈ પણ પ્રાપ્ત થયું છે તેમ-તેમાં જેની એક જ સ્થિતિ હોય, તે **"જીવનમુક્ત"** કહેવાય છે.(૯૬૮)

જે સુષુપ્તિમાં રહ્યો હોય,છતાં જાગે છે,જેને જાગ્રત અવસ્થા હોતી નથી,અને
જેનું જ્ઞાન વાસના-રહિત હોય, તે **"જીવનમુક્ત"** કહેવાય છે.(૯૬૯)

રાગ,દ્વેષ,ભય વગેરે ને અનુસરીને જે વર્તતો હોય,છતાં,
અંતઃકરણ માં આકાશ જેવો સ્વચ્છ હોય, તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૦)

જેનો ભાવ અહંકાર વાળો ન હોય અને કંઈ કરે કે ના કરે,છતાં,
જેની બુદ્ધિ લેપાતી નથી- તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૧)

જે સમગ્ર પદાર્થોમાં વ્યવહાર કરતો હોય,છતાં,શીતળ સ્વભાવનો રહે,અને સર્વ પદાર્થો પારકા જ છે,
એમ,તે પદાર્થો વિષે દૃષ્ટિ કરી,પૂર્ણાત્મા બને, તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૨)

જેનું ચિત્ત કોઈ પણ વિષયમાં વ્યાકુળ થયા વિના,કેવળ દ્વૈત રહિત અને પરમ પવિત્ર માત્ર-
ચૈતન્ય-રૂપ પદમાં જ વિશ્રાંતિ પામ્યું હોય, તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૩)

જેના ચિત્તમાં આ જગત,આ પદાર્થ કે પેલો પદાર્થ,અથવા,
અવાસ્તવિક સમગ્ર દૃશ્ય વસ્તુઓ,કદી સ્ફૂર્તિ નથી, તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૪)

"હું ચૈતન્ય-રૂપ આત્મા છું,હું પરમાત્મા છું,હું નિર્ગુણ છું,અને પરથી પણ પર છું "
એમ માત્ર આત્મા-રૂપે જ જે સ્થિતિ કરે - તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૫)

"હું ત્રણે દેહથી જુદો છું,હું શુદ્ધ ચૈતન્ય જ છું,અને હું બ્રહ્મ જ છું"
એમ જેના અંતરમાં નિરંતર વહ્યા કરે, તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૫)

જેની દ્રષ્ટિએ દેહ વગેરે કંઈ છે જ નહિ,પણ 'બધું જ બ્રહ્મ છે' એવો જેને નિશ્ચય થયો હોય,
તેમ જ પરમાનંદથી જે પૂર્ણ બન્યો હોય, તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૬)

"હું બ્રહ્મ છું,હું બ્રહ્મ છું,હું બ્રહ્મ છું,અને હું ચૈતન્ય છું,હું ચૈતન્ય છું"
આવો જેને નિશ્ચય થયો હોય તે - તે **"જીવનમુક્ત"** કહેવાય છે. (૯૭૮)

પોતાનું શરીર જયારે મૃત્યુ ને અધીન કરાય,(એટલે પોતાના શરીર નું મરણ થઇ ગયું છે તેવું જયારે ગણે)
ત્યારે,**"જીવનમુક્તિનું સ્થાન"** છોડીને જ્ઞાની પુરુષ,
"નિશ્ચળ-ભાવ ને પામેલા પવન" ની પેઠે,**"વિદેહ-મુક્તિ-પણું"** પામે છે. (૯૭૯)

પછી (શરીર ને મૃત્યુ ને અધીન કરી-વિદેહ-મુક્તિ પામ્યા પછી) એ,તે જ વસ્તુ-રૂપ બન્યો હોય છે કે-જે-
વાણી નો પણ અવિષય છે (તેના વિષે કંઈ બોલી શકાતું નથી)-તે,
શૂન્ય-વાદીઓ નું **શૂન્ય** છે,બ્રહ્મ-વેતાઓનું **બ્રહ્મ** છે,વિજ્ઞાન-વેતાઓનું **વિજ્ઞાન** છે,
મલિનોનો ના **મળ**-રૂપ છે,સાંખ્ય-દ્રષ્ટાઓનો **પુરુષ** છે,યોગ-વાદીઓ નો **ઈશ્વર** છે,
શિવ-શાસ્ત્ર માનનારાઓનો **શિવ** છે,અને કેવળ કાળને માનનારાઓ નો **કાળ** છે. (૯૮૦-૯૮૧)

<u>જે વસ્તુ **સર્વ-શાસ્ત્રો ના સિદ્ધાંત-રૂપ** છે,સર્વ ના હૃદયમાં રહેલ છે,સર્વ-સ્વ-રૂપ છે,અને સર્વ-વ્યાપી છે,</u>
<u>એ જ "તત્વ-રૂપે" એ **વિદેહ-મુક્ત** રહેલો હોય છે.</u> (૯૮૨)

<u>"હું બ્રહ્મ જ છું,હું ચૈતન્ય જ છું" એમ પણ જે- **"ન ચિંતવે",**</u>
<u>પરંતુ માત્ર **"ચૈતન્ય ના અંશ"** જેવો જ રહે----તે **વિદેહ-મુક્ત** જ છે.</u> (૯૮૩)

જેને પ્રપંધ નું ભાન ન હોય અને બ્રહ્માકાર પણ ન હોય,પરંતુ,
ભૂતકાળ ના ભાવ જેના જતા રહ્યા હોય,-----તે **વિદેહ-મુક્ત** જ છે. (૯૮૪)

જે ચિત્ત-વૃત્તિ થી પર થયો હોય,ચિત્ત-વૃત્તિ થી બીજાનો પ્રકાશક બન્યો હોય,અને
પોતે ચિત્ત-વૃત્તિ થી રહિત હોય,-------તે **વિદેહ-મુક્ત** જ છે. (૯૮૫)

<u>જે **"જીવાત્મા અને પરમાત્મા"--** એવા પ્રકારના,અથવા **"સર્વ પ્રકારના ચિંતનથી રહિત"** થયો હોય,</u>
<u>અને જેનું **સ્વ-રૂપ** સર્વ પ્રકાર ના **"સંકલ્પોથી ત્યજાયું"** હોય,તે **વિદેહ-મુક્ત** જ છે</u>. (૯૮૬)

જેનું સ્વરૂપ "<u>ૐકાર થી કહેવાતી વસ્તુથી</u>" રહિત હોય અથવા,<u>"સર્વ કહેવાતી વસ્તુઓથી</u> જુદું" હોય,
અને જેનો "આત્મા" <u>ત્રણે અવસ્થાઓથી રહિત</u> થયો હોય,તે **વિદેહ-મુક્ત** જ છે. (૯૮૭)

જેમ,સર્પની કાંચળી,સર્પથી છૂટી થઇ,જીવ વિનાની રાફડા પર પડી હોય,
ત્યારે સર્પ તે કાંચળી ને પોતાની માનતો નથી,
તે જ પ્રમાણે,જ્ઞાની પુરુષ,સ્થૂળ તથા સૂક્ષ્મ શરીર ને પોતાનું માનતો જ નથી,
કારણકે,પ્રત્યગાત્મા (આત્મા) ના <u>જ્ઞાન-રૂપ અગ્નિ થી,તેનું મિથ્યા-જ્ઞાન,કારણ સાથે નાશ પામ્યું હોય છે.</u>

વળી,તે<u> "નેતિ નેતિ" એવા અપવાદ-મય જ બને છે</u>.તેથી શરીર-રહિત થાય છે.
<u>વિશ્વ-તેજસ-અને પ્રાજ્ઞ-એ ત્રણ,</u>
<u>વિરાટ-હિરણ્યગર્ભ અને ઈશ્વર-એ ત્રણ,તેમજ</u>
<u>બ્રહ્માંડ-પિંડઅંડ-અને ભૂર –વગેરે બધા લોકો,</u>
<u>પોત-પોતાની ઉપાધિ નો વિલય થતાં, જ પ્રત્યગાત્મા (આત્મા) માં લય પામે છે,</u>

<u>એટલે પછી શાંત,શાંત અને શાંત-"સત્ય" જ બાકી રહે છે.બીજું કંઈ પણ હોતું નથી.</u> (૯૮૮-૯૯૨)

દેશ નો ભેદ-કાળ નો ભેદ-વસ્તુ નો ભેદ-એ બધા રૂપ ના જ ભેદ છે,
આત્મ-સ્વ-રૂપ નો કોઈ ભેદ જ નથી (ભેદ જેવી કોઈ વસ્તુ જ નથી) (૯૯૩)

"જીવ અને ઈશ્વર-આવાં વાક્ય વેદ-શાસ્ત્રોમાં છે,પણ તેમાં "હું" એવું ચૈતન્ય જ છે,અને
આ બધું ચૈતન્ય જ છે અને "હું" એ પણ ચૈતન્ય જ છે"---
<u>**આવા "નિશ્ચય" થી પણ જે "શૂન્ય" થયો હોય-તે વિદેહ-મુક્ત છે**</u>.

વસ્તુ-રૂપે અને અવસ્તુ-રૂપે પણ એ સાક્ષાત-બ્રહ્મ જ છે,તે બ્રહ્મ-વિદ્યા નો વિષય છે,
તે સત્ય-જ્ઞાન અને સુખ-રૂપ છે,વળી એ પર-બ્રહ્મ,શાંત અને સર્વ થી પર કહેવાય છે. (૯૯૪-૯૯૬)

<u>સર્વ વસ્તુઓ નો **“અપહ્નવ”** (એટલે દ્રશ્ય માત્ર ને મિત્ય સ્વરૂપે દૂર કરી દેવું) એ</u>
<u>અધ્યાત્મ-શાસ્ત્ર નો સિદ્ધાંત છે.</u>
<u>આમાં અવિદ્યા નથી અને માયા પણ નથી.એ અવિદ્યા અને માયા વિનાનું શાંત-**બ્રહ્મ**-જ છે.</u> (૯૯૭)

પોતાને પ્રિય હોય –તેઓમાં પુણ્ય નો,તથા પોતાને અપ્રિય હોય- તેઓમાં પાપનો –ત્યાગ કરી-
(આમ પાપ-પુણ્ય નો ત્યાગ કરી) જ્ઞાની પુરુષ,ધ્યાન-યોગ વડે,સનાતન-બ્રહ્મ ને જ પામે છે. (૯૯૮)

હે,સદબુદ્ધિવાળા શિષ્ય,જેટલું જેટલું તું પોતાની મેળે સારી રીતે ત્યજવા લાગે,
તેટલું તેટલું અને બધું ત્યજાયા બાદ -પરમાનંદ -પરમાત્મા રૂપે જ બાકી રહે છે. (૯૯૯)

પરમ અક્ષર-અવિનાશી સ્વ-રૂપ ને જાણનારો જ્ઞાની,
જ્યાં (જ્યાં-પણ) મરણ પામ્યો હોય,ત્યાં સદા પર-બ્રહ્મ માં જ લય પામે છે.
તેણે ફરી સંસારમાં આવવાનું રહેતું નથી, (૧૦૦૦)

“જે જે પોતાની મનગમતી વસ્તુ હોય,તેનો ત્યાગ કરતો જ્ઞાની,મોક્ષ ને પામે છે.
અસંકલ્પ-રૂપ શાસ્ત્ર થી આ ચિત્ત જયારે કપાઈ જાય છે,ત્યારે સર્વ-કંઈ સર્વ-વ્યાપી શાંત બ્રહ્મ બની રહે છે.”

ગુરૂ નાં વાક્યો સાંભળી શિષ્ય ના સંશયો છેદાઈ ગયા અને “જ્ઞેય” વસ્તુ તેને જણાઈ ગઈ.
પછી સદગુરૂ ના ચરણ-કમળમાં તેણે સારી રીતે પ્રણામ કર્યા,એટલે તેમણે તેને રજા આપી.
પછી તે બંધન-રહિત થઇ ને ત્યાંથી વિદાય થયો. (૧૦૦૧-૧૦૦૩)

ગુરૂ પણ આનંદ-સમુદ્ર માં સદા મગ્ન મનવાળા રહી,કોઈને કંઈ ઉત્તર આપ્યા વિના આખી પૃથ્વી ને પવિત્ર કરતાં વિચરવા લાગ્યા. (૧૦૦૪)

એ પ્રમાણે મુમુક્ષુઓને સુખેથી બોધ થાય,તે માટે,
ગુરૂ-શિષ્ય ના સંવાદથી આત્મા નું લક્ષણ જણાવ્યું છે. (૧૦૦૫)

“સર્વ-વેદાંત-સિદ્ધાંત-સાર-સંગ્રહ” નામનો આ ગ્રંથ,
સજ્જનો ના હૃદય ની અજ્ઞાન-રૂપ ગાંઠ ને કાપવા માટે રચ્યો છે. (૧૦૦૬)

<u>**સર્વ-વેદાંત-સિદ્ધાંત-સાર-સંગ્રહ---સમાપ્ત**</u>